Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષા પ્રવેશ

(વ્યાકરણ અને લેખન)

ભાગ બીજો

વકીલ અને શાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या...... 66 ग
89 II

पञ्जिका संख्या...... 28502 (2)

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારી કેળવણી ખાતાએ નિયત કરેલા ૧૯૪૯ના નવા અભ્યાસક્રમ પ્રમાણે

ગુજરાતી ભાષા-પ્રવેશ

(વ્યાકરણ અને લેખન)

स्थाक प्रमाणीकरण १९८४-१९८५

ભાગ બીજો

ધોરણ છઠ્ઠા માટે

With Best Compliments
from the publishers

કર્તા

રમણલાલ નરહરિલાલ વકીલ, એમ. એ.
આચાર્ય, મોડર્ન સ્કૂલ, મુંબઈ-૪.

અને

પુરુષોત્તમ છગનલાલ શાહ, એમ. એ., બી. ટી.
નિર્મળ નિવાસ, ઘોડદોડ રસ્તે, વડોદરા.

★

CHECKED 1973
Initial

પ્રકાશક
મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ
નાણાવટ · સૂરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ
તરફથી
નવનીતલાલ બાલુભાઈ બુકસેલર,
નાણાવટ • સૂરત

पुस्तक सं०
आगत सं०
तिथि०
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

પ્રકાશનના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

પ્રથમ આવૃત્તિ, ૧૯૫૧

*

મુદ્રક
વસંતલાલ રામલાલ શાહ
પ્રગતિ મુદ્રણાલય
ખપાટિયા ચકલા, સૂરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

'**ભાષા-પ્રવેશ**'નું આ બીજું પાઠ્ય પુસ્તક એના પુરોગામી (ભાગ પહેલા)ની પ્રસ્તાવનામાં આલેખેલાં ધ્યેય અને યોજનાને અનુસરી તૈયાર કર્યું છે. એ ધ્યેય અને યોજના ધ્યાનમાં રાખી આ પુસ્તક શીખવવા વિનંતી છે.

અભ્યાસક્રમમાં કેટલાક નવા વિષયો ઉમેરાયા છે. પણ મુખ્યત્વે ગત વર્ષના વિષયોનું પુનરાવર્તન કરાવવાનું ઠરેલું છે. આ બંને તત્ત્વોનો મેળ સાચવીને પાઠો યોજ્યા છે. એમાં ગત વર્ષ કરતાં વિદ્યાર્થીએ કરવાનું કામ ઘણું વધારે છે. વિદ્યાર્થીને જેમ વધારે કામ કરાવવામાં આવશે તેમ તેને વધારે લાભ થશે.

વ્યાકરણના પાઠો પુસ્તકમાં આપેલા ક્રમે જ શીખવવા ખાસ ભલામણ છે.

બાળકોના પ્રચલિત ભાષાદોષો સુધારવામાં તથા તે વધતા અટકાવવામાં મદદરૂપ થાય એવી વિગતો આ પુસ્તકમાં પ્રસંગોપાત્ત આપી છે. તેમાં ઉચ્ચારનું તત્ત્વ વધુ મહત્ત્વનું છે. જોડણી માટે, અર્થગ્રહણ માટે અને વાણીની શિષ્ટતા ખીલવવા માટે શુદ્ધ ઉચ્ચાર કરવાની બાળકોને ટેવ પાડવી જોઈએ. શબ્દનો **ઉચ્ચાર**, તેની **જોડણી**, તેનો **અર્થ** અને **ઉપયોગ**- આ ચાર તત્ત્વો ઉપર બાળકને કાબૂ આવે તો જ શબ્દથી બાળકની ભાષાસમૃદ્ધિ વધે. શબ્દનાં વ્યાકરણી સ્વરૂપોને પણ આ નિયમ લાગુ પડે છે. સ્વભાષામાં બાળક આ બધું જાણતો હોય છે અથવા પોતાની મેળે શીખશે, એમ માની તે પ્રત્યે બેદરકાર કે ઉદાસીન રહેવાની આપણા શિક્ષણમાં પ્રથા છે. તે જવી જોઈએ. અને જે જાણવા જેવું છે તે બધું જ શીખવવાની રીતિ સ્વીકારવી જોઈએ.

વિભક્તિનો વિષય બાળક સમક્ષ પહેલી વાર રજૂ થતો હોવાથી તેને માટે વધુ જગા રોકી છે. આ ભાગમાં માત્ર વિભક્તિના પ્રત્યયો જ શીખવાના છે. પરંતુ પ્રત્યયો **અર્થસંબંધ** સૂચવે છે, એ હકીકતનું બાળકને શરૂઆતથી જ ભાન કરાવવાથી આગળ લાભ થશે. માટે આ મુદ્દા ઉપર બાળકના ગજા પ્રમાણે ભાર મૂકતા રહેવું જોઈએ. આ દૃષ્ટિએ વિભક્તિના પાઠોમાં **અર્થસંબંધ**ની પ્રાથમિક સમજ આપી છે. એ જ રીતે કૃદંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ક્રિયાપદનું આ કક્ષાની મર્યાદા ધ્યાનમાં રાખી કંઈક વિગતથી નિરૂપણ કર્યું છે.

સ્વાધ્યાયોમાં પદોની ઓળખ આપતાં બાળક કોઠાપદ્ધતિનો ઉપયોગ કરતું થાય, એ માટે ખાસ આગ્રહ રાખ્યો છે. એનાથી પદો ઓળખવામાં ઝડપ વધશે અને પદચ્છેદ માટે ભૂમિકા તૈયાર થશે.

લેખન વિભાગમાં ગત વર્ષના લેખનપ્રકારોનું ફરીથી નિરૂપણ કરેલું છે. પરંતુ બાળકની વધતી જતી ઉંમર અને તેના અનુભવને અનુરૂપ લેખનવસ્તુ પસંદ કરવાની દૃષ્ટિ રાખેલી છે. લેખનના નમૂના વાંચતાં બાળકને પોતાના અનુભવો યાદ આવે, જૂની લાગણીઓ તાજી થાય, નવું જાણવાની જિજ્ઞાસા થાય, અને એ બધું લેખનમાં ઉતારવાની હોંશ થાય—એ રીતે પાઠો યોજ્યા છે. પાઠમાં આપેલા નમૂનાનો પોતાની લેખનકળા ખીલવવામાં ઉપયોગ કરતાં બાળકને શીખવવું, એ કર્તવ્ય શિક્ષકે બજાવવાનું છે. એ હેતુથી લેખનના નમૂનાનો અભ્યાસ કરાવવો, એની ખૂબીઓ અને ખામીઓ બતાવવી, અને સ્વાધ્યાયના પ્રશ્નોની મદદથી સ્વતંત્ર લેખન કરવા બાળકોને પ્રેરવાં. માત્ર પરીક્ષામાં જ નહિ, પણ જીવનના વ્યવહારમાં બાળક જે કંઈ લખે તે શુદ્ધ, શિષ્ટ અને કળામય હોય, એ માટે સતત આગ્રહ રખાવો જોઈએ. તો જ લેખન-પ્રવૃત્તિનું ધ્યેય સિદ્ધ થશે. આ માટે પુસ્તકમાં પુષ્કળ સામગ્રી છે. શિક્ષકને પોતાની રુચિ પ્રમાણે નમૂના પસંદ કરવાનો અવકાશ રહે અને પુનરાવર્તનનો હેતુ પણ સચવાય, એ માટે એક જ લેખનપ્રકારના એકથી વધારે નમૂના આપ્યા છે. તે સાથે જ પાઠોની ગોઠવણ ચડતે ક્રમે, વિવિધતા અને રસ જળવાય એ રીતે કરેલી છે. આથી લેખનના પાઠો આપેલા ક્રમે શીખવાશે તો પણ લાભ થશે.

જીવનના વ્યવહારમાં ભાષાસર્જન લેખિત કરતાં મૌખિક વધારે થાય છે, એ હકીકત ઉપર ધ્યાન આપતા રહેવાની જરૂર છે. આ કારણે શિક્ષણના સમયપત્રકમાં જેમ લેખનનો સમય નિયત હોય છે તેમ જ મૌખિક ભાષાસર્જનનો સમય પણ નિયત રાખવાની પ્રથા હોવી જોઈએ. તે ઉપરાંત ભાષાશિક્ષણના દરેક વિભાગમાં મૌખિક અને લેખિત સ્વાધ્યાયોનું પ્રમાણ સાચવતા રહેવું જોઈએ. લેખનકાર્ય આપતા પહેલાં તેની પૂર્વ તૈયારી રૂપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૌખિક ચર્ચા કરવાનો રિવાજ રાખવો જોઈએ. તે ચર્ચા ધ્યેયપૂર્વક થાય અને નિયત સમયમાં પૂરી થાય, એવી પદ્ધતિ ખીલવવી જોઈએ. બાળકનાં લખાણમાં જે જે ભૂલો થવાનો સંભવ હોય તે તે ભૂલો અટકાવવા સંજોગો પ્રમાણે સલાહ કે ચેતવણી આપતા રહી, લખાણ અને તેટલું સ્વચ્છ, સુઘડ અને ઓછી ભૂલોવાળું થાય એ રીતે લખવાની બાળકને ટેવ પાડવી જોઈએ.

અભ્યાસક્રમના એક અંગ તરીકે જાહેર ચર્ચા વિશે ત્રણ પાઠો આ પુસ્તકમાં આપ્યા છે. તે પાઠોનો ક્રમ છેલ્લો છે. પરંતુ એ વિષયને લેખનનો જ એક પ્રકાર ગણી, વર્ષની શરૂઆતથી જ ચર્ચાસભાની સ્થાપના અને તેનું કામ શરૂ કરી દેવાં જોઈએ.

એ જ રીતે પુસ્તકને છેડે કેટલાક અગત્યના શબ્દોની જોડણી આપી છે. તેનો ઉપયોગ કરવાની બાળકોને પહેલી તકે ટેવ પાડવી જોઈએ.

બાળકો થોડું લખે, પણ સારું લખે. અને તેઓ જે લખે તે શિક્ષકો સુધારે, તો જ લેખનપ્રવૃત્તિ પાછળની મહેનત ફળે. લેખનકામ શિક્ષકો જ સુધારી શકે એમ નથી, બાળકો પણ એ કામ કરી શકે છે. શિક્ષકો એ કામમાં બાળકોનો સહકાર મેળવતા રહે તો તેથી પણ બાળકોને લાભ જ થશે. આ પદ્ધતિ અજમાવવાથી લેખનપ્રવૃત્તિ રસમય બનશે અને ભાષા-શિક્ષણની પ્રગતિમાં વેગ આવશે.

પહેલા ભાગની પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે આ પુસ્તક બદલાયેલા દેશકાળની વધતી જતી જરૂરિયાતોને લક્ષમાં રાખી, પ્રયોગદૃષ્ટિએ યોજેલું છે. તે વાપરતાં જે કંઈ દોષો માલૂમ પડે અને સારામાઠા અનુભવો થાય તે કર્તાઓને જણાવવામાં આવશે તો તે પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવવામાં કામ લાગશે.

ધી મૉડર્ન સ્કૂલ,
સિક્કાનગર, મુંબઈ–૪,
૨૧મી ઑગસ્ટ, ૧૯૫૧

ર. ન. વકીલ
પુ. છ. શાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

વ્યાકરણ

પાઠ		પાનું
૧	વાક્ય, શબ્દ અને અક્ષર	૧
૨	મૂળાક્ષરો અને જોડાક્ષરો	૪
૩	સ્વરસંધિ	૯
૪	નામના પ્રકાર	૧૪
૫	નામ—વિભક્તિ (૧)	૧૯
૬	નામ—વિભક્તિ (૨)	૨૪
૭	સર્વનામના પ્રકાર	૨૭
૮	સર્વનામ અને વિશેષણની વિભક્તિ	૩૨
૯	વિરામચિહ્નો	૩૬
૧૦	કૃદંતના પ્રકાર	૪૦
૧૧	કૃદંતના ઉપયોગ	૪૪
૧૨	ક્રિયાપદ—ધાતુ અને રૂપ	૪૮
૧૩	ક્રિયાપદ—કાળના પ્રકાર	૫૨
૧૪	ક્રિયાપદના અર્થ	૫૬
૧૫	ક્રિયાપદના પ્રકાર	૬૦
૧૬	કર્તરિ અને કર્મણિ પ્રયોગો	૬૬
૧૭	અવ્યય અને તેના પ્રકાર	૭૦
૧૮	વાક્ય—પદચ્છેદ	૭૫
૧૯	વાક્ય—પૃથક્કરણ	૭૯

લેખન

૧	રમતની હરીફાઈ ગોઠવવા બાબત પત્ર	૮૫
૨	ન્યાયી રાજા (મુદ્દાઓ ઉપરથી વાર્તા)	૮૬
૩	સિંહ (વર્ણનાત્મક નિબંધ)	૮૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ વિરામચિહ્નો—(૧)	૯૨
૫ વર્ષગાંઠના દિવસની રોજનીશી	૯૩
૬ પ્રવાસે જવા વિશે મિત્રને પત્ર	૯૪
૭ શબ્દના રૂઢ પ્રયોગો	૯૫
૮ બાજી પ્રભુ (કથાકાવ્ય ઉપરથી વાર્તા)	૯૭
૯ મધમાખ (વર્ણનાત્મક નિબંધ)	૯૯
૧૦ રજાઓના છેલ્લા દિવસની રોજનીશી	૧૦૨
૧૧ વિરામચિહ્નો—(૨)	૧૦૩
૧૨ રઘા પટેલને ખેતરે (કથનાત્મક નિબંધ)	૧૦૪
૧૩ અભિનંદનપત્ર	૧૦૫
૧૪ સંપ એ જ બળ (કહેવત ઉપરથી વાર્તા)	૧૦૭
૧૫ કેટલાક રૂઢ પ્રયોગો	૧૦૯
૧૬ ચિત્રવર્ણન	૧૧૧
૧૭ હું પંખી હોઉં તો ? (કલ્પનાત્મક નિબંધ)	૧૧૨
૧૮ મારી રોજનીશીનું એક પાનું	૧૧૪
૧૯ ઋતુઓ વિશે સંવાદ	૧૧૬
૨૦ પરગામ જતા વિદ્યાર્થીનો વર્ગશિક્ષકને પત્ર	૧૧૮
૨૧ વિરામચિહ્નો—(૩)	૧૧૯
૨૨ ઉજાણીનો દિવસ (કથનાત્મક નિબંધ)	૧૨૦
૨૩ પુસ્તકોની માગણી કરતો પત્ર	૧૨૩
૨૪ સૉક્રેટીસની સહનશીલતા (વાર્તાનું સારલેખન)	૧૨૪
૨૫ થોડા વધુ રૂઢ પ્રયોગો	૧૨૬
૨૬ ગૌતમ બુદ્ધ (ચરિત્રાત્મક નિબંધ)	૧૨૭
૨૭ નિમંત્રણપત્રિકા	૧૩૦
૨૮ એક બાલવીરની દૈનિક નોંધ	૧૩૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯ મારા ગામનું મંદિર (વર્ણનાત્મક નિબંધ) ૧૩૩
૩૦ રૂ. ૩૦ મોકલી આપવા પિતાને વિનંતી કરતો પત્ર ૧૩૫
૩૧ ચર્ચાસભા ૧૩૬
૩૨ ચર્ચાની તૈયારી—(૧) ૧૩૮
૩૩ ચર્ચાની તૈયારી—(૨) ૧૪૧
૩૪ કેટલાક અગત્યના શબ્દોની જોડણી ૧૪૬

*

શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૭	૯	દ + દ = દ	દ્ + દ્ = દ્ ....
૭	૧૦	દ	દ્ ....
૮	૧૭	ઝ્	ઝ્
૮	૧૮	ગ	ગ્
૩૩	૧૮	મોટા છોકરાં(ઓ)	મોટા છોકરા(ઓ)
૪૫	૨	કરેલું	કરવું
૬૭	૭	વાંચ્યાં	વાંચ્યા
૧૦૭	૮	તેમ	તેમની
૧૨૪	૧૨	ગુસ્તે	ગુસ્સે

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ

*

પાઠ પહેલો

વાક્ય, શબ્દ અને અક્ષર

[૧]

નીચેના પૈકી કયું લખાણ વાક્ય કહેવાય? શાથી?

(૧) કપડાં નવાં છગન
(૨) છગન નવાં કપડાં
(૩) છગન નવાં કપડાં પહેરે છે.
(૪) છગનનવાંકપડાંપહેરેછે.

ત્રીજું લખાણ વાક્ય કહેવાય, કારણ કે તે વાંચતાં તરત જ અર્થ પૂરેપૂરો સમજાય છે.

પહેલામાં માત્ર ત્રણ છૂટા શબ્દો છે. તે દરેકનો છૂટો છૂટો અર્થ થાય, પણ તેમને સાથે વાંચવાથી કોઈ ચોક્કસ અર્થ નીકળતો નથી. બીજામાં એ જ શબ્દોનો ક્રમ બદલ્યો છે. તેથી તે સાથે વાંચતાં કંઈક અર્થ નીકળે છે. પણ તે અર્થ અધૂરો લાગે છે. આવા અધૂરા અર્થવાળા શબ્દોને શબ્દસમૂહ કહે છે.

ત્રીજામાં એ જ શબ્દસમૂહ સાથે ક્રિયાપદ જોડયું છે અને તેને છેડે પૂર્ણવિરામ મૂકયું છે. તેથી અર્થ પૂરેપૂરો સમજાય છે. એવા પૂરેપૂરા અર્થવાળા શબ્દસમૂહને વાક્ય કહે છે.

ચોથામાં એ જ વાકયના શબ્દો એકબીજાને જોડીને લખેલા છે. તેથી તેનો અર્થ સહેલાઈથી સમજાતો નથી. અર્થ સમજવા માટે શબ્દો છૂટા પાડી વાંચવું પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાક્ય બનાવવા માટે કર્તા અને ક્રિયાપદ એવા ઓછામાં ઓછા બે શબ્દો જોઈએ. કર્તા પહેલો આવે અને ક્રિયાપદ છેલ્લું આવે, એવો સામાન્ય નિયમ છે. કર્તા અને ક્રિયાપદની વચ્ચે બીજા શબ્દો એવી રીતે ગોઠવવા જોઈએ કે તે વડે અર્થ સહેલાઈથી સમજાય.

વાક્યના શબ્દોને એ પ્રમાણે ગોઠવીએ એટલું જ બસ નથી. તે શબ્દો છૂટા લખવા જોઈએ અને છેલ્લા શબ્દ પછી અર્થના પ્રકાર પ્રમાણે પૂર્ણવિરામ, પ્રશ્નચિહ્ન કે ઉદ્ગારચિહ્ન મૂકવું જોઈએ. એમ કરીએ ત્યારે જ વાક્ય બને.

[૨]

હવે આ અક્ષરો એકે એકે વાંચો. અર્થ સમજાય છે?

બા પા મે વો ર મ ક ડાં

બા પા—એ બે અક્ષરોનો અર્થ સમજાય છે, બીજાનો અર્થ સમજાતો નથી.

બબ્બે અક્ષરો સાથે વાંચીએ તો આમ વંચાય—બાપા, મેવો, રમ, કડાં. આ બધાનો અર્થ સમજાય છે.

ત્રણ ત્રણ અક્ષરો સાથે વાંચીએ તો—બાપામે, વોરમ, કડાં. આમાંથી માત્ર છેલ્લાનો અર્થ સમજાય છે.

આ રીતે એક, બે, ત્રણ કે તેથી વધુ અક્ષરો સાથે વાંચવાથી કેટલાકમાંથી અર્થ સમજાય છે અને કેટલાકમાંથી અર્થ સમજાતો નથી.

જે અક્ષર કે અક્ષરો સાથે વાંચવાથી અર્થ સમજાય તે અક્ષર કે અક્ષરોને શબ્દ કહે છે.

બા, પા, બાપા, મેવો, રમકડાં—એ દરેક શબ્દ છે.

મે, વો, ર, મ, ક, ડાં, બાપામે, વોરમ—એમાંનો એકે ય શબ્દ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દના અક્ષરો એકબીજાને જોડીને લખાય છે.

વાક્યના શબ્દો છૂટા લખાય, પણ શબ્દના અક્ષરો ભેગા લખાય.

[૩]

આ અક્ષરોમાં શો ફેર છે?

પ્, પ, પા, પી.

એ અક્ષરો આ રીતે બનેલા છે:—

પ્ = મૂળ અક્ષર; પ = પ્ + અ;
પા = પ્ + આ; પી = પ્ + ઈ.

મૂળ અક્ષર પ્ છે. તેમાં અ, આ, ઈ, એ અક્ષરો ભળવાથી પ, પા, પી એ અક્ષરો બને છે.

આ ઉપરથી જોઈ શકાય છે કે શબ્દોમાં અને વાક્યોમાં વપરાતા અક્ષરો એક કે તેથી વધુ અક્ષરોના બનેલા હોય છે.

જે અક્ષર વડે બીજા અક્ષર બને છે તે અક્ષર મૂળાક્ષર (એટલે મૂળ અક્ષર) કહેવાય છે.

ઉપરનાં અક્ષરોમાં આ મૂળાક્ષરો વપરાયા છે:—પ્, અ, આ, ઈ.

અક્ષરને વર્ણ પણ કહે છે.

સ્વાધ્યાય

૧ વાક્ય ઓળખવાની નિશાનીઓ ગણાવો.

૨ નીચેનાં વાક્ય કહેવાય કે નહિ, તેની ચર્ચા કરો:—

(ક) સવારે પંખીઓ ગાય છે.
(ખ) મીની બારીમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ગ) નર્મદકવિ હતો.

(ઘ) ચોપડી વાંચે છે.

(ઙ) જા ખા બેસ

૩ નીચેનામાંથી જે શબ્દો હોય તે જુદા કાઢીને લખો :—

(અ) વદ, વક, વદન, નદવ, વંદન

(આ) પખણ, ખમણ, મખણ, માખણ

(ઇ) કર, ફરક, સરક, સરકસ, કરકસર

૪ નીચેના શબ્દોમાંથી અક્ષરો લઈ બીજા શબ્દો બનાવો :—

રાજગઢ, દવાખાનું, દલપતરામ

પાઠ બીજો

મૂળાક્ષરો અને જોડાક્ષરો

[૧]

નીચેના અક્ષરો બોલીને વાંચો :—

(૧) અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ

(૨) ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, ચ્, છ્, જ્, ઝ્, ઞ્,
ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ત્, થ્, દ્, ધ્, ન્,
પ્, ફ્, બ્, ભ્, મ્, ય્, ર્, લ્, વ્, શ્,
ષ્, સ્, હ્, ળ્.

(૧)ના અક્ષરો સહેલાઈથી બોલાય છે. તે દરેક અક્ષરને સ્વર કહે છે. સ્વરની સંખ્યા ૧૧ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)ના અક્ષરો સહેલાઈથી બોલાતા નથી. ક્, ખ્, ગ્ ને બદલે ક્અ, ખ્અ, ગ્અ અથવા અક્, અખ્, અગ્, બોલીએ તો તે સહેલાઈથી બોલાય છે. એટલે (૨) ના અક્ષરો એવા છે કે તે બોલવા માટે તેમાં સ્વર ભેળવવા પડે છે. તે દરેક અક્ષરને વ્યંજન કહે છે. વ્યંજનની સંખ્યા ૩૪ છે.

[૨]

આ શબ્દો વાંચોઃ—અંબાજી, આંકલાવ, ઈંડું, એંસી.

અં, આં, ઈં, એં—આ અક્ષરો બોલતાં નાકમાંથી અવાજ નીકળે છે. તે અવાજ બતાવવા અક્ષરને માથે ટપકું (ં) કરેલું છે. આ અવાજ સ્વરના અવાજ પછી નીકળે છે. તેથી તે બતાવનાર નિશાનીને અનુસ્વાર (ં) કહે છે.

હવે આ વાંચો:—

દુખ	દુઃખ
અંતકરણ	અંતઃકરણ
અધપતન	અધઃપતન

બીજા ખાનાના શબ્દો બોલતાં શ્વાસ મૂકવો પડે છે, તેથી હ્ જેવો અવાજ થાય છે. તે અવાજ બતાવવા બે ટપકાં (:) કરેલાં છે. તે નિશાનીને વિસર્ગ કહે છે. અનુસ્વારની માફક વિસર્ગનો અવાજ પણ સ્વરના અવાજ પછી નીકળે છે.

આ રીતે ૧૧ સ્વર, ૧ અનુસ્વાર, ૧ વિસર્ગ અને ૩૪ વ્યંજનો —એમ કુલ ૪૭ મૂળ અક્ષરો છે. તે દરેકને મૂળાક્ષર કહે છે.

[૩]

આ સ્વરો બોલી જુઓઃ—અ, આ; ઇ, ઈ; ઉ, ઊ; ઋ.

અ, ઇ, ઉ, ઋ—આ સ્વરો બોલતાં ટૂંકો અવાજ નીકળે છે. તેથી તે દરેકને હ્રસ્વ સ્વર કહે છે. (હ્રસ્વ=ટૂંકો).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ, ઈ, ઊ—આ સ્વરો બોલતાં અવાજ લંબાય છે. તેથી તે દરેકને દીર્ઘ સ્વર કહે છે. (દીર્ઘ=લાંબો).

[૪]

આ અક્ષરો વાંચો :—ક્, ક, કા, કિ, કી, કુ, કૂ, કૃ, કે, કૈ, કો, કૌ, કં, કઃ

ક્—એ મૂળ વ્યજન છે. તેની નીચે ત્રાંસી લીટી કરેલી છે. એને ખોડો અથવા અર્ધો વ્યંજન કહે છે. દરેક મૂળ વ્યંજન એ રીતે લખાય છે.

ક્ માં અ ભળતાં ક બને છે. એટલે કે તેની નીચેની ત્રાંસી લીટી કમી કરવામાં આવે છે. ક્ માં આ ભળતાં કા થાય છે. એટલે કે તેની નીચેની ત્રાંસી લીટી કમી કરી, તેની આગળ કાનો (ા) લગાડવામાં આવે છે. આ રીતે ક્ માં સ્વરો તથા અનુસ્વાર અને વિસર્ગ ભેળવતાં ક, કા, કિ, કી વગેરે અક્ષરો બને છે. તે બધા ઉપર આપ્યા છે. એ પ્રમાણે દરેક વ્યંજનમાંથી અક્ષરો બને છે.

[૫]

આ શબ્દો બોલોઃ—નક્કર, ધિક્કાર, શક્તિ.

દરેક શબ્દમાં મોટો અક્ષર બે અક્ષરો જોડીને બનાવેલો છે અને તેમાં સ્વર ભળેલો છે :—

ક્ક = ક્ + ક્ + અ; ક્કા = ક્ + ક્ + આ; ક્તિ = ક્ + ત્ + ઇ. દરેકમાં પહેલા બે વ્યંજનો છે અને છેલ્લો સ્વર છે. બે વ્યંજનો વચ્ચે સ્વર નથી.

આ રીતે જ્યારે બે વ્યંજનો સાથે આવે અને તેમની વચ્ચે સ્વર ન હોય, ત્યારે તે બે વ્યંજનો જોડાઈને એક બેવડો વ્યંજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બને છે. એવા બેવડા વ્યંજનને જોડાક્ષર (જોડેલો અક્ષર) કહે છે. જોડાક્ષર મૂળ વ્યંજનની માફક બોડો લખાય છે. તેમાં સ્વરો ભળતાં તેમાંથી પણ મૂળ વ્યંજનની માફક અક્ષરો બને છે.

જોડાક્ષર વ્યંજનોનો જ બને, સ્વરોનો નહિ.

[૬]

નીચેના શબ્દો બોલો અને તેમાંના જોડાક્ષરો કયા કયા વ્યંજનોના બનેલા છે તે તપાસો :—

(૧) ઉત્તમ, ઉત્પત્તિ	ત્ + ત્ = ત્ત્ + અ = ત્ત
(૨) સદ્ગુણ, તદ્દન	દ્ + દ્ = દ્દ્ + અ = દ્દ
(૩) અદ્ધર, બુદ્ધિ	દ્ + ધ્ = દ્ધ્ + અ = દ્ધ
(૪) નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય	શ્ + ચ્ = શ્ચ્ + અ = શ્ચ, શ્ચ, શ્ચ

કેટલાક જોડાક્ષરો બનતાં મૂળ વ્યંજનોનું રૂપ બદલાય છે અને કેટલાકમાં તે બદલાતું નથી. તેથી દરેક જોડાક્ષર કયા કયા વ્યંજનોનો બનેલો છે અને તે કેવી રીતે લખાય છે, તે જાણવું જોઈએ.

[૭]

આ શબ્દો બોલો અને તેમાંના જોડાક્ષરો તપાસો :—

(૧) વર્ષ, આશ્ચર્ય	વ + ર્ + ષ = ર્ષ (ર્ અર્ધો છે.)
(૨) પ્રચાર, છિદ્ર	પ્ + ર = પ્ર
ત્રણ, હ્રસ્વ	ત્ + ર = ત્ર; હ્ + ર = હ્ર
શાસ્ત્ર, સ્ત્રી	સ્ + ત્ = સ્ત્ + ર = સ્ત્ર

(પ્ર, ત્ર, હ્ર, સ્ત્ર — એમાં ર આખો છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) સૃષ્ટિ, હૃદય, દૃષ્ટિ, — એમાં સ્, હ અને દ માં ઋ સ્વર ભળેલો છે. તેથી તે જોડાક્ષરો નથી. 'દૃ' માં દ ને માથે ઋ લગાડેલું છે.

(૪) ગુરુ, ગુરુ; રૂઢિ, રૂઢિ, રૂઢિ — એમાં ર્ માં ઉ ને ઊ સ્વરો ભળેલા છે. તેથી તે જોડાક્ષરો નથી. (ર્ + ઉ = રુ, રુ; ર્ + ઊ = રૂ, રૂ, રૂ)

[૮]

આ શબ્દો બોલો અને તેમાંના જોડાક્ષરો તપાસો :—

(૧) પદ્ય; પદ્મ	દ્ + ય્ = દ્ય્ + અ = દ્ય; દ્ + મ્ = દ્મ્ + અ = દ્મ
(૨) અસહ્ય; બ્રાહ્મણ	હ્ + ય્ = હ્ય્ + અ = હ્ય; હ્ + મ્ = હ્મ્ + અ = હ્મ
(૩) ચિહ્ન; પ્રહ્લાદ	હ્ + ન્ = હ્ન્ + અ = હ્ન; હ્ + લ્ = હ્લ્ + અ = હ્લ

હ્ય, હ્મ, હ્ન, હ્લ—એમાં હ્ અર્ધો છે અને તે પહેલો બોલાય છે.

[૯]

આ શબ્દો બોલો અને તેમાંના જોડાક્ષરો તપાસો :—

(૧) અક્ષર, લક્ષ્મણ	ક્ + ષ્ = ક્ષ્ + અ = ક્ષ; ક્ષ્ + મ = ક્ષ્મ
(૨) યજ્ઞ, જ્ઞાન	જ્ + ઞ્ = જ્ઞ્ + અ = જ્ઞ; જ્ઞ્ + આ = જ્ઞા
(૩) લગ્ન, શત્રુઘ્ન	ગ્ + ન્ = ગ્ન્ + અ = ગ્ન; ઘ્ + ન્ = ઘ્ન્ + અ = ઘ્ન

ક્ષ, જ્ઞ, ગ્ન, ઘ્ન—આ જોડાક્ષરોનો તફાવત ધ્યાનમાં રાખો.

સ્વાધ્યાય

૧ મૂળાક્ષરો કેટલા છે? કયા કયા?

૨ અનુસ્વાર અને વિસર્ગ વાપરીને ત્રણ ત્રણ શબ્દો લખો.

૩ નીચેના શબ્દોના અક્ષરોમાંથી મૂળાક્ષરો છૂટા પાડો :—

ઉપયોગી, દૂધ, ચંદુ, ઔષધિ, એરંડો, દુઃશાસન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ નીચેના શબ્દો શુદ્ધ ઉચ્ચાર કરી બોલો :—

અંત્યજ, અનુકૂળ, અત્યંત, નીતિ, નીરોગી, નિઃસંશય, અળખામણો

૫ નીચેના શબ્દોમાંથી જોડાક્ષર ઓળખો :—

કર્તવ્ય, ચક્ર, મુદ્દલ, રક્ષણ, કરુણા, મૃગલી, નિઃશ્વાસ, સદ્વૃત્તિ, જ્ઞાનેશ્વર, સ્વપ્નદ્રષ્ટા

૬ પ્રશ્ન **૫** ના જોડાક્ષરોમાંથી વ્યંજન અને સ્વર છૂટા પાડો.

૭ નીચેના અક્ષરો જોડી શબ્દો બનાવો :—

હ્ + ઇ, મ્ + આ, લ્ + અ, ય; આ, ઇ, સ, ક્ + ર્ + ઈ, મ; ન્ + ય્ + આ, ય્ + આ, ધ્ + ઈ, શ

પાઠ ત્રીજો

સ્વરસંધિ

[૧]

નીચે પહેલા ખાનામાં આપેલા શબ્દો ઉતાવળે બોલી જુઓ. તે બીજા ખાનાના શબ્દો જેવા બોલાશે :—

મહા આત્મા	મહાત્મા
હરિ ઇચ્છા	હરીચ્છા
સૂર્ય ઉદય	સૂર્યોદય
અતિ આચાર	અત્યાચાર
અધ શેર	અચ્છેર

ઉતાવળે બોલતાં બે શબ્દોના અક્ષરો જોડાઈ એક શબ્દ બને છે. તેમાં પહેલા શબ્દનો છેલ્લો અક્ષર અને બીજા શબ્દનો પહેલો અક્ષર જોડાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે બે અક્ષર જોડાવાની ક્રિયાને સંધિ કહે છે.

જોડાક્ષરમાં પણ બે અક્ષરો જોડાય છે. પણ તેમાં મૂળ અક્ષરો બદલાતા નથી. સંધિમાં બે અક્ષરો જોડાતાં કોઈ વાર એક નવો અક્ષર બને છે અને કોઈ વાર મૂળ અક્ષરો બદલાય છે. એ રીતે જોડાક્ષરમાં ને સંધિમાં ફેર છે.

ઉપરના દાખલામાં પહેલા ચાર શબ્દોમાં બે સ્વરોની સંધિ થાય છે. એને સ્વરસંધિ કહે છે. છેલ્લા શબ્દમાં બે વ્યંજનોની સંધિ થાય છે. એને વ્યંજનસંધિ કહે છે.

આ પાઠમાં આપણે સ્વરસંધિ શીખીશું.

[૨]

(૧) નીચેના શબ્દોમાં કયા કયા સ્વરો જોડાય છે, અને તે સ્વરો જોડાતાં કયા કયા નવા અક્ષરો બને છે, તે ધ્યાનપૂર્વક તપાસો :—

રામ + અવતાર = રામાવતાર	અ + અ = આ
ફળ + આહાર = ફળાહાર	અ + આ = આ
વિદ્યા + અર્થી = વિદ્યાર્થી	આ + અ = આ
મહા + આત્મા = મહાત્મા	આ + આ = આ

અહીં અ અને આની સંધિ બતાવી છે. તે ઉપરથી સમજાય છે કે અ ને આ સાથે આવે તો તેમની સંધિ આ થાય.

(૨) હવે આ શબ્દોની સંધિ તપાસો :—

હરિ + ઇચ્છા = હરીચ્છા	ઇ + ઇ = ઈ
પરિ + ઈક્ષા = પરીક્ષા	ઇ + ઈ = ઈ
યોગી + ઇન્દ્ર = યોગીન્દ્ર	ઈ + ઇ = ઈ
સતી + ઈશ = સતીશ	ઈ + ઈ = ઈ

અહીં ઇ (હ્રસ્વ) અને ઈ (દીર્ઘ) ની સંધિ બતાવી છે. તે ઉપરથી સમજાય છે કે 'ઇ' (હ્રસ્વ) ને ઈ (દીર્ઘ) સાથે આવે તો તેમની સંધિ ઈ (દીર્ઘ) થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) તે જ રીતે આ શબ્દોની સંધિ તપાસો :—

ગુરુ + ઉત્તમ = ગુરૂત્તમ	ઉ + ઉ = ઊ
સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ	ઉ + ઊ = ઊ

અહીં ઉ ને ઊની સંધિ બતાવી છે. તે ઉપરથી સમજાય છે કે ઉ ને ઊ સાથે આવે તો તેમની સંધિ ઊ થાય.

[૩]

(૧) નીચેના શબ્દોની સંધિ તપાસો :—

શુભ + ઇચ્છા = શુભેચ્છા	અ + ઇ = એ
પરમ + ઈશ્વર = પરમેશ્વર	અ + ઈ = એ
રાજા + ઈશ્વર = રાજેશ્વર	આ + ઈ = એ

આ બતાવે છે કે અ કે આ પછી ઇ કે ઈ આવે તો તેમની સંધિ એ થાય.

(૨) સૂર્ય + ઉદય = સૂર્યોદય	અ + ઉ = ઓ
આનંદ + ઊર્મિ = આનંદોર્મિ	અ + ઊ = ઓ
મહા + ઉદધિ = મહોદધિ	આ + ઉ = ઓ

આ બતાવે છે કે અ કે આ પછી ઉ કે ઊ આવે તો તેમની સંધિ ઓ થાય.

(૩) સપ્ત + ઋષિ = સપ્તર્ષિ	અ + ઋ = અર્
રાજા + ઋષિ = રાજર્ષિ	આ + ઋ = અર્

આ બતાવે છે કે અ કે આ પછી ઋ આવે તો તેમની સંધિ અર્ થાય.

(૪) સદા + એવ = સદૈવ	આ + એ = ઐ
માનવ + ઐક્ય = માનવૈક્ય	અ + ઐ = ઐ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બતાવે છે કે અ કે આ પછી એ કે ઐ આવે તો તેમની સંધિ ઐ થાય.

(૫) મહા+ઓજસ્વી=મહૌજસ્વી	આ + ઓ = ઔ
વન + ઔષધિ = વનૌષધિ	અ + ઔ = ઔ

આ બતાવે છે કે અ કે આ પછી ઓ કે ઔ આવે તો તેમની સંધિ ઔ થાય.

[૪]

નીચેના શબ્દોની સંધિ તપાસો :—

પીત + અંબર = પીતાંબર	અ + અં = આં
ગીતા + અંજલિ = ગીતાંજલિ	આ + અં = આં
ક્રીડા + આંગણ = ક્રીડાંગણ	આ + આં = આં

આ બતાવે છે કે બે સ્વરોની સંધિ થતાં. જો બીજા સ્વર ઉપર અનુસ્વાર હોય તો તે અનુસ્વાર સંધિથી બનેલા નવા અક્ષરને લાગે છે.

[૫]

આ શબ્દો જુઓ :—છોકરાએ, છોકરીઓએ, મગનભાઈએ. આ શબ્દોમાં બે કે ત્રણ સ્વર સાથે આવેલા છે, છતાં તેમની સંધિ થતી નથી. એ બતાવે છે કે બે સ્વરો સાથે આવતાં હમેશાં તેમની સંધિ થતી નથી. માત્ર કેટલાક શબ્દોમાં જ સ્વરસંધિ થાય છે.

જે શબ્દોમાં સ્વરસંધિ થાય છે તે શબ્દો ઘણું કરીને સંસ્કૃત ભાષાના હોય છે. આ પાઠમાં આપેલા સ્વરસંધિવાળા શબ્દો પણ સંસ્કૃત ભાષાના છે. તે બધા આપણી ગુજરાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષામાં પણ વપરાય છે. તેથી તેમની સંધિના નિયમો જાણવાની જરૂર છે. સંધિના નિયમો જાણવાથી શબ્દોના અર્થ સમજવામાં મદદ થાય છે.

આ પાઠમાં સ્વરસંધિના સહેલા નિયમો બતાવ્યા છે. બીજા નિયમો તમે આગળ જતાં શીખશો.

સ્વાધ્યાય

૧ સ્વરો લખો અને તેમાંના હ્રસ્વ સ્વર નીચે એક લીટી દોરો અને દીર્ઘ સ્વર નીચે બે લીટી દોરો.

૨ નીચેના શબ્દોની સ્વરસંધિ કરો :—

મિષ્ટ + અન્ન, સૂર્ય + અસ્ત, મહા + આશય, હિમ + આલય, અનાથ + આશ્રમ, અમૃત + અંજન, દયા + આનંદ, દેવી + ઇચ્છા, ભાનુ + ઉદય, મંત્રી + ઈશ્વર

૩ નીચેના શબ્દો બબ્બે શબ્દો જોડાઈને બનેલા છે. તે શબ્દો છૂટા પાડો :—

પંચામૃત, નળાખ્યાન, મિથ્યાભિમાન, ગોળાકાર, વિદ્યાલય, ગૃહસ્થાશ્રમ, મયૂરાસન, જ્યોતીંદ્ર, નારીશ્વર, વીરાંગના

૪ નીચેના શબ્દોની સ્વરસંધિ કરો :—

પરિ + ઈક્ષક, રાજા + ઇન્દ્ર, પર + ઉપકાર, રમા + ઈશ, દેશ + ઉન્નતિ, હૃદય + ઊર્મિ, બ્રહ્મા + ઋષિ, વિશ્વ + એકતા, જ્વર + ઔષધ, નયન + ઇન્દુ

૫ નીચેના શબ્દો બબ્બે શબ્દોના બનેલા છે. તે શબ્દો છૂટા પાડો :—

હર્ષાશ્રુ, પ્રાણાર્પણ, ગ્રામોદ્ધાર, અતિશયોક્તિ, દેવર્ષિ, પરમાનંદ, ચંદ્રોદય, માનવેન્દ્ર, દશાનન, દિનેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચોથો

નામના પ્રકાર

[૧]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) **ગાય** ગરીબડું પ્રાણી છે.

(૨) રબારીએ **ગાય** પાળી છે.

(૩) એ ગાયને **ગંગા** કહે છે.

મોટા અક્ષરવાળું દરેક પદ નામ છે. **એનાથી એક પ્રાણી** ઓળખાય છે.

જે પદથી પ્રાણી, પદાર્થ, ગુણ, લાગણી, ક્રિયા કે સ્થિતિ ઓળખાય તે પદ નામ કહેવાય.

[૨]

પહેલા વાક્યમાં 'ગાય' એટલે કોઈ પણ ગાય — ગાયની જાતનાં તમામ પ્રાણી. એટલે બધી ગાયો ગરીબડી હોય છે, એવો અર્થ છે. **બીજા વાક્યમાં** એક જ ગાય એવો અર્થ છે.

આ રીતે 'ગાય' એ નામથી ગાયની આખી જાતિ ઓળખાય છે, તેમ જ તેમાંની એક વ્યક્તિ પણ ઓળખાય છે.

જે નામથી પ્રાણી કે પદાર્થની આખી જાતિ ઓળખાય તેમ જ તેમાંની એક વ્યક્તિ પણ ઓળખાય, તે નામને **જાતિવાચક અથવા સામાન્ય નામ** કહે છે. 'ગાય' એ જાતિવાચક અથવા સામાન્ય નામ છે. ‡

‡ સંખ્યા, વજન, માપ, અંતર, સમય, રોગ, વગેરેનાં નામ–જાતિવાચક નામ ગણાય છે. દા. ત.—કરોડ, મણ, ગજ, ગાઉ કલાક, તાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા વાક્યમાં 'ગંગા' એ રબારીની ગાયનું ખાસ નામ છે. બીજી ગાયોમાંથી રબારીની ગાયને ઓળખવા એ ખાસ નામ પાડેલું છે.

એક પ્રાણી કે પદાર્થને બીજાં પ્રાણી કે પદાર્થથી છૂટું પાડી ઓળખવા પાડેલા ખાસ નામને **સંજ્ઞાવાચક** અથવા **વિશેષ** નામ કહે છે. 'ગંગા' એ સંજ્ઞાવાચક અથવા વિશેષ નામ છે.*

[૩]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં નામોનો અર્થ વિચારો :—

(૧) પૂનમે અમે **મેળો** જોવા જઈશું.

(૨) મેદાનમાં **લશ્કર** કવાયત કરે છે.

(૩) ગાયોનું **ધણ** સીમમાં ગયું.

મેળો—એટલે ઘણાં માણસોનો સમૂહ. લશ્કર—એટલે ઘણા સૈનિકોનો સમૂહ. ધણ—એટલે ઘણી ગાયોનો સમૂહ. આ રીતે કેટલાંક નામો સમૂહ બતાવે છે, છતાં એક જ જણ માટે વપરાયાં હોય એમ લાગે છે.

જે નામ આખા સમૂહને ઓળખાવે તેને **સમૂહવાચક** નામ કહે છે. મેળો, લશ્કર, ધણ–એ દરેક સમૂહવાચક નામ છે. સમૂહવાચક નામ આખા સમૂહને જ લાગુ પડે છે, સમૂહમાંની એક વ્યક્તિને નહિ.

હવે આ નામો જુઓ :—

(૧) જુવાર, બાજરી, ચોખા, ઘઉં — આ અનાજનાં નામ છે.

* વાર, માસ, પર્વ, વગેરેનાં નામ સંજ્ઞાવાચક નામ ગણાય છે. દા. ત.—રવિવાર, આસો, દિવાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) પાણી, દૂધ, ઘી, ગોળ, માટી, રૂ — આ પદાર્થનાં નામ છે.

(૩) સોનું, ચાંદી, તાંબું, પિત્તળ — આ ધાતુનાં નામ છે.

આ નામો એવાં છે કે તેમાંથી બીજી ચીજો બની શકે છે. તેમને સંખ્યાથી નહિ, પણ વજનથી માપી શકાય છે. તે ઘણું કરીને એકવચનમાં વપરાય છે. માત્ર અનાજનાં નામ મોટે ભાગે બહુવચનમાં વપરાય છે.

આવાં અનાજ, પદાર્થ અને ધાતુનાં નામોને દ્રવ્યવાચક નામ કહે છે. દ્રવ્યવાચક નામ આખા જથાને તેમ જ તેના ભાગને પણ લાગુ પડે છે.

સમૂહવાચક નામ અને દ્રવ્યવાચક નામ એ જાતિવાચક નામના જ પેટા પ્રકાર છે.

[૪]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદોનો અર્થ વિચારો :—

(૧) શેરડી ગળી હોય છે.	(૧) શેરડીમાં ગળપણ હોય છે.
(૨) લીંબુ ખાટું હોય છે.	(૨) લીંબુમાં ખટાશ હોય છે.
(૩) કાગડો ચતુર હોય છે.	(૩) કાગડામાં ચતુરાઈ હોય છે.

ગળી, ખાટું, ચતુર — એ પદો ગુણ બતાવે છે. તેમને વિશેષણ કહે છે. ગળપણ, ખટાશ, ચતુરાઈ — એ પદો ગુણનાં નામ છે. આવાં નામ ઇંદ્રિયોથી ઓળખાતાં નથી, પણ મનથી એટલે વિચાર કરવાથી ઓળખાય છે.

હવે આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદોનો અર્થ વિચારો :

(૧) બાળક રમે છે.	(૧) બાળક રમત કરે છે.
(૨) તે પાનાં ગણે છે.	(૨) તે પાનાંની ગણતરી કરે છે.
(૩) તે ખાદી વેચે છે.	(૩) તે ખાદીનું વેચાણ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમે છે, ગણે છે, વેચે છે—આ દરેક પદ ક્રિયા બતાવે છે અને વાક્યનો અર્થ પૂરો કરે છે. તેમને ક્રિયાપદ કહે છે.

રમત, ગણતરી, વેચાણ—આ દરેક પદથી ક્રિયા ઓળખાય છે. તે દરેક 'કરે છે' ક્રિયાપદનું કર્મ છે. તેથી તે દરેક નામ છે. આવાં નામ ઇંદ્રિયોથી નહિ, પણ મનથી ઓળખાય છે.

એ જ રીતે આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં નામોનો અર્થ વિચારો :—

(૧) તે મારા પર **વહાલ** રાખે છે.
(૨) તેને જોઈ મને **દયા** આવી.
(૩) તે વાત વાતમાં **ગુસ્સો** કરે છે.

(૧) **ગરીબાઈ** કોઈને ગમે નહિ.
(૨) દેશની **આબાદી** થવી જોઈએ.
(૩) ઉનાળામાં **તરસ** વધારે લાગે છે.

વહાલ, દયા, ગુસ્સો—એ લાગણીનાં નામ છે. ગરીબાઈ, આબાદી, તરસ—એ સ્થિતિનાં નામ છે. આવાં નામ પણ ઇંદ્રિયોથી નહિ, પણ મનથી ઓળખાય છે.

જે નામ મનથી એટલે વિચાર કરવાથી ઓળખાય તેને ભાવવાચક નામ કહે છે. ગુણ, ક્રિયા, લાગણી અને સ્થિતિ બતાવતાં નામ ભાવવાચક નામ છે. ભાવવાચક નામ એકવચનમાં વપરાય છે.§

[૫]

આ રીતે નામના પાંચ પ્રકાર છે :—જાતિવાચક કે સામાન્ય, સંજ્ઞાવાચક કે વિશેષ, સમૂહવાચક, દ્રવ્યવાચક અને ભાવવાચક.

§ રમવું, બોલવું, ગણવું—એ અને બીજાં કૃદંતો પણ નામ તરીકે વપરાય છે. તે **ભાવવાચક નામ** ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોમાંથી નામો ઓળખો અને તેમના પ્રકાર કહો:—

(ક) પેલો કંદોઈ સારો માલ વાપરી મીઠાઈ બનાવે છે.
(ખ) પૂના જાઉં છું ત્યારે મને રાયગઢ સાંભરે છે.
(ગ) બહારવટિયાને પકડવા પલટણ તૈયાર થઈ.
(ઘ) આગ્રે વન છે. તેનાં વૃક્ષો નીચે મુસાફરો આરામ લે છે.
(ઙ) મકાન જૂનું હતું, પણ તેનું ચણતર ચૂનાનું હતું.

૨ નીચેના શબ્દો ઉપરથી માગ્યા પ્રમાણે નામ આપો :—

(અ) નદી, દેવ, પર્વત (વિશેષ નામ આપો.)
(આ) રાતું, કડક, ડાહ્યો (ભાવવાચક નામ આપો.)
(ઇ) ચડવું, નાચવું, કૂદવું (,,)

૩ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ નામો મૂકો અને તેમના પ્રકાર ઓળખો :—

(ક) અમારી ______ અમને રોજ ______ કહે છે.
(ખ) ______ શરૂ થયો એટલે તેણે ______ ઉઘાડી.
(ગ) નાનાં ______ નવરાં પડે ત્યારે ______ કરે છે.
(ઘ) આપણે ______ દેશના ______ છીએ.
(ઙ) અમારા ______ માં દ્રાક્ષની ______ લટકે છે.

૪ નીચેના ફકરામાં વપરાયેલાં નામોની કોઠામાં બતાવ્યા પ્રમાણે વિગતવાર ઓળખ આપો :—ડોસી સમજી કે જાગરણ થશે ને છોકરાઓ પર ચોકી રહેશે. બીજી પડોશણો પણ આવી. ને ખડકી બંધ કરી તેમણે ભજન ગાવા માંડ્યાં.

કોઠો આ પ્રમાણે દોરવો

નામ	પ્રકાર	જાતિ	વચન	શું કામ કરે છે ?
ડોસી	જાતિવાચક નામ	નારી	એકવચન	'સમજી'નો કર્તા છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ પાંચમો

નામ—વિભક્તિ (૧)

[૧]

નીચેનું વાંચો. કઈ લીટીનો અર્થ પૂરેપૂરો સમજાય છે?

(૧) કનુ પુસ્તક કબાટ મૂક્યું છે.

(૨) કનુએ પુસ્તકને કબાટમાં મૂક્યું છે.

બીજી લીટીનો અર્થ પૂરેપૂરો સમજાય છે. પહેલી લીટીમાં 'કનુ, પુસ્તક, કબાટ' એ શબ્દોનો 'મૂક્યું છે' એ ક્રિયાપદ સાથેનો સંબંધ સ્પષ્ટ નથી. એ જ શબ્દોને એ, ને, માં, એવા અક્ષરો લગાડવાથી બીજી લીટીમાં તેમનો ક્રિયાપદ સાથેનો સંબંધ સ્પષ્ટ થાય છે અને વાક્યનો અર્થ નક્કી થાય છે.

નામ કે સર્વનામના ક્રિયાપદ સાથેના તેમ જ બીજા નામ સાથેના આવા અર્થસંબંધને વિભક્તિ કહે છે. અને નામ કે સર્વનામને લાગેલા વિભક્તિ બતાવનાર અક્ષરને વિભક્તિનો પ્રત્યય કહે છે.

આ પાઠમાં આપણે નામની વિભક્તિઓ અને તેમના પ્રત્યયો શીખીશું.

[૨]

આ વાક્યોમાં નામોને ક્રિયાપદ સાથે શો સંબંધ છે?

(૧) નારણ આવે છે.

(૨) રમા વાજું વગાડે છે.

(૩) વીણા સુરેશને રમાડે છે.

નારણ, રમા, વીણા—એ દરેક નામને ક્રિયાપદ સાથે કર્તાનો સંબંધ છે. એ નામોને પ્રત્યય લાગેલો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામના ક્રિયાપદ સાથેના કર્તા તરીકેના સંબંધને **પહેલી વિભક્તિ** કહે છે. પહેલી વિભક્તિનો પ્રત્યય નથી.

વાજું, સુરેશને—એ દરેક નામને ક્રિયાપદ સાથે કર્મનો સંબંધ છે. 'વાજું' એ નામને પ્રત્યય લાગેલો નથી. 'સુરેશને' એમાં 'સુરેશ' શબ્દને ને પ્રત્યય લાગેલો છે.

આ રીતે નામના ક્રિયાપદ સાથેના કર્મ તરીકેના સંબંધને **બીજી વિભક્તિ** કહે છે. બીજી વિભક્તિનો પ્રત્યય કોઈ વાર હોતો નથી, અને કોઈ વાર 'ને' હોય છે.

[૩]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં નામોનો ક્રિયાપદ સાથેનો સંબંધ વિચારો :—

(૧) કઠિયારો **કુહાડીએ** ઝાડ કાપે છે.

(૨) **કઠિયારાએ** **કુહાડીએ** ઝાડ કાપ્યું.

કુહાડીએ—એટલે કુહાડી નામના સાધન વડે. એટલે એ નામને ક્રિયાપદ સાથે સાધનનો સંબંધ છે. સાધનનો સંબધ બતાવવા 'કુહાડી' શબ્દને એ પ્રત્યય લાગેલો છે.

કઠિયારાએ—એટલે કાપવાની ક્રિયા કરનાર કઠિયારો છે, એવો અર્થ છે. એટલે એ નામને ક્રિયાપદ સાથે કર્તાનો સંબંધ છે. કર્તાનો સંબંધ બતાવવા 'કઠિયારો' શબ્દને એ પ્રત્યય લાગેલો છે. પ્રત્યય લાગતાં મૂળ શબ્દનું રૂપ બદલાયું છે. 'કઠિયારોએ' એમ નહિ, પણ 'કઠિયારાએ' એમ બોલાય છે. 'કઠિયારે' એવું રૂપ પણ વપરાય છે.

આ રીતે નામના ક્રિયાપદ સાથેના સાધન તરીકેના તથા કર્તા તરીકેના સંબંધને **ત્રીજી વિભક્તિ** કહે છે. ત્રીજી વિભક્તિનો પ્રત્યય **એ** છે. તે ઉપરાંત **થી**, **થકી**, **વડે**—પણ ત્રીજી વિભક્તિના પ્રત્યયો તરીકે વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં નામોનો ક્રિયાપદ સાથે કેવો સંબંધ છે?

(૧) બા બચુને ચેવડો આપે છે.

(૨) અશોક ભરતને વાર્તા કહે છે.

પહેલા વાક્યમાં ક્રિયાપદ દ્વિકર્મક છે. બા આપનાર (કર્તા) છે. ચેવડો આપવાની વસ્તુ (પ્રધાન કર્મ) છે. અને બચુ લેનાર કે મેળવનાર (ગૌણ કર્મ) છે. 'બચુને' એ નામને ક્રિયાપદ સાથે લેનાર કે મેળવનારનો (ગૌણ કર્મનો) સંબંધ છે. તે સંબંધ 'ને' પ્રત્યયથી બતાવેલો છે.

બીજા વાક્યમાં પણ એ જ રીતે 'ભરતને' એ નામને ક્રિયાપદ સાથે ગૌણ કર્મનો સંબંધ છે. અને તે સંબંધ 'ને' પ્રત્યયથી બતાવેલો છે.

નામના ક્રિયાપદ સાથેના લેનાર કે મેળવનાર તરીકેના (ગૌણ કર્મના) સંબંધને **ચોથી વિભક્તિ** કહે છે. ચોથી વિભક્તિનો પ્રત્યય ને છે. તે ઉપરાંત -ને માટે, -ને કાજે, -ને વાસ્તે, -ને સારુ—એ દરેક પણ ચોથી વિભક્તિના પ્રત્યય તરીકે વપરાય છે.

[૫]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં નામોનો ક્રિયાપદ સાથેનો સંબંધ જુઓ :—

(૧) મહમદ **મુંબઈથી** કરાંચી જાય છે.

(૨) મકાન **જમીનથી** પચીસ ફૂટ ઊંચું છે.

મુંબઈથી—એટલે મુંબઈ છોડીને, મુંબઈથી છૂટો પડીને.
જમીનથી—એટલે જમીનથી શરૂ કરીને, છૂટું પડીને.

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નામોનો ક્રિયાપદ સાથેનો સંબંધ 'છૂટું પડવું' એવો અર્થ બતાવે છે. એ અર્થ થી પ્રત્યયથી બતાવેલો છે.

નામના ક્રિયાપદ સાથેના 'છૂટું પડવું' એવા અર્થસંબંધને **પાંચમી વિભક્તિ** કહે છે. પાંચમી વિભક્તિનો પ્રત્યય **થી** છે. તે ઉપરાંત થકી પણ પાંચમી વિભક્તિના પ્રત્યય તરીકે વપરાય છે.

[૬]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં નામોનો ક્રિયાપદ સાથેનો સંબંધ તપાસો :—

(૧) **ઘરમાં** બાળક રમે છે.
(૨) **અગાસીએ** મોર બેઠો છે.
(૩) **માથે** ટોપી પહેરો.

ઘરમાં, અગાસીએ, માથે—એ દરેક નામ ક્રિયા ક્યાં થાય છે તે બતાવે છે. તેને માટે નામને **માં**, **એ**, એવા પ્રત્યયો લાગેલા છે.

નામના ક્રિયાપદ સાથેના ક્રિયાનું સ્થળ બતાવનાર અર્થસંબંધને **સાતમી વિભક્તિ** કહે છે. સાતમી વિભક્તિનો પ્રત્યય **માં** અથવા **એ** છે.

[૭]

આ રીતે પહેલી પાંચ અને સાતમી—એમ છ વિભક્તિઓ નામનો ક્રિયાપદ સાથેનો સંબંધ બતાવે છે. તેથી તે દરેકને **કારક વિભક્તિ** કહે છે. કારક એટલે ક્રિયા કરાવનાર, ક્રિયા સાથે સંબંધ રાખનાર.

સ્વાધ્યાય

૧ નામનો ક્રિયાપદ સાથેનો સંબંધ બતાવનાર વિભક્તિઓ કેટલી છે ? કઈ કઈ ?

૨ તે વિભક્તિઓને શું કહે છે ? તે દરેકનો પ્રત્યય અને અર્થસંબંધ દર્શાવતો કોઠો બનાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ કઈ કઈ વિભક્તિ કર્તાનો સંબંધ બતાવે છે ?

૪ 'ને' અને 'એ' કઈ કઈ વિભક્તિના પ્રત્યયો છે ?

૫ બીજી, પાંચમી અને સાતમી વિભક્તિ કેવા કેવા સંબંધ બતાવે છે ? તે દરેકના પ્રત્યયો લખો.

૬ નીચેનાં વાક્યોમાં વપરાયેલા દરેક નામના પ્રત્યય અને વિભક્તિ ઓળખો અને તેનો ક્રિયાપદ સાથેનો સંબંધ બતાવો. છેડે આપેલા નમૂના પ્રમાણે કોઠામાં એ વિગતો ભરો.

(ક) ઘોડો ઘાસ ખાય છે.
(ખ) કમાટને તાળું વાસેલું છે.
(ગ) બાળક પારણામાં ઊંઘે છે.
(ઘ) શિકારી પંખીને તીર મારે છે.
(ઙ) સુથારે દોરીએ લાકડું માપ્યું.
(ચ) સૂરતથી ગાડી વડોદરે ગઈ.

વાક્યનો ક્રમાંક	નામ	પ્રત્યય	વિભક્તિ	ક્રિયાપદ સાથેનો સંબંધ
૧	ઘોડો	(નથી)	પહેલી	કર્તાનો સંબંધ છે.
	ઘાસ	(નથી)	બીજી	કર્મનો ,, ,,
૨				

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ છઠ્ઠો

નામ—વિભક્તિ (૨)

[૧]

આ વાક્યમાં મોટા અક્ષરવાળા નામને કયા પદ સાથે સંબંધ છે?—**નરેંદ્રનો** ભાઈ આવે છે.

'નરેંદ્રનો' એ નામને તેની નજીકના નામ (ભાઈ) સાથે સંબંધ છે, ક્રિયાપદ સાથે સંબંધ નથી. આ સંબંધ નો પ્રત્યયથી બતાવેલો છે.

એક નામના બીજા નામ સાથેના સંબંધને છઠ્ઠી વિભક્તિ કહે છે. છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય નો છે.

હવે આ વાક્યોમાં છઠ્ઠી વિભક્તિના પ્રત્યયનાં રૂપો જુઓ:–

(૧) **નરેંદ્રનો** ભાઈ આવે છે.	(૧) **નરેંદ્રના** ભાઈઓ આવે છે.
(૨) **નરેંદ્રની** બહેન આવે છે.	(૨) **નરેંદ્રની** બહેનો આવે છે.
(૩) **નરેંદ્રનું** ઘર રંગેલું છે.	(૩) **નરેંદ્રનાં** ઘરો રંગેલાં છે.

નજીકના નામનાં જાતિ–વચન બદલાતાં 'નરેંદ્રનો' એ નામમાંના છઠ્ઠી વિભક્તિના પ્રત્યયનું રૂપ વિકારી વિશેષણની માફક બદલાયું છે. આ રીતે છઠ્ઠી વિભક્તિના પ્રત્યયનાં રૂપ બદલાઈને આવાં થાય છે: **નો, ની, નું, ના, નાં.**

આ કારણે છઠ્ઠી વિભક્તિને વિશેષણ વિભક્તિ પણ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં નામોનો અર્થ તપાસો :—

(૧) હે છોકરા, (તું) ઊભો રહે.

(૨) હે છોકરા(ઓ), (તમે) ઊભા રહો.

ક્રિયાપદ ઉપરથી સમજાય છે કે પહેલા વાક્યમાં 'છોકરા' એટલે એક છોકરો, અને બીજા વાક્યમાં છોકરા અથવા છોકરાઓ એટલે ઘણા છોકરા.

'છોકરા' અથવા 'છોકરાઓ' એ 'છોકરો' શબ્દનાં પહેલી વિભક્તિ બહુવચનનાં રૂપો છે. પણ અહીં તે એક છોકરાને તેમ જ ઘણા છોકરાને નામ દઈ ને બોલાવવા માટે વપરાયાં છે. તે દરેકની પછી અલ્પવિરામ મૂકેલું છે. તે બતાવે છે કે તે દરેક પદ વાક્યથી છૂટું છે. તેને વાક્યનાં બીજાં પદો સાથે સંબંધ નથી. તે ન હોય તો પણ ચાલે.

આવી રીતે નામ દઈને બોલાવવા માટે વપરાયેલાં નામોની આઠમી વિભકિત ગણાય છે. આઠમી વિભકિતનો પ્રત્યય નથી. પહેલી વિભક્તિનાં રૂપો આઠમી વિભક્તિ માટે વપરાય છે. કોઈ વાર તે રૂપોમાં સહેજ ફેરફાર થાય છે. તેમનો અર્થ ક્રિયાપદ ઉપરથી સમજાય છે. આઠમી વિભક્તિવાળા નામ પછી હમેશાં અલ્પવિરામ મુકાય છે.

નામ દઈને બોલાવવું એને સંબોધન કરવું એમ કહે છે. તેથી આઠમી વિભક્તિને સંબોધન વિભકિત પણ કહે છે.

[૩]

આ રીતે નામની વિભકિતઓ આઠ છે. તે દરેકના પ્રત્યયો નામને કેવી રીતે લાગે છે તેનો એક નમૂનો નીચે આપ્યો છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભક્તિનું નામ	પ્રત્યય	અર્થસંબંધ	'ઘોડો' ઉપરથી વિભક્તિનાં રૂપો	
			એકવચન—ઘોડો	બહુવચન—ઘોડા, ઘોડાઓ
પહેલી	(નથી)	કર્તા	ઘોડો	ઘોડા, ઘોડાઓ
બીજી	(નથી), ને	કર્મ	ઘોડો, ઘોડાને	ઘોડાને, ઘોડાઓને
ત્રીજી	એ, થી, થકી, વડે	કર્તા, સાધન	ઘોડાએ, ઘોડે	ઘોડાએ, ઘોડાઓએ
ચોથી	ને, ને માટે, ને કાજે, ને વાસ્તે, ને સારુ	ગૌણ કર્મ	ઘોડાને	ઘોડાને, ઘોડાઓને
પાંચમી	થી, થકી	છૂટું પડવું	ઘોડાથી	ઘોડાથી, ઘોડાઓથી
છઠ્ઠી	નો, ની, નું, ના, નાં	એ નામનો સંબંધ	ઘોડાનો—ની—નું—ના—નાં	ઘોડાનો-ની-નું-ના-નાં ઘોડાઓનો-ની-નું-ના-નાં
સાતમી	માં, એ	સ્થળ	ઘોડામાં, ઘોડે	ઘોડામાં, ઘોડાઓમાં
આઠમી	(નથી)	સંબોધન	(હે) ઘોડા	(હે) ઘોડા, (હે) ઘોડાઓ

વિભક્તિના પ્રત્યયો લાગતાં કેટલીક વાર નામના મૂળ રૂપમાં ફેરફાર થાય છે. દરેક પ્રત્યય નામના છેલ્લા અક્ષરને જોડીને લખાય છે, અથવા તેમાં ભળી જાય છે. વિભક્તિનો પ્રત્યય નામથી છૂટો પાડીને લખાતો નથી.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ છઠ્ઠી વિભક્તિ કેવા પ્રકારનો સંબંધ બતાવે છે? તેના પ્રત્યયો ગણાવો.

૨ આઠમી વિભક્તિનો શો ઉપયોગ છે? તે શી રીતે ઓળખાય?

૩ બધી મળીને કેટલી વિભક્તિઓ છે? કઈ કઈ વિભક્તિને કારક વિભક્તિ કહે છે? બાકીની વિભક્તિઓને શું કહે છે?

૪ કઈ કઈ વિભક્તિને પ્રત્યય નથી?

૫ નીચેના પૈકી કોઈ પણ એક નામની બધી વિભક્તિઓનાં રૂપો લખો :—માણસ, છોકરું, નદી, માતા, સાધુ.

૬ નીચેનાં વાક્યોમાં વપરાયેલા દરેક નામની વિભક્તિ વિગતવાર ઓળખાવો. ગયા પાઠમાં આપેલા નમૂના પ્રમાણે કોઠામાં વિગતો ભરો.

(ક) મોહનનો પતંગ કાન્તિ ઉડાડે છે.
(ખ) આંબાની ઘટામાં કોયલનો ટહુકો સંભળાયો.
(ગ) શેરીનાં છોકરાંને ડોસાએ ચણા વહેંચ્યા.
(ઘ) બહેન, આ છબી તમે લેશો?
(ઙ) દીકરા, હું તો હવે જાઉંશ. ઘર સંભાળજે.

*

પાઠ સાતમો

સર્વનામના પ્રકાર

[૧]

વાક્યમાં જે પદ નામને બદલે વપરાય છે તેને સર્વનામ કહે છે.

બોલનાર પહેલો પુરુષ; જેની સાથે વાત થાય તે (સાંભળનાર) બીજો પુરુષ; અને જેને વિષે વાત થાય તે ત્રીજો પુરુષ કહેવાય છે. આ ત્રણે પુરુષ માટે વપરાતાં સર્વનામને પુરુષવાચક સર્વનામ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષવાચક સર્વનામ નીચે પ્રમાણે છે:—

પુરુષ	એકવચન	બહુવચન
પહેલો	હું	અમે (અમો), આપણે
બીજો	તું	તમે (તમો), આપ
ત્રીજો	તે	તે (તેઓ)

આપણે એટલે બોલનાર અને સાંભળનાર બંને. આપ—એ બીજા પુરુષના માનાર્થે બહુવચન તરીકે વપરાય છે.

[૨]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો:—

(૧) **આ** બોલે છે. **એ** હસે છે. **તે** વાતો કરે છે.

(૨) **પેલો** જાય છે. **પેલી** રમે છે. **પેલું** દોડે છે.

કોઈ માણસ કે વસ્તુને બતાવી તેના નામને બદલે એ દરેક પદ વપરાયું છે. તેથી તે દરેક પદ સર્વનામ છે.

માણસ કે વસ્તુને બતાવવા માટે વપરાતાં સર્વનામને **દર્શક સર્વનામ** કહે છે. આ, એ, તે, પેલો-લી-લું—એ દરેક દર્શક સર્વનામ છે.

[૩]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો શું કામ કરે છે?

(૧) **કોણ** ગયું? **શું** છે?

(૨) **કયો** બોલ્યો? **કઈ** આવી? **કયું** પડ્યું?

કોઈ માણસ કે વસ્તુના નામને બદલે એ પદો વપરાયાં છે. તેથી તે દરેક સર્વનામ છે. એ સર્વનામો વડે પ્રશ્નો પૂછેલા છે.

પ્રશ્ન પૂછવા માટે વપરાતાં સર્વનામને **પ્રશ્નાર્થક** અથવા **પ્રશ્નવાચક સર્વનામ** કહે છે. કોણ, શું, કયો-ઈ-યું એ દરેક પ્રશ્નાર્થક કે પ્રશ્નવાચક સર્વનામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદોનો અર્થ વિચારો :—

શેઠ પોતે આવે છે.	કાકા પંડે ગયા.
હું જાતે જઈશ.	ખુદ તમે જ આવજો.

મેં મારી મેળે એ બનાવ્યું છે.

'શેઠ પોતે' એટલે શેઠ સિવાય બીજુ કોઈ નહિ. 'હું જાતે' એટલે હું જ, બીજું કોઈ નહિ.

આ રીતે એ પદો નામ કે સર્વનામને પોતાને જ ભાર દઈને ઓળખાવે છે. તે દરેક સર્વનામ ગણાય છે.

નામ કે સર્વનામને પોતાને જ ભાર દઈને ઓળખાવવા માટે વપરાતાં સર્વનામને **સ્વવાચક સર્વનામ** કહે છે. પોતે, જાતે, પંડે, ખુદ, મેળે—એ દરેક સ્વવાચક સર્વનામ છે.

[૫]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદોનો અર્થ વિચારો :—

(૧) જે માગશો તે મળશે.

(૨) જેવું વાવે તેવું લણે.

(૩) જેટલું ખરીદશો તેટલું વેચાશે.

(૪) (જે) લખી રહે તે ઘેર જાય.

'જે' એટલે કોઈ વસ્તુ. 'તે' એટલે તે વસ્તુ. એ રીતે તે દરેક પદ કોઈ નામને બદલે વપરાયું છે. તેથી તે દરેક સર્વનામ છે. આ સર્વનામ એવાં છે કે પહેલું વાપરીએ એટલે બીજાની જરૂર પડે જ.

જે સર્વનામ વાપરવાથી બીજા સર્વનામની અપેક્ષા (ઇચ્છા) રહે છે તેને **સાપેક્ષ સર્વનામ** કહે છે. આવાં સર્વનામને એક-બીજા સાથે સંબંધ હોવાથી તેમને **સંબંધી સર્વનામ** પણ કહે છે અને બંને સર્વનામ સાથે લેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે-તે, જેવું-તેવું, જેટલું-તેટલું, (જે)-તે—એ દરેક સાપેક્ષ અથવા સંબંધી સર્વનામ છે.

ચોથા વાક્યમાં 'જે' અધ્યાહાર છે, છતાં અર્થ સમજાય છે. પણ 'જે' વાપરીએ અને 'તે' અધ્યાહાર રાખીએ તો અર્થ નહિ સમજાય. આ રીતે સાપેક્ષ સર્વનામમાં પહેલું સર્વનામ કોઈ વાર અધ્યાહાર રહી શકે, પણ બીજું ન રહી શકે.

[૬]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો જુઓ :—

(૧) કોઈ ગીત ગાય છે.
(૨) કોઈક તો જીતશે જ.
(૩) તમારે કંઈ (કાંઈ) જોઈએ છે ?
(૪) મારે તમને કંઈક (કાંઈક) કહેવું છે.
(૫) સૌ સાથે આવજો.

એ બધાં પદો કોઈ નામને બદલે વપરાયાં છે. કયા નામને બદલે તે ચોક્કસ નથી. એ પદો પણ સર્વનામ છે.

અનિશ્ચિત નામને બદલે વપરાતાં સર્વનામને અનિશ્ચિત સર્વનામ કહે છે. કોઈ, કોઈક, કંઈ(કાંઈ), કંઈક(કાંઈક), સૌ —એ દરેક અનિશ્ચિત સર્વનામ છે.

[૭]

આ વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) તે છોકરો ચિત્ર દોરે છે.
(૨) જેવાં બી હશે તેવાં ફળ થશે.
(૩) આજે કોઈ ઘરાક આવ્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) એ શાક નહિ, **બીજું** લાવજો.
(૫) **કેટલાક** પકડાયા, ને **બીજા** નાસી ગયા.

વાક્ય (૧) થી (૪) માં તે, જેવાં-તેવાં, કોઈ, એ—એ દરેક સર્વનામની પછી નામ છે અને તે સર્વનામથી તે નામના અર્થમાં વધારો થાય છે. આવાં સર્વનામ વિશેષણ ગણાય છે. તેથી તે, એ—દર્શક વિશેષણ છે. જેવાં-તેવાં—સાપેક્ષ વિશેષણ છે. કોઈ—અનિશ્ચિત વિશેષણ છે.

વાક્ય (૪)-(૫) માં બીજું, કેટલાક, બીજા—એ પદો કોઈ અનિશ્ચિત નામને બદલે વપરાયાં છે. તેમની પછી નામ નથી. તે દરેક અનિશ્ચિત સર્વનામ છે.

આ રીતે જ્યારે સર્વનામ નામની સાથે વપરાય છે ત્યારે વિશેષણ ગણાય છે. અને જે પ્રકાર તે સર્વનામનો તે જ પ્રકાર તે વિશેષણનો ગણાય છે.

[૮]

ઉપર પ્રમાણે સર્વનામના છ પ્રકાર છે:—પુરુષવાચક, દર્શક, પ્રશ્નાર્થક અથવા પ્રશ્નવાચક, સ્વવાચક, સાપેક્ષ અથવા સંબંધી અને અનિશ્ચિત.

સ્વાધ્યાય

૧ સર્વનામના પ્રકાર ગણાવો.

૨ 'તે' કયા કયા પ્રકારના સર્વનામ તરીકે વાપરી શકાય? તમે તે પ્રમાણે વાપરી બતાવો.

૩ સર્વનામના પ્રકાર બતાવતો કોઠો બનાવી, આ સર્વનામો યોગ્ય ખાનાંમાં ગોઠવો:—તમે, પોતે, આપ, પેલું, આપણે, તું, હું, શું, સૌ, આ, એ, કઈ, કંઈ, કોઈ, કંઈક, જે-તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ યોગ્ય સર્વનામો મૂકો અને તેમન પ્રકાર ઓળખો :—

(ક) ———પાણી રેડો અને ———હાથ ધોઉં.
(ખ) ———અહીં બેસીશું ———પાછા આવશે.
(ગ) ———કરશો ———ભોગવશો.
(ઘ) ———રસ્તેથી જાય છે——— ફૂલ તોડતો જાય છે.
(ઙ) ———પેટીમાં મૂકો અને——— બહાર કાઢો.
(ચ) ——— જરા પણ ચિંતા કરશો નહિ,——— ——— સાચવીશું.

૫ નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખાવો :—

(ક) ઉતાવળ કરવાથી **આપણે ઘણું** ગુમાવ્યું.
(ખ) **એ** શબ્દ **અમે** શીખ્યાં નથી.
(ગ) **આ કોણ** છે ?
(ઘ) **કંઈ** શંકા પડે તો ચોપડીમાં જોવું.
(ઙ) **પેલો** નાનુ હીંચકો ખાય છે.

*

પાઠ આઠમો

સર્વનામ અને વિશેષણની વિભકિત

[૧]

નામની માફક સર્વનામને પણ વિભક્તિના પ્રત્યયો લાગે છે. વિભક્તિના પ્રત્યયો લાગતાં કેટલાંક સર્વનામનાં રૂપોમાં ઘણો ફેરફાર થાય છે. તેથી દરેક સર્વનામનાં વિભક્તિનાં રૂપો બનાવતાં અને ઓળખતાં શીખવું જોઈએ.

પહેલા પુરુષ સર્વનામનાં સંપૂર્ણ રૂપો નમૂના તરીકે નીચે આપ્યાં છે. તે ધ્યાનમાં રાખવાથી બીજાં સર્વનામનાં રૂપો બનાવવામાં અને ઓળખવામાં મદદ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો પુરુષ સર્વનામ—હું, અમે, આપણે

વિભક્તિનાં રૂપો

વિભક્તિ	એક વચન	બહુવચન	બહુવચન
	હું	અમે, અમો	આપણે
પહેલી	હું	અમે, અમો	આપણે
બીજી	મને	અમને, અમોને	આપણને
ત્રીજી	મેં, મારે	અમે, અમોએ, અમારે	આપણે
ચોથી	મને, મારે	અમને. અમોને, અમારે	આપણે, આપણને
પાંચમી	મારાથી	અમારાથી, અમોથી, અમથી	આપણાથી, આપણથી
છઠ્ઠી	મારો–રી–રું–રા–રાં	અમારો–રી–રું–રા–રાં અમોનો–ની–નું–ના–નાં	આપણો–ણી–ણું–ણા–ણાં
સાતમી	મારામાં	અમારામાં, અમોમાં, અમમાં	આપણામાં, આપણમાં
આઠમી	સર્વનામ આઠમી વિભક્તિમાં ભાગ્યે જ વપરાય છે.		

[૨]

નીચેનાં રૂપોનો અર્થ સરખાવો :—

	વચન	નર જાતિ	નારી જાતિ	નાન્યતર જાતિ
(૧)	એ. વ	મોટો છોકરો	મોટી છોકરી	મોટું છોકરું
	બ. વ.	મોટા છોકરાં(ઓ)	મોટી છોકરીઓ	મોટાં છોકરાં(ઓ)
(૨)	એ. વ.	**મોટા છોકરાને**	મોટી છોકરીને	**મોટા છોકરાને**
	બ. વ.	મોટા છોકરા(ઓ)ને	મોટી છોકરીઓને	મોટાં છોકરાં(ઓ)ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'છોકરો' એ નામને 'મોટો' એ વિશેષણ લગાડવાથી બંને શબ્દોના રૂપમાં કેવા ફેરફાર થાય છે, તે આ કોઠામાં બતાવ્યું છે.

વિશેષ્યનાં જાતિ-વચન બદલાતાં વિશેષણના રૂપમાં કેવા ફેરફર થાય છે તે (૧)માં બતાવ્યું છે.

વિશેષ્યને વિભક્તિનો પ્રત્યય ને લાગતાં તેના રૂપમાં તેમ જ વિશેષણના રૂપમાં કેવા ફેરફાર થાય છે, તે (૨)માં બતાવ્યું છે. નારી જાતિનાં રૂપોમાં કંઈ ફેરફાર થયો નથી. નર જાતિ અને નાન્યતર જાતિનાં બહુવચનનાં રૂપોમાં પણ કંઈ ફેરફાર નથી. પણ નર જાતિ અને નાન્યતર જાતિ બંનેના એકવચનનું રૂપ સરખું છે. મોટા છોકરા એ બહુવચનના રૂપને ને પ્રત્યય લાગી આ રૂપો બનેલાં છે. પ્રત્યય વિશેષણને લાગ્યો નથી, પણ નામને જ લાગ્યો છે. પરંતુ વિશેષણનું રૂપ બદલાયું છે. કોઈ પણ વિભક્તિનો પ્રત્યય લગાડીએ તો પણ આ પ્રમાણે વિશેષણનું રૂપ બદલાય છે. આ ફેરફાર વિકારી વિશેષણમાં જ થાય છે, અવિકારી વિશેષણમાં નહિ.

આ બતાવે છે કે વિશેષ્યને વિભક્તિનો પ્રત્યય લાગતાં કેટલાંક વિશેષણના રૂપમાં ફેરફાર થાય છે. તેથી જે જાતિ-વચન-વિભક્તિ વિશેષ્યનાં હોય તે જ જાતિ-વચન-વિભક્તિ વિશેષણનાં પણ ગણાય છે.

સ્વાધ્યાય

૧ નીચેનાં પૈકી કોઈ પણ એક સર્વનામનાં સાતે વિભક્તિનાં રૂપો લખો:-
તું, તે, આપ, કોણ, પોતે, કયો

૨ નીચેનાંમાંથી એક અથવા વધુ પદો વાપરી **ત્રણ** વાક્યો બનાવો અને વાક્યમાં તે પદો શું કામ કરે છે તે લખો:—
મારો, મારે; તેને, તેણે; અમને, એમને; તેમને, તેમણે; આપને, આપણે

નમૂનો— તેણે તેને આ વાત કહી.
તેણે— 'કહી' ક્રિયાપદનો કર્તા છે.
તેને— 'કહી' ક્રિયાપદનું ગૌણ કર્મ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ નીચેનાં વાક્યોમાં વપરાયેલાં સર્વનામોનાં જાતિ, વચન, વિભક્તિ અને અર્થસંબંધ ઓળખાવો. કોઠો દોરીને વિગતો ભરો.

(ક) તે તમને ઘેર મળશે.

(ખ) મારો રેંટિયો બગડ્યો છે.

(ગ) નાણાં લઈને મેં તે ખિસ્સામાં મૂક્યાં.

(ઘ) મહારાજ, આપ મને કોઈ વ્રત આપશો ?

૪ નીચેનાં પૈકી એક અથવા વધુ વિશેષણ વાપરી ત્રણ વાક્યો બનાવો, અને એ વાક્યોમાં વપરાયેલાં વિશેષણનાં પ્રકાર, જાતિ, વચન અને વિભક્તિ ઓળખાવો :—

ચતુર, બહુ, કોમળ, ઝીણાં, નમેલું, સુંદર, નવો

૫ નીચેનાં વાક્યોનાં જાડા અક્ષરવાળાં પદોની વિગતવાર ઓળખ આપો :–

(ક) તમે **અઘરા** પ્રશ્નો ન પૂછશો.

(ખ) **નાનાં** ગામોમાં હવે નિશાળો ઊઘડી છે.

(ગ) **આવાં** કામ **તે** **મને** સોંપે છે.

(ઘ) **તમારી** શેરીમાં **અમારા** શિક્ષક રહે છે.

(ઙ) **તેમના** **ઘરનાં** માણસો માયાળુ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ નવમો

વિરામચિહ્નો

[૧]

આ વાંચો. તેમાં વપરાયેલાં વિરામચિહ્નો ઓળખોઃ—

(૧) હું રોજ કસરત કરું છું.

(૨) શ્રીયુત ચીમનલાલ ચૂનીલાલ દલાલ

(૩) શ્રી. ચીમનલાલ ચૂ. દલાલ

(૪) શ્રી. ચી. ચૂ. દલાલ

પહેલી લીટીને છેડે **પૂર્ણવિરામ** છે. એ બતાવે છે કે ત્યાં આગળ વાક્ય પૂરું થાય છે.

બીજી લીટીમાં વિરામચિહ્ન નથી. એમાં એક ગૃહસ્થનું નામ લખવાની રીત બતાવી છે. 'શ્રીયુત' એ માનવાચક શબ્દ છે. 'ચીમનલાલ' એ મુખ્ય નામ છે. 'ચૂનીલાલ' એ તેમના પિતાનું નામ છે. 'દલાલ' એ તેમની અટક છે. આ રીતે **પૂરેપૂરું નામ લખવામાં વચ્ચે કે છેડે વિરામચિહ્ન વપરાતું નથી.**

ત્રીજી લીટીમાં ઉપરનું નામ ટૂંકાવેલું છે. 'શ્રીયુત' શબ્દને ટૂંકાવવા તેના પહેલા અક્ષર પછી પૂર્ણવિરામ મૂકેલું છે. એ જ રીતે 'ચૂ.' એ 'ચૂનીલાલ'નું ટૂંકું રૂપ છે.

ચોથી લીટીમાં એ જ નામને વધારે ટૂંકાવેલું છે. એમાં અટક સિવાયના દરેક શબ્દના **પહેલા** અક્ષર પછી **પૂર્ણવિરામ** છે.

આમ પૂર્ણવિરામ વાક્ય પૂરું કરવા વપરાય છે, અને શબ્દને ટૂંકાવેલો બતાવવા વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

નીચેનાં વાક્યોમાં વપરાયેલાં વિરામચિહ્નો ઓળખો :—

(૧) રામ અને લક્ષ્મણ ભાઈ હતા.

(૨) રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન ભાઈ હતા.

(૩) રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન એ ચાર ભાઈ હતા.

(૪) બા, દૂધ આપ.

(૫) ખરેખર, મારે બહુ કામ છે.

દરેક વાક્યને છેડે **પૂર્ણવિરામ** છે. પહેલા સિવાયના દરેક વાક્યમાં **અલ્પવિરામ** છે.

પહેલા વાક્યમાં 'હતા' ક્રિયાપદના કર્તા તરીકે બે નામ છે. બીજામાં એવાં ચાર નામ છે. બે નામ ગણાવવા તેમની વચ્ચે અલ્પવિરામ નથી મૂક્યું, પણ 'અને' મૂક્યું છે. ચાર નામ ગણાવવા પહેલા અને બીજા નામ પછી અલ્પવિરામ મૂક્યું છે અને બાકીનાં બે વચ્ચે 'અને' છે. આ રીતે **વાક્યમાં સમાન અર્થ-સંબંધવાળાં બેથી વધારે પદો હોય ત્યારે શરૂઆતના દરેક પદ પછી અલ્પવિરામ મુકાય છે, અને છેલ્લાં બે પદ વચ્ચે 'અને' મુકાય છે.**

ત્રીજા વાક્યમાં એ જ પદો જુદી રીતે વાપર્યાં છે, તેથી તેમાં ત્રણ અલ્પવિરામ મુકાયાં છે.

છેલ્લાં બે વાક્યોમાં પહેલા શબ્દ પછી અલ્પવિરામ મૂકેલું છે. તે બતાવે છે કે એ શબ્દ વાક્યથી છૂટો છે. **આમ શબ્દને વાક્યથી છૂટો બતાવવા પણ અલ્પવિરામ મુકાય છે.**

[૩]

નીચેનાં વાક્યોમાં વિરામચિહ્નો ઓળખો :—

(૧) તે રોજ નિશાળે જાય છે.

(૨) અહીં કોણ રહે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) એ માણસ કેવો છે?

(૪) કેવો સુંદર બાગ છે!

પહેલા વાક્યને છેડે પૂર્ણવિરામ છે. એ બતાવે છે કે બોલનાર નિશાળે જવાની હકીકત જાણે છે. પૂર્ણવિરામને બદલે પ્રશ્નચિહ્ન મૂકીએ તો એવો અર્થ થાય કે બોલનાર એ હકીકત જાણતો નથી, તેથી તે જાણવા પ્રશ્ન પૂછે છે. અર્થનો આવો ફેરફાર બતાવવા માત્ર વિરામચિહ્ન જ બદલવું પડે, વાક્યનાં પદો બદલવાં ન પડે.

બીજા ને ત્રીજા વાક્યને છેડે પ્રશ્નચિહ્ન છે. એ બતાવે છે કે બોલનારનો હેતુ પ્રશ્ન પૂછવાનો છે. પ્રશ્નચિહ્ન ન હોય તો પણ 'કોણ' અને 'કેવો' એ પદોથી પ્રશ્નનો અર્થ સમજાય છે.

ચોથા વાક્યને છેડે ઉદ્‌ગારચિહ્ન છે. તે બતાવે છે કે બાગને જોઈને થયેલી લાગણી વાક્યમાં દર્શાવી છે. એમાં 'કેવો' એ પદ પ્રશ્નવાચક નથી, પણ લાગણીવાચક છે.

આમ વાક્ય પૂરું કરવા પૂર્ણવિરામ, પ્રશ્નચિહ્ન અને ઉદ્‌ગારચિહ્ન વપરાય છે. વાક્યમાં 'કોણ', 'કેવો' એવાં પ્રશ્નવાચક પદો આવે ત્યારે હમેશ પ્રશ્નચિહ્ન મુકાય છે. પરંતુ વાક્યને છેડે કયું વિરામચિહ્ન વાપરવું તેનો આધાર ઘણું કરીને બોલનાર કેવો અર્થ બતાવવા માગે છે તેના ઉપર છે.

[૪]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદોને લાગેલાં વિરામચિહ્નો ઓળખો :—

(૧) રમણ કહે છે, "**હવે મારે જવું છે.**"

(૨) આ ચોપડીનું નામ "**સરસ્વતીચંદ્ર**" છે.

(૩) આ વાર્તામાં '**ઝાઝા હાથ રળિયામણા**' એ કહેવતનો બોધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વિરામચિહ્નોને અવતરણચિહ્નો કહે છે. પહેલા વાક્યમાં રમણે કહેલા શબ્દોની આગળ-પાછળ એ ચિહ્નો મૂકેલાં છે. એ શબ્દોને બીજાં પદોથી છૂટા પાડવા 'કહે છે' ક્રિયાપદ પછી અલ્પવિરામ મૂકેલું છે.

બીજા વાક્યમાં ચોપડીના **ખાસ નામને** અને ત્રીજા વાક્યમાં કહેવતના શબ્દોને અવતરણચિહ્નો લાગેલાં છે. આ શબ્દો પહેલાં, પહેલા વાક્યની માફક, અલ્પવિરામ નથી. કહેવતના શબ્દોને એકવડાં અવતરણચિહ્નો લાગેલાં છે.

વાક્યમાં કોઈના બોલેલા શબ્દોને તેમ જ ખાસ અર્થવાળા શબ્દોને આ રીતે અવતરણચિહ્નો લાગે છે.

*

સ્વાધ્યાય

૧ તમારું અને તમારા શિક્ષકનું પૂરેપૂરું નામ લખો.

૨ નીચેનાં નામો અને તેટલી રીતે ટૂંકાવીને લખો :—શ્રીયુત જવાહરલાલ મોતીલાલ નેહરુ; સ્વર્ગસ્થ આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

૩ નીચેનાં ટૂંકાં નામો પૂરેપૂરાં લખો :—મો. ક. ગાંધી, ક. મા. મુનશી, બ. ક. ઠાકોર, ન. ભો. દિવેટિયા, ક. દ. ડા.

૪ નીચેના શબ્દો ટૂંકાવો :—તારીખ, લિખિતંગ, ઈસવી સન, દાખલા તરીકે, તાજા કલમ

૫ નીચેનાં વાક્યોમાં અલ્પવિરામ મૂકો :—

(ક) એ સાંભળી અમે ખડ ખડ હસી પડ્યાં.

(ખ) તમને મને અને મોટી બહેનને પિતાજી બોલાવે છે.

(ગ) સિંહ વાઘ ચિત્તા વરુ એ બધાં બહાર નીકળ્યાં.

(ઘ) આ દુકાને શેવ ગાંઠિયા જલેબી મમરા વગેરે મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ નીચેનાં વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો :—

(ક) આ ગઢ ઉપર કેટલું સૈન્ય છે

(ખ) મીની આમ આવ તને આજે વાર્તા કહું

(ગ) પાછો વળીને જોઉં છું તો લોકોનું મોટું ધાડું

(ઘ) ક્યારે આવ્યાં બ્હેન આમ ઢીલાં કેમ લાગો છો

(ઙ) જોયો આ કુહાડો ખોપરી ખોખરી થઈ જશે સમજ્યા

(ચ) ગોવાળિયે મને પૂછ્યું શું જુઓ છો મેં જવાબ આપ્યો તારા જોઉં છું તેણે કહ્યું તારા તો રોજ ઊગે છે એ એ જોવાથી શો ફાયદો

*

પાઠ દશમો

કૃદંતના પ્રકાર

[૧]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) તે **જાય છે.**	(૧) મેં તેને **જતો** જોયો.
(૨) ઉષા **લખે છે.**	(૨) ઉષા **લખતાંલખતાં** થાકી.
(૩ વિનુ **રડે છે.**	(૩) વિનુ **રડીને** ઊંઘી ગયો.

જાય છે—એટલે જવાની ક્રિયા કરે છે. અર્થ પૂરો છે.
જતો—એટલે જવાની ક્રિયા કરતો. અર્થ અધૂરો છે.

જાય છે, લખે છે, રડે છે—એ પદો ક્રિયા બતાવે છે અને વાક્યનો અર્થ પૂરો કરે છે. તે દરેક **ક્રિયાપદ** છે. જતો, લખતાં લખતાં, રડીને—એ પદો ક્રિયા બતાવે છે, પણ તેમનાથી વાક્યનો અર્થ પૂરો થતો નથી. તે દરેક **કૃદંત** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પદ ક્રિયા બતાવે, પણ ક્રિયાપદની પેઠે વાક્યનો અર્થ પૂરો ન કરે, તે કૃદંત કહેવાય છે.

[૨]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) ટપાલી **ચાલતો** જાય છે.

(૨) તે **ચાલતી** ગાડીએ ચઢે છે.

(૩) **ચાલતું** બાળક પડી ગયું.

ચાલતો, ચાલતી, ચાલતું—એ દરેક પદ કૃદંત છે. ચાલવાની ક્રિયા અત્યારે, એટલે વર્તમાનકાળમાં, થાય છે. તેથી એ કૃદંતો વર્તમાનકાળ બતાવે છે. આવાં કૃદંતોને **વર્તમાનકૃદંત** કહે છે.

[૩]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદોનો તફાવત જુઓ :—

(૧) તે કડવો બોલ **બોલ્યો.**	(૧) **બોલ્યો** બોલ પાછો ફરે નહિ.
(૨) તેણે બારી **ઉઘાડી.**	(૨) **ઉઘાડી** બારી મેં વાસી.
(૩) આ વર્ષ તો હવે **ગયું.**	(૩) **ગયું** વર્ષ ઘણું સારું હતું.

પહેલા ખાનામાં બોલ્યો, ઉઘાડી, ગયું એ દરેક પદ ક્રિયાપદ છે. બીજા ખાનામાં તે દરેક કૃદંત તરીકે વપરાયું છે. ક્રિયા અત્યાર પહેલાં, એટલે ભૂતકાળમાં, થઈ છે. તેથી તે દરેક પદ ભૂતકાળ બતાવે છે.

બોલ્યો, ઉઘાડી, ગયું—એ કૃદંતો ભૂતકાળ બતાવે છે. આવાં કૃદંતોને **ભૂતકૃદંત** કહે છે.

પુસ્તકાલય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ રીતે આ વાકયોમાં મોટા અક્ષરવાળાં પદો જુઓ:-

(૧) એ માલ અમે ગઈ કાલે **વેચેલો.**	(૧) **વેચેલો** માલ પાછો લેવાશે નહિ.
(૨) આ કેરી ટોપલીમાંથી **પડેલી.**	(૨) **પડેલી** કેરી લઈ લો.
(૩) મેં તને આ કામ **સોંપેલું.**	(૩) હું તમે **સોંપેલું.** કામ કરું છું.

પહેલા ખાનામાં વેચેલો, પડેલી, સોંપેલું, એ દરેક પદ **ક્રિયાપદ** છે. બીજા ખાનામાં એ જ પદો **કૃદંત** છે. ક્રિયા ઘણા વખત પહેલાં, એટલે દૂરના ભૂતકાળમાં થયેલી છે. તેથી તે પદો **દૂરનો ભૂતકાળ** બતાવે છે.

વેચેલો, પડેલી, સોંપેલું—એ કૃદંતો દૂરનો ભૂતકાળ બતાવે છે. આવાં કૃદંતોને **વિશેષ ભૂતકૃદંત** કહે છે.

[૪]

નીચેનાં વાકયોમાં મોટા અક્ષરવાળાં પદોનો અર્થ વિચારો :-

(૧) તે આવતી કાલે **આવવાનો** હશે.	(૧) **આવવાનો** માણસ કોણ હશે?
(૨) તે આવતી કાલે **આવનારો** હશે.	(૨) **આવનારો** માણસ કોણ હશે?
(૩) તે આવતી કાલે **આવનાર** હશે.	(૩) **આવનાર** માણસ કોણ હશે?

પહેલા ખાનામાં મોટા અક્ષરવાળું દરેક પદ ક્રિયાપદ છે. બીજા ખાનામાં તે કૃદંત છે. ક્રિયા અત્યાર પછી, એટલે ભવિષ્યકાળમાં થવાની છે. તેથી તે દરેક પદ **ભવિષ્યકાળ** બતાવે છે.

આવવાનો, આવનારો, આવનાર—એ કૃદંતોને **ભવિષ્યકૃદંત** કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો જુઓ :—

(૧) હવે અહીંથી **ચાલવું** સારું છે.
(૨) બપોરે **ચાલવું** અઘરું હતું.
(૩) સાંજે **ચાલવું** સહેલું પડશે.

ચાલવું — એ પણ કૃદંત છે. પહેલા વાક્યમાં તેનો સંબંધ વર્તમાનકાળના ક્રિયાપદ સાથે છે. બીજામાં તેનો સંબંધ ભૂતકાળના ક્રિયાપદ સાથે છે. અને ત્રીજામાં ભવિષ્યકાળના ક્રિયાપદ સાથે છે. ત્રણેય કાળમાં તેનું રૂપ સરખું રહે છે. તેથી તેને **સામાન્યકૃદંત** કહે છે.

ચાલવું—આવાં કૃદંત **સામાન્યકૃદંત** કહેવાય છે.

[૬]

આ રીતે કૃદંતના કાળ પ્રમાણે પાંચ પ્રકાર છે :— વર્તમાનકૃદંત, ભૂતકૃદંત, વિશેષ ભૂતકૃદંત, ભવિષ્યકૃદંત અને સામાન્યકૃદંત.

卐

સ્વાધ્યાય

૧ કૃદંતના પ્રકાર ગણાવો.

૨ નીચેનાં ક્રિયાપદો ઉપરથી માગ્યા પ્રમાણે કૃદંતો બનાવોઃ—

(ક) બેસવું, ભણવું, ધ્રૂજવું (વર્તમાનકૃદંત)
(ખ) વાંચવું, ખાવું, જવું (ભૂતકૃદંત)
(ગ) વાવવું, લણવું, ઊગવું (વિશેષ ભૂતકૃદંત)
(ઘ) ધોવું, પીવું, લેવું (ભવિષ્યકૃદંત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ નીચેનાં કૃદંતોના પ્રકાર ઓળખો:—
રમતો, પડ્યું, ફરેલો, હાંકનાર, બાળવાનો, ભરતાં, દીધેલ

૪ નીચેનાં કૃદંતો વાક્યમાં વાપરી બતાવો :—
મળવું, નાસતો, વીણેલું, ભૂલ્યા, નીકળતાં, જાગેલો, રાખ્યાં

૫ નીચેનાં વાક્યોમાં કૃદંતોના પ્રકાર ઓળખો :—

(ક) આવતો અમલદાર દૂરથી ઓળખાયો.
(ખ) બાંધી મૂઠી લાખની, ને ઉઘાડી કોડીની.
(ગ) ચોકી કરનાર બધા તાપણી આગળ હતા.
(ઘ) રાણીએ કુંવરીને ત્યાં પડેલી દીઠી.
(ઙ) પહેરેલાં કપડાં સાથે તે બહાર નીકળ્યો.
(ચ) બોલવું સહેલું છે, કરવું અઘરું છે.

પાઠ અગિયારમો

કૃદંતના ઉપયોગ

[૧]

નીચેનાં વાક્યોમાં **મોટા અક્ષરવાળાં પદો** ઓળખો:—

(૧) મેં ઇન્દુને **જતો** જોયો.	(૧) મેં ઇન્દુને કામ **કરતો** જોયો.
(૨) મેં બાળકને **જતું** જોયું.	(૨) મેં બાળકને કામ **કરતું** જોયું.
(૩) મેં બાળકોને **જતાં** જોયાં.	(૩) મેં બાળકોને કામ **કરતાં** જોયાં.

જતો, જતું, જતાં—એ દરેક પદ **વર્તમાનકૃદંત** છે.

ક્રિયા કરનારનાં જાતિ-વચન બદલાતાં તેનું રૂપ બદલાય છે. તે બતાવે છે કે એ કૃદંત અહીં વિશેષણનું કામ કરે છે.

એ જ રીતે બીજા ખાનામાં **કરતો, કરતું, કરતાં**—એ દરેક પદ વર્તમાનકૃદંત છે, અને વિશેષણનું કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જતો' એ કૃદંત 'જવું' ક્રિયાપદ ઉપરથી બનેલું છે. એનો કર્તા 'ઇન્દુ' છે. એને કર્મ નથી. 'કરતો' એ 'કરેલું' ક્રિયાપદ ઉપરથી બનેલું કૃદંત છે. એનો કર્તા 'ઇન્દુ' છે, અને કર્મ 'કામ' છે.

આ રીતે દરેક કૃદંત ક્રિયા બતાવનારું પદ હોવાથી, ક્રિયાપદોની પેઠે, તેને પણ કર્તા અને કર્મ જેવાં પદો લાગે છે.

[૨]

આ વાક્યોમાં વર્તમાનકૃદંતનો અર્થ તપાસો :—

(૧) સુધા ગાતાં શીખે છે.

(૨) ચાલતાં તેને થાક લાગ્યો.

(૩) વાંચતાં વાંચતાં તે માથું હલાવે છે.

ગાતાં—એટલે ગાવાની કળા. 'શીખે છે'નું કર્મ છે. તેથી અહીં વર્તમાનકૃદંત **નામ** તરીકે વપરાયું છે.

ચાલતાં—એટલે ચાલવાની ક્રિયાને પરિણામે.

વાંચતાં વાંચતાં—એટલે વાંચવાની ક્રિયા ચાલુ છે ત્યારે. આવા અર્થોમાં વર્તમાનકૃદંતનું રૂપ હમેશાં ઉપર પ્રમાણે રહે છે. તેથી તે રૂપો **અવ્યય** તરીકે વપરાય છે.

[૩]

આ વાક્યોમાં કૃદંતો ઓળખો :—

(૧) તે હમેશ **બોલ્યું** પાળે છે.

(૨) નોકરને મેં **માગ્યો** પગાર આપ્યો.

(૩) **તોડેલું** ફૂલ કરમાઈ જાય છે.

(૪) અહીં **આવી**, **જમીને** હું બહાર નીકળ્યો.

બોલ્યું, માગ્યો, તોડેલું—એ દરેક ભૂતકૃદંત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બોલ્યું' એ 'પાળે છે' નું કર્મ છે. તેથી તે નામ તરીકે વપરાયું છે. 'માગ્યો' અને 'તોડેલું' એ દરેક વિશેષણ તરીકે વપરાયું છે.

આવી—એટલે આવ્યો ત્યાર પછી. **જમીને**—એટલે જમ્યો ત્યાર પછી. આ રૂપોમાં ભૂતકૃદંતનો અર્થ છે. તે એક ક્રિયાનો તેની પછીની ક્રિયા સાથે સંબંધ બતાવે છે. તેથી તેમને **સંબંધક ભૂતકૃદંત** કહે છે. આવા અર્થમાં તેમનું રૂપ હમેશ ઉપર પ્રમાણે રહે છે. તેથી તે **અવ્યય** તરીકે વપરાય છે.

[૪]

આ વાક્યોમાં કૃદંતો ઓળખો :—

(૧) **દોડનારો** આગળ ગયો.

(૨) **બોલનાર** ચાલાક હતો.

(૩) આગળ **જનાર** છોકરો નાનો હતો.

મોટા અક્ષરવાળું દરેક પદ **ભવિષ્યકૃદંત** છે. પહેલાં બે વાક્યોમાં તે નામ તરીકે વપરાયું છે, અને બીજામાં વિશેષણ તરીકે છે.

[૫]

આ વાક્યોમાં કૃદંતો ઓળખો :—

(૧) તમારું **કહેવું** સાચું છે.

(૨) મારા **કહેવાનો** અર્થ સમજ્યા ?

(૩) એ વાત **કહેવામાં** વાંધો નથી.

મોટા અક્ષરવાળું દરેક પદ **સામાન્યકૃદંત** છે અને નામ તરીકે વપરાયું છે. છેલ્લાં બેને વિભક્તિના પ્રત્યયો લાગેલા છે.

સામાન્યકૃદંત હમેશ નામ તરીકે વપરાય છે. તે **ભાવવાચક નામ** ગણાય છે. તેને **કૃદંતનામ** પણ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬]

કૃદંતો વાક્યમાં નામ, વિશેષણ કે અવ્યય તરીકે વપરાય છે. એ રીતે વપરાતાં તેમનો અર્થ અને તેમનું રૂપ વિવિધ રીતે બદલાય છે. નામ તરીકે વપરાયેલા કૃદંતને, બીજાં નામની માફક, વિભક્તિના પ્રત્યયો લાગે છે.

સ્વાધ્યાય

૧ કૃદંતનો કયા કયા પદ તરીકે ઉપયોગ થાય છે?

૨ કયા પ્રકારનું કૃદંત હમેશ નામ તરીકે વપરાય છે? તે કયા પ્રકારનું નામ ગણાય છે?

૩ નીચેનાં કૃદંતો વાપરી એક એક વાક્ય બનાવો અને તે વાક્યમાં શું કામ કરે છે તે જણાવો :—

આપતું, જમીને, કરતાં, ઊડતું, રમનાર, ફરતાં ફરતાં

૪ નીચેનાં વાક્યોમાં કૃદંતોનો પ્રકાર ઓળખો અને તે શું કામ કરે છે તે જણાવો :—

(ક) આ મકાનમાં રહેવું મને બહુ ગમે છે.
(ખ) અમને આવું અનાજ ખાવાની ટેવ નથી.
(ગ) સિપાઈને આવતો જોઈ ચોર નાઠા.
(ઘ) વડોદરા કરતાં મુંબઈની વસ્તી વધારે છે.
(ઙ) ભણતાં ભણતાં તે હુન્નર શીખે છે.
(ચ) સંગીત શીખનાર વિદ્યાર્થીઓ પેલા વર્ગમાં બેસે છે.
(છ) નીચાણમાં આવેલાં ગામોને નુકસાન થયું.
(જ) પ્રશ્નો પૂછીને તેણે પરીક્ષકને ખુશ કર્યા.
(ઝ) તમે બેઠેલાને ઉઠાડશો નહિ,
(ઞ) પછી પ્રમુખે મને બોલવાનું કહ્યું.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ બારમો

ક્રિયાપદ—ધાતુ અને રૂપ

[૧]

એક જ ક્રિયાપદનાં જુદાં જુદાં રૂપો નીચે આપ્યાં છે. તે દરેક ઉપરથી શી શી માહિતી મળે છે તે વિચારો :—

(૧) આવું છું, આવીએ છીએ, આવે છે, આવો છો

(૨) આવ્યો, આવી, આવ્યું, આવ્યા, આવ્યાં

(૩) આવીશ, આવીશું, આવશે, આવશો

આવું છું—કર્તા? હું. જાતિ? ગમે તે હોઈ શકે. વચન? એકવચન. કાળ? વર્તમાન.

આવી—કર્તા : તું, તે અથવા તેઓ. જાતિ : નારી. એકવચન અથવા બહુવચન. ભૂતકાળ.

આવશે—કર્તા : તું, તે અથવા તેઓ. જાતિ : ગમે તે. એકવચન અથવા બહુવચન. ભવિષ્યકાળ.

આ રીતે દરેક રૂપ ઉપરથી ક્રિયાપદનો કર્તા, તેની જાતિ, તેનું વચન, તેનો પુરુષ અને કાળ જણાય છે.

[૨]

એક ક્રિયાપદનાં આટલાં બધાં રૂપ થાય છે. તો તેનો મૂળ શબ્દ શો હશે? ઉપરનાં ક્રિયાપદોનો મૂળ શબ્દ 'આવવું' છે. એ રીતે દરેક ક્રિયાપદના મૂળ શબ્દને છેડે 'વું' હોય છે. દા. ત. :—કરવું, બેસવું, લખવું.

'આવવું' શબ્દમાંથી 'આવ' એ ભાગ ઉપરનાં રૂપોમાં વપરાયો છે. એને 'આવવું' ક્રિયાપદનો ધાતુ કહે છે. ધાતુ એટલે ક્રિયાપદનું મૂળ અથવા ટૂંકામાં ટૂંકું રૂપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવવું, ખાવું, બેસવું—આ ક્રિયાપદોને ‘ તું ’ કર્તા લગાડી આજ્ઞા કરીએ તો આવાં વાક્યો બને: તું આવ. તું ખા. તું બેસ. આવાં આજ્ઞાવાચક વાક્યોમાં ક્રિયાપદનું રૂપ ટૂંકામાં ટૂંકું હોય છે. એ રૂપ બનતાં મૂળ શબ્દમાંથી ‘વું’ અક્ષર કમી થાય છે. આ રીતે કોઈ પણ ક્રિયાપદને ‘તું’ કર્તા લગાડી આજ્ઞા કરવાથી ક્રિયાપદનું જે રૂપ બને તે રૂપ ક્રિયાપદનો ધાતુ ગણાય છે. ક્રિયાપદના મૂળ શબ્દને **ધાતુનામ** કહે છે. ધાતુનામ એટલે ધાતુનું નામ.

આવવું, ખાવું, બેસવું—એ દરેક ધાતુનામ છે. આવ, ખા, બેસ—એ દરેક ધાતુ છે. ધાતુને પ્રત્યયો લાગી ક્રિયાપદનાં વિવિધ રૂપો બને છે. તેથી એવા દરેક રૂપ ઉપરથી ધાતુનામને તથા ધાતુને ઓળખતાં અને જરૂર પ્રમાણે રૂપો બનાવતાં શીખવું જોઈએ.

[૩]

‘આવવું’ ધાતુનામનાં ત્રણે ય કાળનાં નમૂનાનાં રૂપો નીચે આપ્યાં છે. તે ઉપરથી કોઈ પણ ક્રિયાપદનાં રૂપો બનાવી કે ઓળખી શકાશે.

ક્રિયાપદનાં રૂપોનો નમૂનો

ધાતુનામ : આવવું ધાતુ : આવ

વર્તમાનકાળ

ત્રણે ય જાતિ	એકવચન	બહુવચન
પહેલો પુરુષ	હું આવું (છું).	અમે આવીએ (છીએ).
બીજો પુરુષ	તું આવે (છે).	તમે આવો (છો).
ત્રીજો પુરુષ	તે આવે (છે).	તેઓ આવે (છે).

આવું, આવે, આવો, આવીએ—એ રૂપોને શુદ્ધ વર્તમાનકાળ કહે છે. એમનો અર્થ સ્પષ્ટ હોતો નથી. તેથી તેમની સાથે ‘છું’, ‘છે’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે કૌંસમાં આપેલાં રૂપો જોડાય છે. એ 'છ' ધાતુનાં વર્તમાનકાળનાં રૂપો છે. આમ 'આવું છું' એ રૂપ બે ક્રિયાપદનાં વર્તમાનકાળનાં રૂપો મેળવીને બનાવેલું છે. એવાં રૂપોને મિશ્ર વર્તમાનકાળ કહે છે. આ મિશ્ર રૂપો જ વધારે વપરાય છે.

ભૂતકાળ

ત્રણે ય જાતિ	એકવચન	બહુવચન
પહેલો પુરુષ	હું આવ્યો-વી-વ્યું.	અમે આવ્યા-વી-વ્યાં.
બીજો પુરુષ	તું આવ્યો-વી-વ્યું.	તમે આવ્યા-વી-વ્યાં.
ત્રીજો પુરુષ	તે આવ્યો-વી-વ્યું.	તેઓ આવ્યા-વી-વ્યાં.

આ કાળમાં નારી જાતિના માનાર્થે બહુવચનનું ત્રણે પુરુષનું રૂપ 'આવ્યાં' થાય છે. દા. ત. સીતાજી આવ્યાં.

વિશેષ ભૂતકાળ

ત્રણે ય જાતિ	એકવચન	બહુવચન
પહેલો પુરુષ	હું આવેલો-લી-લું.	અમે આવેલા-લી-લાં.
બીજો પુરુષ	તું આવેલો-લી-લું.	તમે આવેલા-લી-લાં.
ત્રીજો પુરુષ	તે આવેલો-લી-લું.	તેઓ આવેલા-લી-લાં.

આ કાળમાં નારી જાતિના માનાર્થે બહુવચનનું ત્રણે પુરુષનું રૂપ 'આવેલાં' થાય છે. દા. ત. સીતાજી આવેલાં.

બંને પ્રકારના ભૂતકાળમાં ભૂતકૃદંતનાં જ રૂપો વપરાયાં છે, તે જુઓ.

ભવિષ્યકાળ

ત્રણે ય જાતિ	એકવચન	બહુવચન
પહેલો પુરુષ	હું આવીશ.	અમે આવીશું.
બીજો પુરુષ	તું આવશે.	તમે આવશો.
ત્રીજો પુરુષ	તે આવશે.	તેઓ આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ નીચેનાં ક્રિયાપદોનાં ધાતુનામ અને ધાતુ લખો :—
પૂછયું, કૂદે છે, હતો, ઊંઘીશું, છાપ્યો, તણાયું, નાખીએ છીએ.

૨ પ્રશ્ન ૧ના ધાતુઓ પૈકી ગમે તે એકનાં ત્રણે કાળનાં રૂપો લખો.

૩ નીચેનાં રૂપો ઓળખો. કોઠામાં બતાવ્યા પ્રમાણે વિગતો ભરો :—
ગયા, ગયાં, છીએ, હશો, ચાલશે, કહ્યું, સાંભળેલું, જાય, બોલું છું, બેઠેલા

ક્રિયાપદ	ધાતુનામ	ધાતુ	કાળ	જાતિ	વચન	પુરુષ
બોલું છું	બોલવું	બોલ	વર્તમાન	ગમે તે	એકવચન	પહેલો

૪ નીચેને વિષે એક એક વાક્ય લખો. દરેક વાક્યમાં બબ્બે ક્રિયાપદ વાપરવાં.

(૧) તમે રોજ સવારે શું શું કરો છો ?

(૨) આજે બપોરે તમે શું શું કર્યું ?

(૩) આજે સાંજે તમે શું શું કરશો ?

૫ પ્રશ્ન ૪ નાં વાક્યોમાં વપરાયેલાં ક્રિયાપદોની નીચેના નમૂના પ્રમાણે વિગતવાર ઓળખ આપો :—

વાક્ય (૧)—હું રોજ સવારે દાતણ કરું છું અને નહાઉં છું.

વાક્યનો ક્રમાંક	ક્રિયાપદ	ધાતુ-નામ	ધાતુ	કાળ	પુરુષ	જાતિ	વચન	કર્તા	કર્મ કે પૂરક
૧	કરું છું	કરવું	કર	વર્તમાન	પહેલો	ગમે તે	એક	હું	દાતણ
	નહાઉં છું	નહાવું	નહા	,,	,,	,,	,,	,,	—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ તેરમો

ક્રિયાપદ—કાળના પ્રકાર

[૧]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનો કાળ ઓળખો :—

(૧) હું આવું (છું).

(૨) હું બજારમાંથી આવું છું.

(૩) હું એક કલાકથી આવ્યો છું.

(૪) હું બે દિવસથી આવેલો છું.

બધાં વાક્યોમાં ક્રિયાપદ વર્તમાનકાળ બતાવે છે. પણ તેમના અર્થમાં ફેર છે.

(૧) આવું (છું)—ક્રિયા હાલ એટલે ચાલુ સમયમાં થાય છે, એવો સાદો અર્થ છે. એને સાદો વર્તમાનકાળ કહે છે.

(૨) આવું છું—બોલતી વખતે ક્રિયા ચાલુ છે, એવો અર્થ છે. એને ચાલુ વર્તમાનકાળ કહે છે.

(૩) આવ્યો છું—ક્રિયા થઈ ગઈ છે, પણ બોલતી વખતે તેની અસર ચાલુ છે, એવો અર્થ છે. એને પૂર્ણ વર્તમાનકાળ કહે છે.

(૪) આવેલો છું—ત્રીજા વાક્યના જેવો જ અર્થ છે. પણ ક્રિયા થઈ ગયાને વધારે સમય થયો છે, એમ સમજાય છે. એને પણ પૂર્ણ વર્તમાનકાળ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

આ વાક્યોમાં ક્રિયાપદનો કાળ ઓળખો :—

(૧) હું સવારમાં આવ્યો.
(૨) હું ગઈ કાલે સભામાં આવેલો.
(૩) રજાઓમાં હું રોજ અહીં આવતો.

દરેક વાક્યમાં ક્રિયાપદ ભૂતકાળ બતાવે છે. પણ અર્થમાં ફેર છે.

(૧) આવ્યો—ક્રિયા થોડો સમય પહેલાં થઈ.
(૨) આવેલો—ક્રિયા ઘણા સમય પહેલાં થઈ.
(૩) આવતો—આવવાની ટેવ હતી, નિયમિત આવતો.

આવા અર્થના ભૂતકાળને **સાદો ભૂતકાળ** કહે છે.

હવે આ વાક્યો જુઓ :—

(૧) તમે આવ્યા ત્યારે હું આવતો હતો.
(૨) તમે આવ્યા ત્યારે હું આવ્યો હતો.
(૩) તમે આવ્યા ત્યારે હું આવેલો હતો.

આ વાક્યોમાં પણ ક્રિયાપદો ભૂતકાળમાં છે. પણ તેમનો અર્થ જુદો છે.

(૧) **આવતો હતો**—તમારી આવવાની ક્રિયા થઈ, તે વખતે મારી આવવાની ક્રિયા ચાલુ હતી. એને ચાલુ ભૂતકાળ કહે છે.

(૨) **આવ્યો હતો**—તમારી આવવાની ક્રિયા થઈ, તે પહેલાં મારી આવવાની ક્રિયા ગઈ થઈ હતી. એને પૂર્ણ ભૂતકાળ કહે છે.

(૩) **આવેલો હતો**—એનો અર્થ પણ બીજા વાક્યના જેવો જ છે. પણ તે જરા દૂરનો ભૂતકાળ બતાવે છે. એને પણ પૂર્ણ ભૂતકાળ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

આ વાક્યોમાં ક્રિયાપદનો કાળ ઓળખો :—

(૧) હું સાંજે તમારે ઘેર આવીશ.

(૨) તમે આવશો ત્યારે હું આવતો હોઈશ.

(૩) તમે આવશો ત્યારે હું આવ્યો હોઈશ.

(૪) તમે આવશો ત્યારે હું આવેલો હોઈશ.

બધાં ક્રિયાપદો ભવિષ્યકાળ બતાવે છે. પણ તેમના અર્થમાં ફેર છે.

(૧) આવીશ—ક્રિયા હવે પછી બનશે. એને સાદો ભવિષ્યકાળ કહે છે.

(૨) આવતો હોઈશ—તમારી આવવાની ક્રિયા બનશે તે વખતે મારી આવવાની ક્રિયા ચાલુ હશે. એને ચાલુ ભવિષ્યકાળ કહે છે.

(૩) આવ્યો હોઈશ—તમારી આવવાની ક્રિયા બનશે તે પહેલાં મારી આવવાની ક્રિયા બની ગઈ હશે. એને પૂર્ણ ભવિષ્યકાળ કહે છે.

(૪) આવેલો હોઈશ—તમારી આવવાની ક્રિયા બનશે તે પહેલાં ઘણા સમય ઉપર મારી આવવાની ક્રિયા બની ગઈ હશે. આને પણ પૂર્ણ ભવિષ્યકાળ કહે છે.

[૪]

આ રીતે દરેક મુખ્ય કાળના ત્રણ પેટા પ્રકાર પડે છે :— સાદો, ચાલુ, પૂર્ણ. આ ત્રણે ય પ્રકારનાં પહેલો પુરુષ નર જાતિ એકવચનનાં રૂપોના નમૂના નીચે આપ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળના પ્રકાર દર્શાવતાં નમૂનાનાં રૂપો

ધાતુનામ : આવવું ધાતુ : આવ

કાળ	વર્તમાન	ભૂત	ભવિષ્ય
સાદો	હું આવું (છું).	હું આવ્યો. હું આવેલો. હું આવતો.	હું આવીશ.
ચાલુ	હું આવું છું.	હું આવતો હતો.	હું આવતો હોઈશ.
પૂર્ણ	હું આવ્યો છું. હું આવેલો છું.	હું આવ્યો હતો. હું આવેલો હતો.	હું આવ્યો હોઈશ. હું આવેલો હોઈશ.

સાદા કાળમાં એક જ શબ્દ છે. તે શુદ્ધ રૂપ છે. ચાલુ અને પૂર્ણ કાળમાં બબ્બે શબ્દો છે. તે મિશ્ર રૂપ છે. સાદા વર્તમાનકાળમાં બંને પ્રકારનાં રૂપો વપરાય છે.

'છું'—'છ' ધાતુનું વર્તમાનકાળનું રૂપ છે. તે ઉપરથી વર્તમાનકાળ ઓળખાય છે. 'હતો'—'હો' ધાતુનું ભૂતકાળનું રૂપ છે. તે ઉપરથી ભૂતકાળ ઓળખાય છે. 'હોઈશ'—'હો' ધાતુનું ભવિષ્યકાળનુ રૂપ છે. તે ઉપરથી ભવિષ્યકાળ ઓળખાય છે.

*

સ્વાધ્યાય

૧ કાળના મુખ્ય પ્રકાર અને પેટા પ્રકાર ગણાવો.

૨ નીચેનાં ક્રિયાપદો વાપરી એક એક વાક્ય બનાવો અને તે દરેક વાક્યમાં વપરાયેલા ક્રિયાપદનો કાળ ઓળખો :—
રમો છો, ચરતું હશે, ધોયું છે, જતાં હતાં, નીકળ્યા, કાંતતો હોઈશ, સોંપેલું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ નીચેનાં વાક્યોમાં વપરાયેલાં ક્રિયાપદોની વિગતવાર ઓળખ આપો. વિગતો કોઠામાં ભરો.

(ક) આજે સૂરજ વહેલો ઊગ્યો.

(ખ) હું કવિતા વાંચું ?

(ગ) પ્રવીણ રેડિયો ઉપર વાર્તા કહેતો હશે.

(ઘ) પેલા છોકરા ગેડીદડા રમે છે.

(ઙ) પાણી ધીમે ધીમે ગામમાં ફેલાયું.

(ચ) તે વખતે તેની આંખ લાલ દેખાતી હતી.

(છ) જ્યારે જશો ત્યારે તે તમને મળશે.

પાઠ ચૌદમો

ક્રિયાપદના અર્થ

[૧]

નીચેનાં વાક્યોનો અર્થ જુઓ :—

(૧) કદાચ આજે વરસાદ આવે.

(૨) ભગવાન તમારું ભલું કરે.

(૩) જો પૈસા મોકલશો તો પુસ્તક મોકલીશું.

પહેલામાં બોલનાર એમ કહેવા માગે છે કે, "વરસાદ અત્યારે આવતો નથી, પણ હવે પછી આવશે એવી મને શંકા છે." ક્રિયાપદ વર્તમાનકાળમાં છે, પણ તે એવી રીતે વપરાયું છે કે વાક્યમાંથી શંકાનો અર્થ નીકળે છે.

બીજામાં ક્રિયાપદ વર્તમાનકાળમાં છે, પણ વાક્યમાં આશીર્વાદનો અર્થ છે. **ત્રીજામાં** બંને ક્રિયાપદો ભવિષ્યકાળમાં છે. પણ વાક્યમાં શરતનો અર્થ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા બે પાઠમાં આપણે જોયું કે ક્રિયાપદના રૂપ ઉપરથી ક્રિયાનો કાળ અને તેના કર્તાનાં જાતિ–વચન–પુરુષ ઓળખાય છે. ઉપરનાં વાક્યો ઉપરથી સમજાય છે કે એક જ કાળ બતાવનારાં રૂપો જુદા જુદા અર્થ પણ બતાવે છે. તેથી જેમ ક્રિયાપદના કાળના પ્રકાર પાડવામાં આવે છે, તેમ તેના અર્થના પણ પ્રકાર પાડવામાં આવે છે.

[૨]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનો અર્થ તપાસો :—

(૧) હું ગણિત શીખું છું.
(૨) તેણે પાઠ વાંચ્યો.
(૩) હવે તે આવશે.
(૪) તમે કાગળ લખો છો ?

'શીખું છું' એટલે જ્ઞાન મેળવું છું. 'લખો છો' એટલે લખવાની ક્રિયા કરો છો. ક્રિયાપદનો જે મૂળ અર્થ છે તે જ અર્થ આ વાક્યોમાંથી નીકળે છે. આવા અર્થને **સ્વાર્થ** કહે છે. સ્વ + અર્થ = સ્વાર્થ = પોતાનો મૂળ અર્થ. ક્રિયા ચોક્કસપણે થાય છે, થઈ કે થશે એવી હકીકત આ અર્થથી સમજાય છે. તેથી તેને **નિશ્ચયાર્થ** પણ કહે છે.

દરેક કાળનું રૂપ આ અર્થમાં વપરાય છે. વિધાનવાક્ય અને પ્રશ્નવાક્યમાં ક્રિયાપદ ઘણું કરીને આ અર્થમાં હોય છે.

[૩]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદના અર્થ જુઓ :—

(૧) જાઓ, સાચવીને જજો. (આજ્ઞા)
(૨) જો, ત્યાં બેસીશ નહિ. (હુકમ)
(૩) આટલું કામ કરશો ? (વિનંતી)
(૪) પ્રભુ તમને સુખી રાખે. (આશીર્વાદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા વાક્યમાં આજ્ઞાનો અર્થ તરત સમજાય છે. બીજાં વાક્યોમાં પણ એ જ અર્થ છે, પણ બોલનારના મનની લાગણી દરેકમાં જુદી જુદી છે. આવા અર્થને આજ્ઞાર્થ કહે છે.

જાઓ, જજો, જો — એ રૂપોથી આજ્ઞાર્થ ઓળખાય છે. તે હમેશ વર્તમાનકાળ બતાવે છે. વાક્ય (૨) અને (૩) માં ક્રિયાપદનું રૂપ ભવિષ્યકાળનું છે, અને (૪) માં વર્તમાનકાળનું છે.

[૪]

આ વાક્યોનો અર્થ તપાસો :—

(૧) માણસે હંમેશાં સત્ય બોલવું. (શાસ્ત્રની આજ્ઞા)
(૨) આ જગા સાફ રાખવી. (હુકમ)
(૩) આવે વખતે મને બોલાવવો. (સલાહ)

આ વાક્યોમાં પણ આજ્ઞાનો અર્થ છે. પણ તેમાં હંમેશાં ક્રિયા કરવાની આજ્ઞા છે. આવી આજ્ઞાને વિધિ કહે છે. તેથી આવા અર્થને વિધ્યર્થ કહે છે. (વિધિ એટલે શાસ્ત્રે ઠરાવેલો નિયમ.)

બોલવું, રાખવી, બોલાવવો — એવાં રૂપોથી વિધ્યર્થ પરખાય છે. આ રૂપો સામાન્યકૃદંતનાં છે. તે ક્રિયાપદ તરીકે વપરાય ત્યારે વિધ્યર્થ બતાવે છે.

[૫]

આ વાક્યોનો અર્થ વિચારો :—

(૧) કદાચ તે સાંજે આવે.
(૨) એ ચોપડી મારી પણ હોય.
(૩) તે હજી રમતો હશે.
(૪) તમે આવશો ત્યારે હું જમતો હોઈશ.

આ વાક્યોમાં શંકા કે સંશયનો અર્થ છે. એને સંશયાર્થ કહે છે. પહેલાં બે વાક્યોમાં ક્રિયાપદનું રૂપ વર્તમાનકાળનું છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાકીનાંમાં ભવિષ્યકાળનું છે. 'હો' ધાતુનાં ભવિષ્યકાળનાં રૂપથી સંશયાર્થ ઓળખાય છે.

[૬]

આ વાક્યોનો અર્થ જુઓ :—

(૧) જો મહેનત કરશો તો પાસ થશો.

(૨) જો તે મને બોલાવે તો હું આવું.

(૩) જો અવાજ કર્યો તો શિક્ષા થશે.

આ વાક્યોમાં એવો અર્થ છે કે જો અમુક શરત પળાશે તો અમુક પરિણામ આવશે. આવા શરત બતાવનાર અર્થને સંકેતાર્થ કહે છે. આ અર્થમાં ક્રિયાપદનું રૂપ ત્રણે ય કાળમાં હોઈ શકે છે.

[૭]

આ રીતે ક્રિયાપદના મુખ્ય પાંચ અર્થ છે :—સ્વાર્થ કે નિશ્ચયાર્થ, આજ્ઞાર્થ, વિધ્યર્થ, સંશયાર્થ અને સંકેતાર્થ.

કાળવાચક રૂપો વિધ્યર્થ સિવાયના બધા અર્થમાં વપરાય છે. પરંતુ આજ્ઞાર્થ અને વિધ્યર્થ માટે ખાસ રૂપો વપરાય છે.

*

સ્વાધ્યાય

૧ અર્થના મુખ્ય પ્રકાર ગણાવો.

૨ નીચેનાં રૂપોથી કયો કયો અર્થ ઓળખાય ? આપતું, આપજો, આપે.

૩ નીચેનાં ક્રિયાપદોને વિધ્યર્થ, સંશયાર્થ અને સંકેતાર્થમાં વાપરી બતાવો:—ફરવું, કહેવું, બોલવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોના કાળ અને અર્થ ઓળખો :—

(ક) મને પાણી આપશો ?
(ખ) માળી બાગમાં પાણી છાંટે છે.
(ગ) એને ત્યાંથી ખસેડ.
(ઘ) તબિયત ઠીક હશે તો હું નીકળીશ.
(ઙ) જે ખોદે તે પડે.
(ચ) બાળકોએ વડીલને માન આપવું.
(છ) તેણે તમને છેતર્યા હશે.
(જ) એનું ભલું થજો.
(ઝ) કોયલ ટહુકે છે.

પાઠ પંદરમો

ક્રિયાપદના પ્રકાર

[૧]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોનો પ્રકાર ઓળખો :—

(૧) પંખી ઊડે છે.	(૧) પંખી ફળ ખાય છે.
(૨) બાળક ઊંઘે છે.	(૨) બાળક માને બોલાવે છે.

પહેલા ખાનામાં ક્રિયાપદને કર્મ લાગેલું નથી. જે ક્રિયાપદને કર્મ ન લાગે તેને અકર્મક ક્રિયાપદ કહે છે. ઊડે છે, ઊંઘે છે—એ દરેક અકર્મક ક્રિયાપદ છે.

બીજા ખાનામાં દરેક ક્રિયાપદને કર્મ લાગેલું છે. જે ક્રિયાપદને કર્મ લાગે છે તેને સકર્મક ક્રિયાપદ કહે છે. ખાય છે, બોલાવે છે—એ દરેક સકર્મક ક્રિયાપદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું ખાય છે? ફળ. કોને બોલાવે છે? માને. આ રીતે ક્રિયાપદને શું અથવા કોને લગાડી પ્રશ્ન પૂછવાથી કર્મ જડે છે.

[૨]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોનો પ્રકાર ઓળખો :—

(૧) રજની રૂમાલ ગૂંથે છે.	(૧) હું ભિખારીને પૈસો આપું છું.
(૨) સુરેશ કપડાં પહેરે છે.	(૨) ગોવિંદ ગોપાળને પત્ર લખે છે.

બધાં ક્રિયાપદો સકર્મક છે. પણ પહેલા ખાનાનાં ક્રિયાપદોને એક કર્મ લાગેલું છે, અને બીજા ખાનાનાં ક્રિયાપદોને બે કર્મ લાગેલાં છે.

જે ક્રિયાપદને એક કર્મ લાગે તેને એકકર્મક ક્રિયાપદ કહે છે. ગૂંથે છે, પહેરે છે—એ દરેક એકકર્મક ક્રિયાપદ છે.

જે ક્રિયાપદને બે કર્મ લાગે તેને દ્વિકર્મક ક્રિયાપદ કહે છે. આપું છું, લખે છે—એ દરેક દ્વિકર્મક ક્રિયાપદ છે.

શું આપું છું? પૈસો. આ પ્રધાન કર્મ કહેવાય છે. કોને આપું છું? ભિખારીને. આ ગૌણ કર્મ કહેવાય છે. આ રીતે દ્વિકર્મક ક્રિયાપદને શું લગાડી પ્રશ્ન પૂછવાથી પ્રધાન કર્મ જડે છે, અને કોને લગાડી પ્રશ્ન પૂછવાથી ગૌણ કર્મ જડે છે.

પૈસો, પત્ર—એની માફક પ્રધાન કર્મ ઘણું કરીને જડ પદાર્થ હોય છે. ભિખારીને, ગોપાળને—એની માફક ગૌણ કર્મ મોટે ભાગે ચેતન પદાર્થ હોય છે.

[૩]

આ વાક્યોમાં ક્રિયાપદો સરખાવો:—

(૧) રસિક ફેંકે છે.	(૧) રસિક દડો ફેંકે છે.
(૨) રસિક થાય છે.	(૨) રસિક દાકતર થાય છે.
(૩) રસિક લાગે છે.	(૩) રસિક ચાલાક લાગે છે.
(૪) રસિકને નીમે છે.	(૪) તે રસિકને પ્રમુખ નીમે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેંકે છે, થાય છે, લાગે છે, નીમે છે—એ ક્રિયાપદોનો અર્થ અધૂરો લાગે છે. શું ફેંકે છે? શું થાય છે? કેવો લાગે છે? શું નીમે છે? એવા પશ્નો ઊઠે છે. તેનો જવાબ દડો, દાકતર, ચાલાક, પ્રમુખ એ પદોથી મળે છે.

ફેંકે છે—એમાં ફેંકવાની ક્રિયા દડા ઉપર થાય છે. એટલે ક્રિયા કરનાર (કર્તા) રસિક છે; પણ ક્રિયાની અસર ભોગવનાર (કર્મ) દડો છે. ક્રિયા કરનાર અને તેની અસર ભોગવનાર જુદા જુદા છે.

થાય છે, લાગે છે—એમાં ક્રિયા કરનાર (કર્તા) રસિક છે, અને તેની અસર ભોગવનાર પણ રસિક જ છે. 'દાકતર' અને 'ચાલાક' એ પદો ક્રિયાની અસર બતાવે છે, અસર ભોગવનાર નહિ. 'દાકતર' એ પદ નામ છે, અને 'ચાલાક' એ પદ વિશેષણ છે.

જે પદ ક્રિયાની અસર ભોગવનાર બતાવે તેને **કર્મ** કહે છે. જે પદ ક્રિયાની અસર બતાવે તેને **ક્રિયાપૂરક** કહે છે. કર્મ હંમેશાં નામ કે સર્વનામ હોય છે. ક્રિયાપૂરક નામ, સર્વનામ કે વિશેષણ હોય છે. ક્રિયાપદને શું અથવા કોને લગાડી પ્રશ્ન પૂછવાથી કર્મ જડે છે, અને શું અથવા કેવો લગાડી પ્રશ્ન પૂછવાથી ક્રિયાપૂરક જડે છે.

ઉપરનાં વાક્યોમાં દડો, રસિકને—એ દરેક કર્મ છે. દાકતર, ચાલાક, પ્રમુખ—એ દરેક ક્રિયાપૂરક છે.

જે ક્રિયાપદનો અર્થ પૂરો કરવા ક્રિયાપૂરકનું પદ ઉમેરવું પડે તેને **અપૂર્ણ ક્રિયાવાચક ક્રિયાપદ** કહે છે. થાય છે, લાગે છે, નીમે છે—એ દરેક અપૂર્ણ ક્રિયાવાચક ક્રિયાપદ છે.

થાય છે, લાગે છે—એમને કર્મ લાગેલું નથી, પણ તેમને ક્રિયાપૂરકની જરૂર પડે છે. તેથી તે દરેક **અપૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ** છે. એની સરખામણીમાં ઊડે છે, ઊંઘે છે એ દરેક **સંપૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીમે છે—એને કર્મ લાગેલું છે, અને ક્રિયાપૂરક પણ લગાડવું પડે છે. તેથી તેને અપૂર્ણ ક્રિયાવાચક સકર્મક ક્રિયાપદ કહેવાય. રૂંકે છે—એને કર્મ લાગેલું છે, પણ ક્રિયાપૂરક લગાડવું પડ્યું નથી. તેથી તે સકર્મક અથવા એકકર્મક ક્રિયાપદ કહેવાય.

[૪]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં ક્રિયાપદો સરખાવો:-

(૧) હું અહીં છું.	(૧) હું અહીં રમું છું.
(૨) તું ત્યાં હતો.	(૨) તું ત્યાં રમતો હતો.
(૩) તે ઘેર હશે.	(૩) તે ઘેર રમ્યો હશે.

છું, હતો, હશે—એ દરેક પદ પહેલા ખાનામાં સ્વતંત્ર ક્રિયાપદ છે, અને બીજા ખાનામાં 'રમ' ધાતુનાં કાળવાચક રૂપો બનાવવામાં તે મદદ કરે છે.

જે ક્રિયાપદ આ રીતે બીજા ક્રિયાપદનાં રૂપો બનાવવામાં મદદ કરે છે તેને સહાયકારી ક્રિયાપદ કહે છે. છું, હતો, હશે એ દરેક પહેલા ખાનામાં અકર્મક ક્રિયાપદ છે; અને બીજા ખાનામાં સહાયકારી ક્રિયાપદ છે.

[૫]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોનો અર્થ જુઓ :—

(૧) હું ચોપડી વાંચું છું.	વાંચવાની ક્રિયા કરું છું. (સાદો અર્થ)
(૨) હું તેને એ વાંચવા દઉં છું.	વાંચવાની ક્રિયા કરવાની છૂટ આપું છું.
(૩) હું એ વાંચી નાખું છું.	વાંચવાની ક્રિયા ઉતાવળથી પૂરી કરું છું.
(૪) હું કલાકથી તે વાંચ્યા કરું છું.	વાંચવાની ક્રિયા કલાકથી સતત ચાલુ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક ક્રિયાપદ વર્તમાનકાળમાં છે. પરંતુ પહેલા વાક્યમાં વાંચવાની ક્રિયાનો સાદો અર્થ છે. બીજાં વાક્યોમાં તે અર્થ બદલાય છે.

વાંચવા દઉં છું—એમાં 'વાંચવું' અને 'દેવું' એ બે ક્રિયાપદો જોડાયાં છે. તેમ થતાં 'દેવું' ક્રિયાપદનો અર્થ (આપવું) જતો રહે છે, અને 'વાંચવું' એ મુખ્ય ક્રિયાપદના અર્થમાં 'છૂટ' નો અર્થ ઉમેરાય છે. છેલ્લાં બે વાક્યોમાં પણ એ રીતે મુખ્ય ક્રિયાપદનો અર્થ બીજા ક્રિયાપદને લીધે બદલાય છે, અને બીજા ક્રિયાપદનો પોતાનો અર્થ જતો રહે છે.

આવી રીતે બે ક્રિયાપદો જોડાવાથી બનેલા ક્રિયાપદને **સંયુક્ત ક્રિયાપદ** કહે છે. સંયુક્ત એટલે જોડાયેલું.

વાંચવા દઉં છું, વાંચી નાખું છું, વાંચ્યા કરું છું— એ દરેક સંયુક્ત ક્રિયાપદ છે. તેમાં 'વાંચવું' એ મુખ્ય ક્રિયાપદ સાથે દેવું, નાખવું, કરવું એ ક્રિયાપદો જોડાયાં છે.

એ સંયુક્ત ક્રિયાપદોનાં ધાતુનામ આ પ્રમાણે બને: **વાંચવા દેવું, વાંચી નાખવું, વાંચ્યા કરવું.** તે ઉપરથી આ ધાતુઓ બને: **વાંચવા દે, વાંચી નાખ, વાંચ્યા કર.** અને આ ધાતુઓ ઉપરથી કાળવાચક રૂપો બને.

આ રીતે સંયુક્ત ક્રિયાપદમાં મુખ્ય (પહેલું) ક્રિયાપદ કૃદંતના રૂપમાં હોય છે, અને બીજા ક્રિયાપદમાં ફેરફાર થઈ આખા સંયુક્ત ક્રિયાપદનાં રૂપો બને છે.

[૬]

આ પાઠમાં આપણે ક્રિયાપદના મુખ્ય ચાર પ્રકાર શીખ્યાં: અકર્મક, સકર્મક, સહાયકારી અને સંયુક્ત.

અકર્મક ક્રિયાપદના પેટા પ્રકાર:—સંપૂર્ણ ક્રિયાવાચક અને અપૂર્ણ ક્રિયાવાચક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સકર્મક ક્રિયાપદના પેટા પ્રકાર :—એકકર્મક, દ્વિકર્મક, અને અપૂર્ણ ક્રિયાવાચક સકર્મક.

સ્વાધ્યાય

૧ ક્રિયાપદના મુખ્ય પ્રકાર ગણાવો. સકર્મક અને અકર્મક ક્રિયાપદના પેટા પ્રકાર ગણાવો.

૨ કર્મ અને ક્રિયાપૂરકનો તફાવત સમજાવો. આ બે પદો કેવી રીતે ઓળખાય ?

૩ પ્રધાન કર્મ અને ગૌણ કર્મ દાખલા આપી ઓળખાવો.

૪ નીચેનાં ક્રિયાપદો વાક્યમાં વાપરી તેમના પ્રકાર કહો :—

દેખાય છે, પકડ્યો, પૂછતા હતા, ઠરાવ્યો, શીખવશે, આવી ગઈ છે, લખી રહ્યો હશે.

૫ નીચેનાં વાક્યોમાંથી અકર્મક, દ્વિકર્મક અને સંયુક્ત ક્રિયાપદો ઓળખો:—

(ક) આજે શાળામાં સંવાદો થશે.
(ખ) તે ભલે બબડ્યા કરે.
(ગ) રસ્તા ઉપર અજાણ્યા લોકો ફરે છે.
(ઘ) ભાઈએ બહેનને સાડી અપાવી.
(ઙ) મને તમે રોજ નવાં નવાં કામ સોંપો છો.
(ચ) પવનથી ઝાડ પડી ગયું.
(છ) આ દુકાને રમકડાં બહુ ખપે છે.
(જ) લોકો તેને મૂર્ખ માને છે.
(ઝ) આ કચરો બહાર ફેંકી દો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ સોળમો

કર્તરિ અને કર્મણિ પ્રયોગો

[૧]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનું રૂપ જુઓ :—

(૧) હું ચોપડી વાંચું છું.
(૨) અમે ચોપડી વાંચીએ છીએ.
(૩) રમેશ ચોપડી વાંચતો હતો.
(૪) છોકરો ચોપડીઓ વાંચતો હતો.
(૫) રમા પુસ્તકો વાંચતી હતી.

પહેલાં ત્રણ વાક્યોમાં કર્તા બદલાતાં ક્રિયાપદનું રૂપ બદલાયું છે. ચોથા વાક્યમાં કર્મનું વચન બદલાયું છે, પણ તેની અસર ક્રિયાપદ ઉપર જણાતી નથી. પાંચમામાં કર્તાની જાતિ બદલાતાં તેની અસર ક્રિયાપદ ઉપર દેખાય છે. પણ કર્મનાં જાતિ–વચન બદલાયાં હોવા છતાં તેની અસર ક્રિયાપદ ઉપર દેખાતી નથી.

આમ એ બધાં ક્રિયાપદોનાં રૂપો કર્તા પ્રમાણે ફરે છે. એટલે વાક્યમાં ક્રિયાપદનો ઉપરી કર્તા છે. ક્રિયાપદના ઉપરીને ક્રિયાનાથ કહે છે. તેથી એ વાક્યોમાં ક્રિયાનાથ તરીકે કર્તાનું પદ છે.

જે વાક્યમાં કર્તા ક્રિયાનાથ હોય તેમાં ક્રિયાપદનો કર્તરિ પ્રયોગ છે, એમ કહેવાય છે. કર્તરિ એટલે કર્તાના અર્થમાં; પ્રયોગ એટલે ઉપયોગ.

એ રીતે ઉપરનાં બધાં ક્રિયાપદોનો કર્તરિ પ્રયોગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનું રૂપ કેવી રીતે બદલાય છે, તે જુઓ :—

(૧) મેં ચોપડી વાંચી.	(૧) મેં પુસ્તક વાંચ્યું.
(૨) અમે ચોપડીઓ વાંચી.	(૨) અમે પુસ્તકો વાંચ્યાં.
(૩) છોકરાએ પુસ્તક વાંચ્યું.	(૩) છોકરાએ પુસ્તકો વાંચ્યાં.
(૪) લતાએ ગ્રંથ વાંચ્યો.	(૪) લતાએ ગ્રંથો વાંચ્યાં.

કર્તા કાયમ રાખી કર્મનાં જાતિ – વચન બદલીએ તો ક્રિયાપદનું રૂપ બદલાય છે, તે બીજા ખાનાનાં વાક્યો ઉપરથી સમજાય છે. આમ એ વાક્યોમાં ક્રિયાપદનું રૂપ કર્મ પ્રમાણે ફરે છે. એટલે તેમાં કર્મનું પદ ક્રિયાનાથ તરીકે છે.

જે વાક્યમાં કર્મ ક્રિયાનાથ હોય તેમાં ક્રિયાપદનો કર્મણિ પ્રયોગ છે, એમ કહેવાય છે. કર્મણિ એટલે કર્મના અર્થમાં.

[૩]

નીચેનાં વાક્યો વાંચો :—

(૧) બાબુ દૂધ પીએ છે.	(૧) બાબુથી દૂધ પિવાય છે.
(૨) બાબુ દવા પીએ છે.	(૨) બાબુથી દવા પિવાય છે.

પહેલા ખાનામાં કર્મની જાતિ બદલાયા છતાં ક્રિયાપદનું રૂપ બદલાતું નથી. એટલે તેમાં કર્તરિ પ્રયોગ છે.

બીજા ખાનામાં કર્તાની વિભક્તિ ત્રીજી થતાં ક્રિયાપદનું રૂપ બદલાયું છે. તે બતાવે છે કે ક્રિયાનો કરનાર બાબુ છે, પણ ક્રિયા સહન કરનાર 'દૂધ' કે 'દવા' છે. બંને ખાનાંનાં વાક્યોનો અર્થ સરખો છે. પણ બીજા ખાનામાં કર્તા કરતાં કર્મ ઉપર વધારે ભાર મૂકેલો છે. આ પણ કર્મણિ પ્રયોગ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

આ રીતે કર્મણિ પ્રયોગ બે પ્રકારના છે. પહેલા પ્રકાર[ના] કર્મણિ પ્રયોગમાં ક્રિયાપદ ભૂતકાળમાં હોય છે અને તેનો ક[ર્તા] ત્રીજી વિભક્તિમાં હોય છે. બીજા પ્રકારના કર્મણિ પ્રયોગ[માં] ક્રિયાપદને 'આય' પ્રત્યય લાગે છે; તેનો કાળ ગમે તે હો[ઈ] શકે છે; અને કર્તા ત્રીજી વિભક્તિમાં હોય છે.

કર્તરિ પ્રયોગમાં અને પહેલા પ્રકારના કર્મણિ પ્રયોગ[માં] ક્રિયાપદ એના મૂળ અર્થમાં વપરાય છે. તેથી એવા પ્રયોગ[ને] ક્રિયાપદનો મૂળભેદ કહે છે. એની સરખામણીમાં બીજા પ્રકાર[ના] કર્મણિ પ્રયોગને સહ્યભેદ કહે છે, કારણ કે તેમાં કર્મ ક્રિ[યાને] સહન કરનાર હોવાથી તેના ઉપર કર્તા કરતાં વધારે ભાર મૂકે[લો] હોય છે.

નીચેના દાખલા ઉપરથી બંને પ્રકારના પ્રયોગો અ[ને] ભેદો સ્પષ્ટ થશે :—

(૧) બાબુ દૂધ પીએ છે. (૨) બાબુ દૂધ પીશે.	કર્તરિ પ્રયોગ મૂળભેદ
(૩) બાબુએ દૂધ પીધું.	કર્મણિ પ્રયોગ મૂળભેદ
(૧) બાબુથી દૂધ પિવાય છે. (૨) બાબુથી દૂધ પિવાયું. (૩) બાબુથી દૂધ પિવાશે.	કર્મણિ પ્રયોગ સહ્યભેદ

સ્વાધ્યાય

૧ નીચેનાં ક્રિયાપદો વાપરી એક એક વાક્ય બનાવો અને તે [દરેક] વાક્યમાં ક્રિયાનાથ નીચે લીટી દોરો :— આપવું, પડવું, ખે[ંચવું], ડૂબવું, ચરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ પ્રશ્ન ૧નાં વાક્યોમાંથી ક્રિયાનાથ ઓળખો અને ક્રિયાપદનો પ્રયોગ કહો. નમૂના પ્રમાણે કોઠામાં વિગત ભરો.

વાક્યનો ક્રમાંક	વાક્ય	ક્રિયાનાથ	પ્રયોગ
૫	ખેતરમાં <u>ગાયો</u> ચરે છે.	કર્તા	કર્તરિ

૩ નીચેનાં વાક્યોમાં ક્રિયાપદનો પ્રયોગ કર્તરિ છે કે કર્મણિ તે કહો:—

(ક) હવેથી હું રોજ દૂધ પીશ.
(ખ) ચોરે રાજાને ચાર રત્નો બતાવ્યાં.
(ગ) મિસરના લોકો મડદાં સાચવવાની કળા જાણતા હતા.
(ઘ) ત્યારથી ઇચ્છાબા મારો રેંટિયો સાચવતાં.
(ચ) ભોળા લોકો લુચ્ચા લોકોથી છેતરાય છે.

૪ નીચેનાં વાક્યોમાં જે ક્રિયાપદો કર્તરિ પ્રયોગમાં હોય તેમને કર્મણિ પ્રયોગમાં ફેરવો :—

(ક) કાબુલી મીનીને બદામ આપે છે.
(ખ) તેનાથી એ બોજો ઉંચકાશે ?
(ગ) સરકાર અમારો પગાર બે વર્ષે વધારે છે.
(ઘ) કાનજી ચાલાકીથી મોટર હાંકે છે.
(ઙ) ફકીરે બચ્ચાને ઉપાડી ખભે મૂક્યું.

૫ આ સ્વાધ્યાયનાં વાક્યોમાંથી સહ્યભેદવાળાં વાક્યો જુદાં ઉતારો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ સત્તરમો

અવ્યય અને તેના પ્રકાર

[૧]

નીચેનાં વાકયોમાં મોટા અક્ષરવાળાં પદો ઓળખો :—

(૧) પેલો છોકરો તાજો રોટલો **અને** લીલું મ
ખાય છે.

(૨) પેલા છોકરાઓએ તાજા રોટલા **અને** લી
મરચાં ખાધાં.

(૩) પેલી છોકરી **અને** હું સૂકું કોપરું **અને** ખા
ખાઈએ છીએ.

(૪) પેલી છોકરીઓએ **અને** મેં સૂકાં કોપરાં અ
ખારેકો ખાધી.

દરેક વાકયમાં અને એ પદ અવ્યય છે. બીજાં પદોનું
બદલાયું છે, પણ 'અને'નું રૂપ બદલાયું નથી.

નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદ—એ દરેક પ્રકા
પદના રૂપમાં જાતિ-વચન-વિભક્તિને લીધે ફેરફાર થાય
રૂપમાં ફેરફાર ન થાય તો પણ એ દરેક પ્રકારના પદમ
જાતિ-વચન-વિભક્તિનો અર્થ નીકળે છે. આ પદોને વ્યયી
કહે છે. એમની સરખામણીમાં અવ્યયને ગમે તે જાતિ, વ
કે વિભક્તિવાળા પદ સાથે વાપરીએ તો પણ તેના રૂપમાં ફેર
થતો નથી.

આ રીતે જે પદના રૂપમાં જાતિ, વચન કે વિભક્તિ
લીધે ફેરફાર થતો નથી તે પદને **અવ્યય** કહે છે. (અ=ન
વ્યય=ફેરફાર.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

નીચેનાં વાક્યોમાં અવ્યયો શું કામ કરે છે તે જુઓ :—

(૧) ત્યાં દૂર એક વાડી છે.	સ્થળ બતાવે છે.
(૨) હવે આવો ત્યારે સાંજના આવજો.	કાળ બતાવે છે.
(૩) છબી આમ ગોઠવો તો ઠીક લાગશે.	રીત બતાવે છે.
(૪) કદાચ ગાડી મોડી આવશે.	સંશય બતાવે છે.
(૫) ઘણું કરીને મારે જવાનું થશે.	સંશય બતાવે છે.

મોટા અક્ષરવાળું દરેક અવ્યય ક્રિયાપદ વિશે વિશેષ માહિતી આપે છે, એટલે ક્રિયાપદના વિશેષણનું કામ કરે છે. તે દરેકને ક્રિયાવિશેષણ અવ્યય કહે છે.

ઉપરના દાખલાથી સમજાય છે કે ક્રિયા ક્યાં, ક્યારે, કેવી રીતે થઈ; થઈ કે નહિ, થશે કે નહિ, વગેરે માહિતી ક્રિયાવિશેષણ અવ્યયથી મળે છે. પાંચમું વાક્ય બતાવે છે કે કેટલીક વાર બે પદો સાથે લેવાથી ક્રિયાવિશેષણ અવ્યય બને છે.

એ રીતે જે અવ્યય ક્રિયાપદના અર્થમાં સ્થળ, કાળ, રીત, સંશય, હા, ના, વગેરે માહિતીનો વધારો કરે તે ક્રિયાવિશેષણ અવ્યય કહેવાય છે.

[૩]

નીચેનાં વાક્યોમાં અવ્યયો શું કામ કરે છે તે જુઓ :—

(૧) ખુરસી પાસે ટેબલ પડેલું છે.	સ્થળ બતાવે છે.
(૨) તેની જોડે પલંગ મૂકેલો છે.	”
(૩) કલાક પહેલાં આવો તો મોહનની પછી જવાય.	કાળ બતાવે છે.
(૪) મારે માટે વેણી લાવજો, પણ [illegible] માટે [illegible] લાવજો.	હેતુ બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અવ્યયો પણ સ્થળ, કાળ, હેતુ, એવા અર્થ બતાવે છે. પણ તે દરેક નામ કે સર્વનામની પછી વપરાયું છે.

જે અવ્યય નામ કે સર્વનામ પછી વપરાય છે તેને **નામ-યોગી** અવ્યય કહે છે. તેથી ઉપરનું દરેક નામયોગી અવ્યય છે.

નામયોગી અવ્યય જે નામ કે સર્વનામ પછી આવે છે તે નામ કે સર્વનામમાં શો ફેરફાર થાય છે, તે તપાસો.

વાકચ (૩)માં એક નામને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે, બીજાં નામોને તે પ્રત્યય લાગ્યો નથી. દરેક સર્વનામને તે પ્રત્યય લાગ્યો છે. (મારે માટે = મારા માટે.)

આ ઉપરથી સમજાય છે કે જે નામ અથવા સર્વનામ પછી નામયોગી અવ્યય આવે તે નામ અથવા સર્વનામ છઠ્ઠી વિભક્તિમાં હોય છે. કોઈ વાર તે વિભક્તિનો પ્રત્યય લાગે છે અને કોઈવાર અધ્યાહાર રહે છે. (ખુરસી પાસે = ખુરસીની પાસે.)

ક્રિયાવિશેષણ અવ્યય ક્રિયાપદ પહેલાં આવે, નામયોગી અવ્યય નામ કે સર્વનામની પછી આવે. બંનેનો અર્થ ઘણી વાર સરખો હોય છે.

[૪]

નીચેનાં વાકચોમાં અવ્યય શું કામ કરે છે તે જુઓ:—

(૧) તમને ને મને સરખી તકલીફ છે.	એકઠાપણું (સમુચ્ચય) બતાવે છે.
(૨) પેન કે પેનસિલ—એમાંથી એક માગો.	એમાંથી એક (વિકલ્પ) બતાવે છે.
(૩) તે હોશિયાર છે, પરંતુ આળસુ છે.	વિરોધ બતાવે છે.
(૪) જયાં તમે જશો ત્યાં હું આવીશ.	સંબંધ બતાવે છે.
(૫) તેને લઈ જાઓ ,નહિ તો તે રડશે.	પરિણામ બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને, કે—એ અવ્યયો બે શબ્દોને જોડે છે. પરંતુ, જ્યાં-ત્યાં, નહિ તો—એ અવ્યયો બે વાક્યોને જોડે છે.

જે અવ્યય બે શબ્દો કે બે વાક્યોને જોડે તેને ઉભયાન્વયી અવ્યય કહે છે. (ઉભય=બે, અન્વયી=સંબંધ જોડનાર.) તેથી ઉપરનું દરેક ઉભયાન્વયી અવ્યય છે. આ દાખલા ઉપરથી સમજાય છે કે ઉભયાન્વયી અવ્યય સમુચ્ચય, વિકલ્પ, વિરોધ, સંબંધ, પરિણામ, વગેરે અર્થો બતાવે છે.

[૫]

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરવાળાં પદો શું કામ કરે છે તે જુઓ :—

(૧) ઓહો! તમે મઝાના લાગો છો!	નવાઈ બતાવે છે.
(૨) અરર! મને વીંછી કરડ્યો!	દુઃખ બતાવે છે.
(૩) ચૂપ! ઘોંઘાટ ન કર.	ગુસ્સો બતાવી હુકમ કરે છે.
(૪) જી, આ આવ્યો.	વિનય બતાવે છે.
(૫) બાપ રે! પેલો સાપ દેખાય!	ભય બતાવે છે.
(૬) અલ્યા એ! અહીં આવ.	સંબોધન કરે છે.
(૭) જય જય! પધારજો.	શુભેચ્છા બતાવે છે.

દરેક પદ કંઈક લાગણી બતાવે છે. તેની પછી ઉદ્‌ગારચિહ્ન કે અલ્પવિરામ મૂકેલું છે. એટલે તે દરેક પદ વાક્યથી છૂટું છે.

જે પદ લાગણી કે ઉદ્‌ગાર બતાવે અને વાક્યથી છૂટું પાડી વપરાય તેને કેવળપ્રયોગી અવ્યય કહે છે. તેથી ઉપરનું દરેક પદ કેવળપ્રયોગી અવ્યય છે.

આ દાખલા ઉપરથી સમજાય છે કે કેવળપ્રયોગી અવ્યય એક અથવા તેથી વધારે શબ્દનું બની શકે છે, અને તેમાં ગમે તે પ્રકારનું પદ આવી શકે છે. (ચૂપ—ક્રિયાપદ; બાપ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જય—નામ; એ—સર્વનામ; ઓહો, અરર, જી, અલ્યા—અવ્યય.)

[૬]

ઉપર પ્રમાણે અવ્યયના ચાર પ્રકાર છે :— ક્રિયાવિશેષણ, નામયોગી, ઉભયાન્વયી અને કેવળપ્રયોગી.

સ્વાધ્યાય

૧ અવ્યયના પ્રકાર ગણાવો અને દરેક પ્રકારનાં બે બે અવ્યયો આપો.

૨ નીચેનાંમાંથી યોગ્ય અવ્યયો વાપરી પાંચ વાક્યો બનાવો અને એ રીતે વપરાયેલા દરેક અવ્યયનો પ્રકાર ઓળખો :—

સાથે, સુધી, નહિ, કારણ કે, ધીમે ધીમે, સારુ, કેમ, અહીં, હાશ, અરેરે, તો, વાહ

૩ મુખ્ય પદો દર્શાવતો કોઠો દોરો અને તેમાં નીચેનાં પદો યોગ્ય ખાનાંમાં ગોઠવો :—

છેવટે, પણે, લૂલો, છાયા, તરફ, લાંબું, સૂતરફેણી, બંધ, ટીપું, ક્યાં, જેમણે, તેથી, તમારામાં, સાદાઈ, પોતાનું, ખાખરો, ભાંગશે, પંચ, પાંચ, પાંખડી, પાખંડી, બનાવટ, આબાદ, વિના, ભારો, પણ, પીંછાં, પાછાં, કર્યું, ભોજન

૪ નીચેનાં વાક્યોમાં ખૂટતાં પદો ઉમેરો અને ઉમેરેલા દરેક પદનો મુખ્ય પ્રકાર કહો :—

(ક) ______ વાંચો ______ મને સંભળાય.

(ખ) આપણા દેશ ______ ______ આફત ઊતરી છે.

(ગ) ______ જૂઠું બોલશો ______ પસ્તાવું પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) ભીખ માગવા ______ મજૂરી ______ પેટ ભરવું ______ છે.

(૬) તાડનાં ઝાડ ______ હોય છે, ______ તેમને પાંદડાં ______ હોય છે.

૫ નીચેના ફકરામાંથી અવ્યયો ઓળખો અને તે દરેકની વિગતવાર ઓળખ આપો :—

ખેંગારની રાણી સતી થતી હતી, એટલે તેને પૂજવા કંકુ ને ફૂલ લઈ પુરુષો તેમ જ સ્ત્રીઓ બહાર પડી. બધાં સ્મશાન ભણી વળ્યાં. રસ્તે ચાલતાં સૌ સતીનાં વખાણ કરતાં હતાં. એક સ્ત્રીએ કહ્યું, "વાહ! શું એનું ભાગ્ય!" બીજી કહે, "અરે! આવું ભાગ્ય તો પુણ્યશાળીને જ હોય!"

*

પાઠ અઢારમો

વાક્ય—પદચ્છેદ

[૧]

વાકયનાં પદોનાં વિવિધ રૂપો ઓળખતાં અને વાપરતાં આ પુસ્તકમાં આપણે શીખ્યાં. દરેક પ્રકારના પદને વાકયમાંથી છૂટું પાડી તેની વિગતવાર ઓળખ આપતાં પણ આપણે શીખ્યાં છીએ. આવી રીતે વાકયનાં પદોને છૂટાં પાડી, તે દરેકની વિગતવાર ઓળખ આપીએ, તેને 'પદચ્છેદ કર્યો' એમ કહે છે.

પદચ્છેદ એટલે દરેક પદ છૂટું પાડી તે વિષે આપણે જેટલી વિગત જાણતાં હોઈએ તેટલી વિગત કહેવી તે.

કેટલીક વખત બધી વિગતોને બદલે માત્ર પદોનો મુખ્ય પ્રકાર માગ્યો હોય છે. એ રીતે પદોનો માત્ર સાદો પ્રકાર ઓળખાવીએ તેને સાદો પદચ્છેદ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદચ્છેદના ત્રણ નમૂના નીચે આપ્યા છે. તે પ્રમાણે કોઈ પણ વાક્યનો પદચ્છેદ કરી શકાય.

[૨]

પદચ્છેદના નમૂના

વાક્ય:—બધાં બાળકો ધીમે ધીમે નિશાળે ગયાં.

બધાં—અનિશ્ચિત વિશેષણ. સંખ્યા બતાવે છે. વિશેષ્ય: 'બાળકો'. તેથી નાન્યતર જાતિ, બહુવચન, પહેલી વિભક્તિ.

બાળકો—સામાન્ય નામ, નાન્યતર જાતિ, બહુવચન, પહેલી વિભક્તિ. 'ગયાં' ક્રિયાપદનો કર્તા છે.

ધીમે ધીમે—ક્રિયાવિશેષણ અવ્યય. 'ગયાં' ક્રિયાપદની રીત બતાવે છે.

નિશાળે—સામાન્ય નામ, નારી જાતિ, એકવચન, સાતમી વિભક્તિ. 'ગયાં' ક્રિયાપદનું સ્થળ બતાવે છે.

ગયાં—અકર્મક ક્રિયાપદ. ધાતુનામ: જવું. ધાતુ: જા. સાદો ભૂતકાળ. કર્તા: બાળકો. કર્મ નથી. ક્રિયાનાથ: બાળકો. તેથી કર્તરિ પ્રયોગ, ત્રીજો પુરુષ, નાન્યતર જાતિ, બહુવચન.

*

ઉપર વિગતવાર પદચ્છેદનો નમૂનો છે. તેને નીચે પ્રમાણે લખીએ તો સાદો પચ્છેદ બને:—

બધાં—અનિશ્ચિત વિશેષણ. **બાળકો**—સામાન્ય નામ. **ધીમે ધીમે**—ક્રિયાવિશેષણ અવ્યય. **નિશાળે**—સામાન્ય નામ. **ગયાં**—અકર્મક ક્રિયાપદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

વાક્ય :—ત્યાં લોકો પરબનું પાણી પીને થાક ઉતારે છે.

પદચ્છેદ

ત્યાં—ક્રિયાવિશેષણ અવ્યય. 'પીને' એ કૃદંતનું તથા 'ઉતારે છે' એ ક્રિયાપદનું સ્થળ બતાવે છે.

લોકો—સમૂહવાચક નામ, નર જાતિ, બહુવચન, પહેલી વિભક્તિ. 'પીને' તથા 'ઉતારે છે'નો કર્તા છે.

પરબનું—સામાન્ય નામ, નારી જાતિ, એકવચન, છઠ્ઠી વિભક્તિ. 'પાણી' સાથે સંબંધ છે.

પાણી—દ્રવ્યવાચક નામ, નાન્યતર જાતિ, એકવચન, બીજી વિભક્તિ. 'પીને' એ કૃદંતનું કર્મ છે.

પીને—સંબંધક ભૂતકૃદંત. ધાતુનામ: પીવું. ધાતુ : પી. અવ્યય તરીકે વપરાયું છે. 'ઉતારે છે' એ ક્રિયાપદ સાથે સંબંધ છે. કર્તા : લોકો. કર્મ : પાણી.

થાક—ભાવવાચક નામ, નર જાતિ, એકવચન, બીજી વિભક્તિ. 'ઉતારે છે'નું કર્મ છે.

ઉતારે છે—સકર્મક ક્રિયાપદ. ધાતુનામ: ઉતારવું. ધાતુ : ઉતાર. સાદો વર્તમાનકાળ. કર્તા : લોકો. કર્મ : થાક. ક્રિયાનાથ : 'લોકો.' તેથી કર્તરિ પ્રયોગ, ત્રીજો પુરુષ, નર જાતિ, બહુવચન.

[૪]

વાક્ય :—ઘેર જઈ, માસીએ જયપુરથી આવેલાં રમકડાં અમને વહેંચી આપ્યાં.

પદચ્છેદ

ઘેર—સામાન્ય નામ, નાન્યતર જાતિ, એકવચન, સાતમી વિભક્તિ. 'જઈ' એ કૃદંતનું સ્થળ બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈ—સંબંધક ભૂતકૃદંત. ધાતુનામ: જવું. ધાતુ: જા. અવ્યય તરીકે વપરાયું છે. 'વહેંચી આપ્યાં' એ ક્રિયાપદ સાથે સંબંધ છે. કર્તા : માસીએ. કર્મ નથી.

માસીએ—સામાન્ય નામ, નારી જાતિ, એકવચન, ત્રીજી વિભક્તિ. 'જઈ' નો તથા 'વહેંચી આપ્યાં' નો કર્તા છે.

જયપુરથી—વિશેષ નામ, નાન્યતર જાતિ, એકવચન, પાંચમી વિભક્તિ. 'આવેલાં' એ કૃદંત સાથે સંબંધ છે.

આવેલાં—વિશેષ ભૂતકૃદંત. ધાતુનામ : આવવું. ધાતુ : આવ. વિશેષણ તરીકે વપરાયું છે. વિશેષ્ય : રમકડાં. તેથી નાન્યતર જાતિ, બહુવચન, બીજી વિભક્તિ.

રમકડાં—સામાન્ય નામ, નાન્યતર જાતિ, બહુવચન, બીજી વિભક્તિ. 'વહેંચી આપ્યાં' નું પ્રધાન કર્મ છે.

અમને—પુરુષવાચક સર્વનામ. પહેલો પુરુષ, ગમે તે જાતિ, બહુવચન, ચોથી વિભક્તિ. 'વહેંચી આપ્યાં' નું ગૌણ કર્મ છે.

વહેંચી આપ્યાં—દ્વિકર્મક સંયુક્ત ક્રિયાપદ. ધાતુનામ: વહેંચી આપવું. ધાતુ : વહેંચી આપ. સાદો ભૂતકાળ. કર્તા : માસીએ. પ્રધાન કર્મ : રમકડાં. ગૌણ કર્મ : અમને. ક્રિયાનાથ : રમકડાં. તેથી કર્મણિ પ્રયોગ, ત્રીજો પુરુષ, નાન્યતર જાતિ, બહુવચન.

સ્વાધ્યાય

૧ મુખ્ય પદો દર્શાવતો કોઠો દોરો અને તેમાં નીચેનાં વાક્યોમાંનાં પદો યોગ્ય ખાનાંમાં ગોઠવો :—

(ક) વનરાજ ગુજરાતનો રાજા હતો.

(ખ) શેરીમાં **ઘણા** છોકરા ગીલ્લીદંડા રમતા હતા.

(ગ) મૂરખ મિત્ર **કરતાં** ડાહ્યો દુશ્મન સારો.

(ઘ) શ્યામ, આ **સાંભળી**, બહુ શરમાઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ङ) **અરુણા** પોતાનું દફતર **હરરોજ ભીંતે** લટકાવે છે.

(ચ) બપોરે ગોવાળિયો **ધણને** વડ તળે **લઈ જઈ ઘાસ** નાંખશે.

(છ) **શિયાળે** કૂવામાં ડોકિયું કરીને જોયું તો **તેને** અંદર બકરો જણાયો.

(જ) **જે** દોરી ઝંડા સાથે બાંધી હતી **તે** મેં **છોડી નાખી છે.**

(ઝ) **અમારી** ટુકડીએ તે જમીનને ખેડી તેમાં **ધાણા વાવ્યા.**

૨ પ્રશ્ન ૧નાં પહેલાં પાંચ વાક્યોનો સાદો પદચ્છેદ કરો.

૩ પ્રશ્ન ૧નાં વાક્યોનાં મોટા અક્ષરવાળાં પદોનો વિગતવાર પદચ્છેદ કરો.

*

પાઠ ઓગણીસમો

વાક્ય—પૃથક્કરણ

[૧]

નીચેના વાક્યમાં કોને વિષે કહેલું છે? શું કહેલું છે?

કેશવ ધોળી ટોપી પહેરે છે.

વાક્યમાં જેને વિશે કહેલું હોય તેને ઉદ્દેશ્ય કહે છે, અને જે કહેલું હોય તેને વિધેય કહે છે. એ રીતે દરેક વાક્યના બે વિભાગ થઈ શકે છે.

ઉપરના વાક્યના બે વિભાગ આમ થાય :—

કોને વિષે કહેલું છે? ઉદ્દેશ્ય	શું કહેલું છે? વિધેય
કેશવ	ધોળી ટોપી પહેરે છે

ગુરુકુલ કાંગડી (library stamp)
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

નીચેનાં વાકયોના ઉદ્દેશ્ય અને વિધેય એવા વિભાગ પાડો:-

(૧) નાની બાળાઓ સરસ ગરબા ગાય છે.

(૨) મોટા મામા દોડતા આવ્યા.

(૩) અમારો ઓરડો આજે સાફ છે.

(૪) એક આંધળો બાવો અહીં રસ્તા ઉપર ભીખ માગે છે.

વાકયનો ક્રમાંક	ઉદ્દેશ્ય	વિધેય
૧	નાની બાળાઓ	સરસ ગરબા ગાય છે
૨	મોટા મામા	દોડતા આવ્યા
૩	અમારો ઓરડો	આજે સાફ છે
૪	એક આંધળો બાવો	અહીં રસ્તા ઉપર ભીખ માગે છે.

વાકયનાં મુખ્ય પદો—ક્રિયાપદ અને કર્તા—કયા કયા ખાનામાં છે, તે જુઓ.

ક્રિયાપદ અને તેને લગતાં બધાં પદો વિધેયના ખાનામાં છે. કર્તા અને તેને લગતાં બધાં પદો ઉદ્દેશ્યના ખાનામાં છે.

આ ઉપરથી સમજાય છે કે કર્તા અને તેને લગતાં પદો છૂટાં પાડીએ, એટલે ઉદ્દેશ્ય વિભાગ બને. અને ક્રિયાપદ અને તેને લગતાં પદો છૂટાં પાડીએ એટલે વિધેય વિભાગ બને.

[૩]

હવે ઉદ્દેશ્ય વિભાગમાં કયાં કયાં પદો છે તે જુઓ :—

વાકય (૧): 'બાળાઓ' એ મુખ્ય પદ છે. 'નાની' એ વિશેષણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાક્ય (૨): મામા—મુખ્ય પદ. મોટા—વિશેષણ.

વાક્ય (૩): ઓરડો — " અમારો — "

વાક્ય (૪): બાવો — " એક, આંધળો—"

આ રીતે દરેક વાક્યના ઉદ્દેશ્ય વિભાગમાં એક મુખ્ય પદ છે અને બીજું વિશેષણ છે.

ઉદ્દેશ્ય વિભાગના મુખ્ય પદને ઉદ્દેશ્ય કહે છે, અને ઉદ્દેશ્યના અર્થમાં વધારો કરનાર એક અથવા તેથી વધારે પદોને ઉદ્દેશ્યવર્ધક કહે છે.

આ રીતે ઉદ્દેશ્ય વિભાગના બે પેટા વિભાગ પડે છે:— ઉદ્દેશ્ય અને ઉદ્દેશ્યવર્ધક.

[૪]

હવે વિધેય વિભાગનાં પદો જોઈએ:—

વાક્ય (૧)—ગાય છે: ક્રિયાપદ. ગરબા: કર્મ.
સરસ: કર્મનું વિશેષણ.

વાક્ય (૨)—આવ્યા: ક્રિયાપદ. દોડતા: ક્રિયાવિશેષણ.

વાક્ય (૩)—છે: ક્રિયાપદ. સાફ: ક્રિયાપૂરક.
આજે: ક્રિયાવિશેષણ.

વાક્ય (૪)—માગે છે: ક્રિયાપદ. ભીખ: કર્મ.
અહીં: ક્રિયાવિશેષણ.
રસ્તા ઉપર: સ્થળ બતાવનાર પદો.

આ રીતે વિધેય વિભાગમાં આટલા પ્રકારનાં પદો છે:— ક્રિયાપદ, કર્મ, કર્મનું વિશેષણ, ક્રિયાપૂરક, ક્રિયાવિશેષણ, અને સ્થળ બતાવનાર પદો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે શીખી ગયાં કે ક્રિયાવિશેષણનું પદ વિશેષણ પણ હોય અને અવ્યય પણ હોય. તે ક્રિયાનું સ્થળ, કાળ, રીત, કારણ, હકાર, નકાર, વગેરે બતાવી ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે. નામયોગી અવ્યય અને તેની સાથે જોડાયેલું નામ પણ આવા જ અર્થ બતાવી ક્રિયાવિશેષણનું કામ કરે છે. તેથી વિધેય વિભાગમાં જે પદ કે પદો ક્રિયાનાં સ્થળ, કાળ, રીત, વગેરે બતાવતાં હોય તે પદ કે પદોને ક્રિયાવર્ધક કહે છે. કર્મના વિશેષણને કર્મવર્ધક કહે છે.

આ રીતે વિધેય વિભાગના આટલા પેટા વિભાગ પડે છે:— ક્રિયાપદ, કર્મ, કર્મવર્ધક, ક્રિયાપૂરક અને ક્રિયાવર્ધક.

[૫]

ઉપરનાં વાક્યોના વિભાગ અને પેટા વિભાગ કોઠાના રૂપમાં આ પ્રમાણે ગોઠવાય :—

વાક્ય ક્રમાંક	ઉદ્દેશ્ય વિભાગ		વિધેય વિભાગ				
	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	ક્રિયાપદ	કર્મ	કર્મ-વર્ધક	ક્રિયા-પૂરક	ક્રિયાવર્ધક
૧	બાળાઓ	નાની	ગાય છે	ગરબા	સરસ	—	—
૨	મામા	મોટા	આવ્યા	—	—	—	દોડતા
૩	ઓરડો	અમારો	છે.	—	—	સાફ	આજે
૪	બાવો	એક, આંધળો	માગે છે	ભીખ	—	---	અહીં, રસ્તા ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે વાક્યના મુખ્ય વિભાગ અને પેટા વિભાગ કરી, તેમને કોઠાના રૂપમાં ગોઠવીએ, તેને વાક્યનું પૃથક્કરણ કર્યું, એમ કહે છે. પૃથક્=છૂટું. કરણ=કરવાની ક્રિયા.

વાક્યનું પૃથક્કરણ એટલે તેના મુખ્ય વિભાગ અને પેટા વિભાગ છૂટા કરવાની ક્રિયા.

[૬]

ઉપરના દરેક વાક્યમાં મુખ્ય ક્રિયાપદ એક એક જ છે, તે જુઓ.

જે વાક્યમાં એક જ મુખ્ય ક્રિયાપદ હોય તેને સાદું વાક્ય કહે છે. તેથી ઉપરનું દરેક વાક્ય સાદું છે.

સાદા વાક્યમાં ક્રિયાપદ એક જ હોય, કૃદંતો અને બીજાં પદો ગમે તેટલાં હોય. એટલે કે સાદું વાક્ય લાંબું પણ હોય અને ટૂંકું પણ હોય. તેની કસોટી એ કે તેમાં એક જ મુખ્ય ક્રિયાપદ હોય.

આ પાઠમાં **સાદા વાક્યનું પૃથક્કરણ** કરવાની રીત બતાવી છે.

સ્વાધ્યાય

૧ નીચેનાં વાક્યોના ઉદ્દેશ્ય અને વિધેય એવા બે વિભાગ પાડો :—

(ક) તમે પેલી શરત પાળશો ?

(ખ) આજની સભામાં મહેન્દ્ર ભાષણ કરવાનો છે.

(ગ) તેમના કાગળો જમીન ઉપર વેરાયા છે.

(ઘ) હું ભૂરી શાહીથી લખું છું.

૨ નીચે વાક્યોના ટુકડા આપ્યા છે. તે જોડી વાક્યો બનાવો :—

(ક) દાદીમા | ઘણી વાર | જાય છે | સવારમાં | દર્શન કરવા |

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ખ) આપે છે | દુનિયાના લોકો | પંડિત જવાહરલાલને | ઘણું માન |

(ગ) ઘણા પ્રશ્નો | તેમણે | પૂછ્યા | મને | જોઈને | તે બધાને |

(ઘ) નાની ઝૂંપડીઓમાં | બળતા હતા | પહાડની | ઝાંખા દીવા |

(ઙ) એ બહાદુર યોદ્ધો | ચાલ્યો | ખભે ઉપાડી | બાળકના શરીરને |

(ચ) આશીર્વાદથી | કમાયો | હું | ઘરડાં માબાપના | ખૂબ ધન |

૩ પ્રશ્ન ૨નાં વાક્યોનું કોઠાના રૂપમાં પૃથક્કરણ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખન

★

પાઠ પહેલો

રમતની હરીફાઈ ગોઠવવા બાબત પત્ર

સરસ્વતી વિદ્યાલય,
સ્ટેશન રોડ,
નડિયાદ,
તા. ૨–૩–૧૯૫૧

શ્રી. રાવજીભાઈ પટેલ,
ધોરણ છઠ્ઠું, નૂતન શાળા,
નડિયાદ

ભાઈશ્રી રાવજીભાઈ,

તમે તમારી શાળાની હુતુતુતુ ટુકડીના સરદાર છો, એ જાણી મને ખૂબ આનંદ થયો છે. હું પણ અમારી શાળાની ટુકડીનો સરદાર છું. અમારા વર્ગની ઇચ્છા તમારા વર્ગની ટુકડી સાથે હુતુતુતુની હરીફાઈ ગોઠવવાની છે. મેં અમારા ગુરુજીને એ બાબત વાત કરી છે અને તેમની રજાથી આ પત્ર તમને લખું છું. જો તમને અનુકૂળ હોય તો આવતા શનિવારે ૪ વાગ્યે આપણે હરીફાઈ ગોઠવીએ. અમારી શાળાનું મેદાન એ માટે મળી શકશે. તમારા મેદાન ઉપર આવવામાં પણ અમને વાંધો નથી.

તમારા ગુરુજીને પૂછી બને તેટલો વહેલો જવાબ લખશો.

લિ૦
રણજિત દેસાઈના વંદન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ ઉપરનો પત્ર વાંચી એનો જવાબ લખો.

૨ ' હુતુતુતુ ' ની રમત કેવી રીતે રમાય છે તેનું વર્ણન લખો.

૩ તમારી શાળાની ક્રિકેટ-મૅચ રમાવાની છે. એ જોવા માટે તમારા મિત્રને નિમંત્રણ આપતો એક પત્ર લખો.

પાઠ બીજો

ન્યાયી રાજા

(મુદ્દાઓ ઉપરથી વાર્તા)

આ મુદ્દાઓ ઉપરથી બનાવેલી એક વાર્તા નીચે આપી છે. તે વાંચો :—

ગરીબ છોકરી—બજારમાં પોતાનાં લૂગડાં વેચવા જાય છે—દુકાન આગળ છૂપા વેશે ઊભેલો રાજા—છોકરીને પૂછે છે: કપડાં શા માટે વેચે છે ?—છોકરી કહે છે: ગરીબાઈને લીધે—છોકરીનો પિતા રાજાની નોકરીમાં મરણ પામેલો—રાજા તરફથી મદદ મળેલી નહિ—રાજાનો પસ્તાવો અને મદદ.

ન્યાયી રાજા

એક દિવસ વિક્રમપુરનો રાજા છૂપા વેશે ગામમાં ફરવા નીકળ્યો હતો. ફરતો ફરતો તે બજારમાં આવી પહોંચ્યો અને એક દુકાન પાસે ઊભો રહ્યો. ત્યાં આગળ બારેક વર્ષની એક બાળા ઊભેલી હતી. તે ગરીબ દેખાતી હતી અને પોતાનાં લૂગડાં વેચવા આવી હતી. દુકાનદારે એ લૂગડાં તપાસી જોયાં ને તેના બે રૂપિયા આપવા કહ્યું. છોકરીએ ચાર રૂપિયા માગ્યા. પણ દુકાનદારે તે આપ્યા નહિ. આખરે અઢી રૂપિયે સોદો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ત્યાં ઊભો રહીને આ બધું જોયા કરતો હતો. તેણે છોકરીને કહ્યું, "બહેન, તું તારાં લૂગડાં શા માટે વેચી નાંખે છે? તારા શરીર પરનાં કપડાં તો ફાટેલાં છે. આ કપડાં તારે પહેરવા માટે નહિ જોઈએ?"

"શેઠ, અમે ઘણાં ગરીબ છીએ. મારી મા અંધ છે. અમારે ખાવા અન્ન નથી. ઘરમાં કોઈ કમાનાર નથી. ઘરમાં જે ચીજો હતી તે બધી વેચીસાટીને આજ સુધી ચલાવ્યું. હવે તો આ લૂગડાં સિવાય ઘરમાં વેચવા જેવું બીજું કાંઈ જ રહ્યું નથી." આમ બોલતાં બોલતાં છોકરીની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં.

રાજાને છોકરી પર દયા આવી. તેની વાતમાં તેને વધુ રસ પડ્યો. રાજા બોલ્યો, "બહેન, રડ નહિ. મને તારી હકીકત કહે. તારા પિતા શું કરતા હતા? તે ક્યારે મરણ પામ્યા?"

છોકરીએ દયામણા અવાજે કહ્યું, "મારા પિતા આ ગામના રાજાના લશ્કરમાં નોકરી કરતા હતા. રાજાએ તેમને રામપુર જોડે લડવા મોકલ્યા. અને લડાઈમાં તે મરણ પામ્યા. આજ ત્રણ વર્ષથી મારી મા, નાનો ભાઈ અને હું નિરાધાર બન્યાં છીએ. મારી અંધ માતાને લઈને હું રાજાને મળવા ગઈ, ત્યારે રાજાના દરવાને અમને ધમકાવી કાઢી મૂક્યાં."

રાજાએ પૂછ્યું, "બહેન, તારા પિતાનું નામ શું? એમણે કેટલાં વર્ષ રાજ્યની નોકરી કરેલી?"

છોકરીએ જવાબ આપ્યો, "મારા પિતાનું નામ ઉદયસિંહ. તેમણે પંદર વર્ષ રાજ્યની નોકરી કરી હતી."

રાજાને લાગ્યું કે છોકરીને તથા તેની માતાને ઘણો અન્યાય થયો હતો. તેણે તેનું નામઠામ પૂછી લીધું અને દસ રૂપિયા આપી કહ્યું, "બહેન, હવે તું આ લૂગડાં વેચીશ નહિ."

બીજે દિવસે તે છોકરીને તથા તેની માતાને દરબારમાંથી તેડું આવ્યું. આગલે દિવસે મળેલા શેઠને જ ગાદી પર બેઠેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ, છોકરી સમજી ગઈ કે પોતાને દસ રૂપિયા આપનાર તો ગામના રાજા જ હતા! રાજાએ બંને જણને દરબારમાં બેસાડ્યાં અને રાજ્યની તિજોરીમાંથી તેમને માસિક પચીસ રૂપિયા મળે તેવી ગોઠવણ કરી આપી.

કેવો ન્યાયી અને દયાળુ રાજા!

સ્વાધ્યાય

૧ રાજાને માટે વાર્તામાં કયાં વિશેષણો વપરાયાં છે? રાજા એવો હતો ખરો? શા ઉપરથી એમ કહી શકાય?

૨ છોકરી અને રાજા વચ્ચે થયેલી વાતચીત સંવાદ રૂપે લખો.

૩ નીચેના શબ્દો વાક્યમાં વાપરી તેમના અર્થ લખો :—
સોદો થયો; વેચીસાટીને; નામઠામ; તેડું આવ્યું; અન્યાય થયો.

૪ તમે સાંભળેલી કોઈ એક વાર્તા લખો.

૫ નીચેના મુદ્દાઓ ઉપરથી વાર્તા બનાવો. વાર્તાને મથાળું આપવાનું ભૂલશો નહિ :—

એક મુસાફર—બે ઘોડા લઈને ધર્મશાળામાં જાય છે—એક ઘોડો લાંબી પૂંછડીવાળો—બીજો ટૂંકી પૂંછડીવાળો—લાંબી પૂંછડીવાળાને રાખવાના આઠ આના વધારે—કારણ, લાંબી પૂંછડીવાળો માખી ઉડાડી શકે—ટૂંકી પૂંછડીવાળાને વારે ઘડીએ ડોકું હલાવવું પડે—તેથી લાંબી પૂંછડીવાળો વધારે ઘાસ ખાય!

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ત્રીજો

સિંહ

(વર્ણનાત્મક નિબંધ)

સિંહ જંગલમાં રહેનારું પ્રાણી છે. તેના કરતાં કદમાં બીજાં ઘણાં પ્રાણીઓ મોટાં હોય છે. બળમાં પણ વાઘ અને હાથી ચઢિયાતા હોય છે. પણ સિંહના મોઢા પર જેવો પ્રભાવ હોય છે તેવો બીજા કોઈ પ્રાણીના મોઢા પર દેખાતો નથી. વાઘના દેખાવમાં ક્રૂરતા હોય છે; હાથીનામાં જડતા હોય છે. પણ સિંહના દેખાવમાં રાજવી ગૌરવ હોય છે. એની યાળ અને પાતળી કમ્મરથી એના દેખાવની શોભામાં વધારો થાય છે. આથી જ સિંહ વનનો રાજા કહેવાય છે.

સિંહની ઊંચાઈ આશરે ચાર ફૂટ હોય છે. માથાથી પૂંછડીના છેડા સુધી એની લંબાઈ આશરે નવ–દસ ફૂટ હોય છે. એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શરીરનો રંગ આછો પીળો હોય છે. એના પગના પંજા ઘણા મજબૂત હોય છે. પંજા પર અણિયાળા મોટા નહોર હોય છે. શિકાર પાસે ધીમે પગલે જઈ શકાય તે માટે કુદરતે તેના પગ ગાદીવાળા બનાવ્યા છે. સિંહને ત્રણચાર ફૂટ લાંબી પૂંછડી હોય છે અને પૂંછડીને છેડે વાળનો ગુચ્છ હોય છે. તેની ગરદન પર સુંદર યાળ હોય છે. સિંહણને તેવી યાળ હોતી નથી. દેખાવમાં સિંહ કરતાં સિંહણ વધારે ભયંકર લાગે છે.

સિંહનો ખોરાક માંસ છે. ખોરાક મેળવવા તે બીજાં પ્રાણીઓને મારે છે. તે માણસ પર સામાન્ય રીતે હુમલો કરતો નથી. પણ જો એના પર હુમલો કરવામાં કરવામાં આવે તો તે તેનો સામનો કરે છે. સિંહ ભૂખ્યો ન હોય તો કોઈ પ્રાણી પર હુમલો કરતો નથી.

બિલાડી કે વાઘની માફક સિંહ પણ અંધારામાં જોઈ શકે છે. એટલે રાતે તે શિકારની શોધમાં નીકળે છે અને દિવસે પોતાની બોડમાં ઊંઘ્યા કરે છે. શિકારને માટે નદી કે તળાવની પાસે એ સંતાઈ રહે છે. કોઈ પ્રાણી ત્યાં પાણી પીવા આવતાં તેના પર તે તરાપ મારે છે. તરાપ મારતી વખતે તે એવી ભયાનક ગર્જના કરે છે કે તે સાંભળીને જ શિકાર અધમૂઓ થઈ જાય છે.

સિંહનો શિકાર કરવો સહેલો નથી. એને જોઈને કે એની ત્રાડ સાંભળીને જ ભલભલા શિકારીના હાંજા ગગડી જાય છે. આથી હરણ કે બકરાને શિકારી ઝાડ સાથે બાંધે છે. તેની ગંધથી કે ચીસો સાંભળીને સિંહ ત્યાં આવી ચડે છે, અને ઝાડે બાંધેલા પ્રાણી પર તરાપ મારવા જાય છે. તેવામાં શિકારી તેના પર બંદૂકમાંથી ગોળી છોડે છે.

પહેલાં દુનિયાના ઘણા ભાગોમાં સિંહ હતા. પણ સિંહની જાતનો ધીમે ધીમે અંત આવતો જાય છે. હવે માત્ર આફ્રિકામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહ જોવામાં આવે છે. આપણે ત્યાં તો માત્ર ગિરનારમાં જ થોડા સિંહ રહ્યા છે. એટલે સિંહનો શિકાર કરવા દેવામાં આવતો નથી.

સ્વાધ્યાય

૧ તમે સિંહ જોયો છે? ક્યાં જોયો છે? તેનું ટૂંકમાં વર્ણન કરો.

૨ જંગલમાં રહેતાં દશેક પ્રાણીઓનાં નામ કહો. આપણે એ પ્રાણીઓ જોવાં હોય તો ક્યાં જોવા મળે?

૩ નીચે આપેલા મુદ્દા પરથી અને થોડી વિશેષ હકીકત મેળવી "**હાથી**" વિશે આશરે વીસ લીટી લખો :—

(ક) હાથીનો દેખાવ — કદ અને રંગ — થાંભલા જેવા પગ — નાની આંખો — ટૂંકી પૂંછડી — મોટા કાન — લાંબી સૂંઢ — મોટા, તીક્ષ્ણ દંતૂશળ.

(ખ) હાથી ગરમ દેશનું પ્રાણી છે — જ્યાં વિશેષ ભેજ, પાણી અને જંગલો હોય ત્યાં તે હોય છે — હિંદુસ્તાન, બ્રહ્મદેશ, અને આફ્રિકામાં જોવામાં આવે છે.

(ગ) હાથીનો ખોરાક — સ્વભાવ — અક્કલવાળો, શાંત અને નિમકહલાલ.

(ઘ) જંગલી હાથીઓને કેવી રીતે પકડવામાં આવે છે ને કેવી રીતે કેળવવામાં આવે છે?

(ઙ) હાથીના ઉપયોગ — સરકસમાં, માલ લઈ જવા લાવવામાં, પ્રસંગની શોભા વધારવામાં — પહેલાંના વખતમાં લડાઈમાં.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચોથો

વિરામચિહ્નો—(૧)

નીચેની વાર્તામાં યોગ્ય વિરામચિહ્નો મૂકો અને તે તમારી લેખનપોથીમાં સારા અક્ષરે ઉતારો :—

એક હતો રાજા તેની ઉંમર મોટી હતી પણ તેને એકેય કુંવર નહોતો એક વાર તેના રાજ્યમાં એક યોગી આવી ચડ્યા યોગી મૌન પાળતા હતા રાજાએ તેમની ખૂબ સેવાચાકરી કરી બહુ વરસ પછી યોગી જ્યારે મરવા પડ્યા ત્યારે તેમણે રાજાને કહ્યું તેં આટલાં વરસ મારી ચાકરી કરી છે તારે જે જોઈએ તે માગ રાજાને તો રાજ્યનો વારસ કુંવર જોઈતો હતો તેણે કુંવર માગ્યો

યોગીએ સમાધિ ચડાવીને જોયું તો રાજાના નસીબમાં કુંવર હતો જ નહિ હવે કેમ કરવું તેણે તો વચન આપી દીધું હતું છેવટે બીજો ઉપાય નહિ હોવાથી વચન પાળવા તેણે પોતે રાજાને ઘેર કુંવર તરીકે અવતાર લેવા નક્કી કર્યું રાજાને કહ્યું જા તને કુંવર થશે પણ યોગીના મનમાં રહી ગયું કે આના કરતાં રાજાના નગરમાં બોલ્યા વિના એક બાજુ પડી રહ્યો હોત તો ઉપાધિમાં ન પડવું પડત

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ પાંચમો

વર્ષગાંઠના દિવસની રોજનીશી

રવિવાર : ૨૫મી ડિસેમ્બર, ૧૯૫૦

૧. ૧૧મી વર્ષગાંઠ. નિશાળમાં નાતાલની રજા.
૨. સવારે છ વાગ્યે ઊઠ્યો. નાહીધોઈને નવાં કપડાં પહેર્યાં.
૩. બા સાથે મંદિરે ગયો. ત્યાંથી મોટા કાકાને તથા કાકીને પગે લાગવા ગયો. મોટા કાકાએ એક રૂપિયો આપ્યો.
૪. આવીને બાપાજી, બા તથા મોટા ભાઈને પગે લાગ્યો. બાપાજીએ 'રખડુ ટોળી' નાં બે પુસ્તકો આપ્યાં. બાએ આજે વેઢમી કરી હતી. તે ખાતાં મને થયું કે વર્ષમાં એક જ વાર વર્ષગાંઠ કેમ આવે છે? પણ પછી એમ પણ થયું કે વારે ઘડીએ વર્ષગાંઠ આવે તો એમાં મજા પણ ન રહે.
૫. ત્રણ વાગ્યે ચંદુ, શાંતિ અને સરલા આવ્યાં. બાએ બધાંને પૂરી અને ગોળપાપડી ખવડાવ્યાં.
૬. પછી વાતોએ વળગ્યા. જોતજોતામાં પાંચ વાગી ગયા. અમે તૈયાર થયાં. અને મોટા ભાઈ મને અને મારા મિત્રોને 'રામરાજ્ય' નો સિનેમા જોવા લઈ ગયા. લવ અને કુશ કેવા બહાદુર અને પ્રતાપી છોકરા હતા! મને ચિત્ર ઘણું જ ગમ્યું.
૭. ભૂખ ન હતી એટલે રાત્રે જમ્યો નહિ. આજના દિવસના આનંદના વિચારો કરતો પથારીમાં સૂતો.

*

મોટા કાકાએ આપેલા રૂપિયાનું શું કરવું, તેનો વિચાર કરતો હતો. મારે ઘણા વખતથી રંગની પેટી અને પીંછીની જરૂર છે. બાપાજી હા કહેશે તો કાલે તે ખરીદી લઈશ. આવી વાતમાં બાપાજી કદી ના કહેતા જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ ઉત્તરાયણ અથવા હોળીના દિવસની નોંધ ટૂંકમાં લખો.

૨ તમારી બહેનની વર્ષગાંઠના દિવસની 'રોજનીશી' લખો.

卐

પાઠ છઠ્ઠો

પ્રવાસે જવા વિશે મિત્રને પત્ર

૨૭, જાગનાથ પ્લૉટ,
રાજકોટ,
૧૧મી ઑક્ટોબર, ૧૯૫૦

પ્રિય ભાઈ મહેશ,

છેલ્લા એક મહિનાથી તારો પત્ર નથી. તું એવા તે શા કામમાં પડી ગયો છે કે બે લીટી લખવાનો સમય પણ તને નથી મળતો ?

આવતી દિવાળીની રજાઓમાં મારા વર્ગના વીસેક મિત્રો અને અમારા શિક્ષક શ્રી. શાંતિભાઈ સાથે હું ગિરનારને પ્રવાસે જવાનો છું. બાપાજી રેલવે ઑફિસમાં કામ કરે છે, એટલે તેમણે ગાડીની મુસાફરી અંગેની બધી સગવડ કરી આપવા કહ્યું છે.

અમે બે દિવસ જૂનાગઢ રોકાઈશું. જૂનાગઢમાં પણ જોવા જેવાં ઘણાં સ્થળો છે. ત્રીજે દિવસે વહેલી સવારે અમે ગિરનાર પર ચઢીશું. ત્યાં ત્રણેક દિવસ ધર્મશાળામાં રહીશું અને બધાં સ્થળો જોઈશું. હું કદી પર્વત પર ચડ્યો નથી કે એનું સૌંદર્ય મેં જોયું નથી, એટલે જવાના દિવસની રાહ જોઈ રહ્યો છું. ત્યાંથી પાછો ફરીશ એટલે તને પ્રવાસ વિશે હું વિગતવાર પત્ર લખીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારાં પૂજ્ય માતુશ્રીને મારા પ્રણામ. બહેન રમા મઝામાં હશે. બાપાજી તથા બા તમને બધાંને ખૂબ યાદ કરે છે. તું આ પત્રનો ઉત્તર લખશે એવી આશા રાખું છું.

લિ૦

જિતુનાં સ્મરણ

સ્વાધ્યાય

૧ ઉપરના પત્રનો જવાબ લખો.

૨ તમારા વર્ગના વિદ્યાર્થીઓ જોડે તમે ઉજાણીએ ગયા હતા. એ ઉજાણીનું વર્ણન કરતો એક પત્ર તમારા મિત્રને લખો.

૩ પ્રવાસે જતી વખતે તમે સાથે શું શું લઈ જશો તેની એક યાદી કરો.

૪ તમે કોઈ પ્રવાસે ગયા હો તેનું વર્ણન કરતો એક પત્ર તમારા નાના ભાઈને લખો.

*

પાઠ સાતમો

શબ્દના રૂઢ પ્રયોગો

'પાણી' શબ્દ વાપરીને થોડાં વાક્યો નીચે આપ્યાં છે. દરેક વાક્યમાં 'પાણી' શબ્દનો અર્થ જુદો જુદો થાય છે, તે ધ્યાનમાં લો :—

(૧) નવા ખેલાડીએ પહેલી જ હરીફાઈમાં પોતાનું પાણી બતાવ્યું. (શક્તિ)

(૨) ઇન્દુએ ખોટી ખોટી વાત કરીને મનુને પાણી ચઢાવ્યું. (ઉશ્કેર્યો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) તેણે પોતાના કુટુંબની આબરૂ પર પાણી ફેરવ્યું. (નાશ કર્યો.)

(૪) વાંદરાને જાંબુ ખાતો જોઈ મગરના મોંમાં પાણી આવ્યું. (ખાવાનું મન થયું)

(૫) પ્રધાન જેટલું પાણી પિવડાવે તેટલું જ રાજા પીતો. (શીખવે)

(૬) કેશવે પોતાનું ઘર પાણીને મૂલ્યે વેચ્યું. (ઘણી સસ્તી કિંમતે)

(૭) સરલાએ મારા ઉત્સાહ પર પાણી રેડ્યું. (નરમ પાડ્યો)

(૮) ડોસીએ લોહીનું પાણી કરીને દીકરાને ભણાવ્યો. (દુઃખ વેઠીને)

(૯) બાપનો ગુસ્સો જોઈ રમેશ પાણી પાણી થઈ ગયો. (ગભરાયો)

આવી રીતે જ્યારે કોઈ શબ્દ અથવા શબ્દસમૂહ પોતાના મૂળ અર્થ કરતાં જુદા અર્થમાં વપરાય ત્યારે તે ક્રિયાને શબ્દનો 'રૂઢ પ્રયોગ' કહે છે. રૂઢ એટલે રૂઢિથી નક્કી થયેલો. પ્રયોગ એટલે શબ્દનો વાક્યમાં ઉપયોગ. 'રૂઢ પ્રયોગ' એટલે 'રૂઢિથી નક્કી થયેલો, ખાસ અર્થ બતાવતો, શબ્દનો ઉપયોગ.'

રૂઢ પ્રયોગથી ભાષા સુંદર અને બળવાન બને છે.

સ્વાધ્યાય

૧ 'હાથ' શબ્દના રૂઢ પ્રયોગો વાપરી પાંચેક વાક્યો બનાવો.. દરેક પ્રયોગનો અર્થ કૌંસમાં લખવો. ૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ નીચેના રૂઢ પ્રયોગો વડે વાક્યો બનાવો અને દરેકનો અર્થ કૌંસમાં લખો:– નાક રાખવું; નાક કાપવું; ગળે પડવું; કમર કસવી; ખાડામાં ઉતારવું; ધૂળધાણી કરવું; મોં કાળું કરવું.

૩ તમારા પાઠ્ય પુસ્તકમાંથી પાંચેક રૂઢ પ્રયોગો એકઠા કરી, તે દરેકનો અર્થ લખો.

卐

પાઠ આઠમો

બાજી પ્રભુ

(કથાકાવ્ય ઉપરથી વાર્તા)

નીચે એક કાવ્ય આપ્યું છે. તે ધ્યાનથી વાંચો. પછી એ કાવ્યમાં આપેલી વાર્તા, આશરે વીસ લીટીમાં, સ્વતંત્ર રીતે લખો. વાર્તાને યોગ્ય મથાળું આપજો.

એક હતો એવો સરદાર, જન્મભૂમિનો તારણહાર;
આજે પણ જેનાં જય ગાન, સાંભળતાં ઊપજે અભિમાન.
અમર કીર્તિ પામ્યો રણધીર, બાજી પ્રભુ એવો બળવીર.

ઊંચા પર્વત વસમી વાટ, નીચે વચમાં નાનો ઘાટ;
વિશાળગઢના બુરજો દૂર, શેં પહોંચવું પાછળ પૂર;
સુલતાની દળનો નહિ પાર, માત્ર મરાઠા ચાર હજાર.

એમ શિવાજી કરે વિચાર, ત્યાં બોલ્યો બાજી સરદાર:
"સુખે સિધાવો શિવ મહારાજ, અમર તપો અમ દેશ સ્વરાજ;
ભલે હોય એ ફોજ વિરાટ, અહીં ઊભો રહી રોકીશ ઘાટ.
પ્રાણ હશે ત્યાં લગી ન લેશ, દુશ્મનથી અહીં થાય પ્રવેશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભા સાથે સુભટ પચાસ, ધસી આવતા શત્રુ પાસ;
શિવ ભૂપનો જમણો હાથ, બાજી પ્રભુ ભીડે જઈ બાથ.
ધસે ફોજ જાણે જળધોધ, ડગ એક પણ ખસે ન જોધ;
અડગ ઊભો વીંઝે તલવાર, શત્રુ તણો કરતો સંહાર.

ઘોર મચાવે બાજી જંગ, જોઈ થયા દુશ્મન પણ દંગ;
જખમ થયા ખૂબ વહે રુધિર, તો પણ હઠે ન એ રણધીર.
તોપ તણો ત્યાં થયો અવાજ, 'જય હો! અમર રહો! રહી લાજ!'
એમ બોલતો ગયો સ્વધામ, અમર નામના! અક્ષય કામ!

અમીદાસ કાણકિયા

સ્વાધ્યાય

૧ તમે વાંચેલા કોઈ પણ એક કથાકાવ્યની વાર્તા ટૂંકમાં લખો.

૨ વીર બાજી પ્રભુ દેશપાંડે વિશે થોડી વધારે માહિતી મેળવો, અને એ વીરપુરુષનું જીવન ટૂંકમાં લખો.

૩ ભારતના ઇતિહાસમાંથી કોઈ પણ નામાંકિત વ્યક્તિના જીવન અને કાર્ય વિશે આશરે વીસ લીટી લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ નવમો

મધમાખ

(વર્ણનાત્મક નિબંધ)

મધમાખ આપણને મીઠું મધ અને મીણ આપે છે. મધ એકઠું કરવા તે મધપૂડો બનાવે છે. મધપૂડામાં હજારો મધમાખો સાથે રહે છે. તે ઘણી સંપીલી હોય છે, અને પોતાનું કામ વ્યવસ્થાપૂર્વક કરે છે.



મધપૂડો એ મધમાખોનું ગામ જ કહેવાય. તે હજારો ખાનાંનો બનેલો હોય છે. દરેક ખાનું છ ખૂણાવાળું અને સરખા માપનું હોય છે. આ ખાનાં એકબીજાને જોડેલાં હોય છે. મધપૂડાની આખી રચના અદ્‌ભુત કારીગરીવાળી હોય છે. અને તેમાં કામ કરવાની વ્યવસ્થા માણસને બોધ આપે તેવી હોય છે.

દરેક મધપૂડામાં ત્રણ જાતની મધમાખો હોય છે. તેમાં મધમાખોની રાણી એ સૌથી અગત્યની જાત છે. મોટે ભાગે એક મધપૂડામાં એક જ રાણી હોય છે. બીજી બધી મધમાખો તેને ખૂબ માન આપે છે અને તેની સેવા કરે છે. બીજી જાત તે નર મધમાખ. તેઓ ઘણા આળસુ હોય છે અને કંઈ કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા નથી. ત્રીજી જાતની મધમાખ મધપૂડો બનાવવાનું તથા મધ એકઠું કરવાનું કામ કરે છે. તેની સંખ્યા સૌથી મોટી હોય છે.

કામ કરનારી મધમાખ ઘણી જ ઉદ્યમી હોય છે. તે બાગ-બગીચામાં અને જંગલમાં ઊડે છે, ફૂલ પર બેસે છે, ને તેમાંથી રસ ચૂસી મધપૂડામાં ભરે છે. આખો દિવસ તે આ કામ કરે છે. ટીપું ટીપું રસ ચૂસી તે મધપૂડામાં ભરતાં મધમાખીને કેટલી મહેનત પડે! અને તેમાં કેટલાં ધીરજ અને ખંત રાખવાં પડે!

આવા મધપૂડા મોટાં મકાનો પર બાઝેલા જોવા મળે છે. જંગલમાં ઝાડોની ડાળીઓએ પણ તે લટકતા હોય છે. એ મધપૂડા પાડીને મધ મેળવવું ઘણું જોખમકારક છે. મધમાખને જરા છેડીએ તો તો આપણા ભોગ જ લાગે. બધી મધમાખો એક સાથે ઊડીને આપણા પર હલ્લો કરે છે અને ડંખે છે. આપણે દોડીએ તો પણ તે આપણો કેડો છોડતી નથી. તે જે જગાએ ડંખ મારે છે તે ભાગ લાલચોળ થઈ સૂજી જાય છે, ને એમાં અગન બળે છે. આવા અસંખ્ય ડંખ લાગે એટલે પછી વેદનાનું તો પૂછવું જ શું?

મધપૂડો પાડી મધ મેળવવાનું કામ તો એના જાણકાર લોકો જ કરી શકે. આજકાલ ઘણા માણસો મધમાખો ઉછેરી, મધપૂડામાંથી મધ તથા મીણ મેળવી, તે વેચવાનો ધંધો કરે છે, માણસો મધમાખ જેવા ઉદ્યમી અને ખંતીલા થાય તો આ ઉદ્યોગ વડે તેઓ પોતાનું ગુજરાન પણ ચલાવી શકે.

સ્વાધ્યાય

૧ તમે મધપૂડો જોયો છે? તમારી લેખનપોથીમાં તેની આકૃતિ દોરો.

૨ મધ શા કામમાં આવે છે? તેના રંગ, સ્વાદ અને ઉપયોગ વિશે દશેક લીટી લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ મધપૂડામાંથી મધ કેવી રીતે મેળવવામાં આવે છે, તે વિશે માહિતી એકઠી કરો.

૪ નીચે આપેલા મુદ્દાઓ ઉપરથી '**મચ્છર**' વિશે ચારપાંચ ફકરા લખો :—

(ક) મચ્છરનો દેખાવ—ક્યાં ઉત્પન્ન થાય ?—કૂવા, તળાવ અને ખાબોચિયાંમાં.

(ખ) મચ્છરના બે પ્રકાર—એક નિર્દોષ—બીજાથી મલેરિયા તાવ ફેલાય—કેવી રીતે ?

(ગ) મચ્છરના ડંખથી બચવાના ઉપાયો.

(ઘ) મચ્છરનો નાશ કરવાના ઉપાયો—ઘાસતેલ, ફિનાઈલ કે ડી. ડી. ટી. છાંટવું.

(ઙ) મચ્છરના નાશથી થતા ફાયદા.

૫ નીચેના પૈકી કોઈ પણ એક વિશે ચારપાંચ ફકરા લખો:—કીડી; પતંગિયું; કરોળિયો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ દશમો

રજાઓના છેલ્લા દિવસની રોજનીશી

રવિવાર : ૬ ઠ્ઠી નવેમ્બર, ૧૯૪૯

૧. દિવાળીની રજાનો છેલ્લો દિવસ. કાલે નિશાળ ઊઘડશે એટલે વહેલા ઊઠવું પડશે. આજે મોડો ઊઠું એવો વિચાર કર્યો. પણ બીજો વિચાર આવ્યો કે આળસ રાખવું એ ઠીક નથી. તરત જ પથારીમાંથી બેઠો થઈ ગયો. નાહીધોઈ ને તૈયાર થયો.

૨. પુસ્તકોનું કબાટ સાફ કર્યું. પુસ્તકો વ્યવસ્થિત ગોઠવ્યાં.

૩. ગણિતના બાકી રહેલા દાખલા કર્યા. નકશાપોથીમાં બે નકશા અધૂરા હતા. તે પૂરા કર્યા.

૪. શાંતિ અને ચંદુ ઘેર આવ્યા. રજાના દિવસો કેવી રીતે ગાળ્યા એ વિશે વાતો કરી. શાંતિ આબુ અને દેલવાડાનાં દેરાંનાં ચિત્રો લાવ્યો હતો. તે જોયાં.

૫. શાંતિ મારી સાથે જ જમ્યો. જમીને પાછા વાતોએ વળગ્યા. શાંતિએ આબુનું વર્ણન કર્યું. એ સાંભળી મને પણ નખી તળાવ અને દેલવાડાનાં દેરાં જોવાનું મન થઈ આવ્યું.

૬. પાંચ વાગ્યે પુલ પર ફરવા ગયા. ત્યાં ઘણા મિત્રો મળ્યા. શાળાના આચાર્ય પણ મળ્યા.

૭. સાત વાગ્યે પાછા ફર્યા. સોની ફળિયામાંથી પસાર થતાં કોઈએ ઉપરની બારીમાંથી ગંદું પાણી અને એઠવાડ રસ્તા પર ફેંક્યાં. ચંદુનાં અને મારાં કપડાં બગડ્યાં. શાંતિને થોડા છાંટા ઊડ્યા. બીજા મિત્રો બચી ગયા. ગુસ્સો ઘણો આવ્યો, પણ શું કરવું? ઘેર જઈ ને નાહ્યો, બગડેલાં કપડાં ધોયાં અને બીજાં પહેર્યાં.

*

લોકો રસ્તા પર શા માટે ગંદવાડ ફેંકતા હશે? પોતાનું ઘર ચોખ્ખું રાખવા જાહેર રસ્તા બગાડવા એમાં મૂર્ખાઈ નથી? આ લોકોને પોતાની જાત સિવાય બીજા કોઈનો વિચાર કેમ નહિ આવતો હોય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. દિવાળીના દિવસની તમારી રોજનીશી લખો.
૨. ઉનાળાની રજાઓના પહેલા દિવસની તમારી રોજનીશી લખો.

*

પાઠ અગિયારમો

વિરામચિહ્નો—(૨)

નીચે આપેલા ગદ્યખંડોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો :—

(अ) થોડાં વરસ પહેલાંની વાત છે ગાંધીજીએ દિલ્હીમાં શ્રી લક્ષ્મીનારાયણના મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું લાખેક માણસોની મેદની હતી તલપૂર જગા ન હતી ભારે મુશ્કેલીથી ગાંધીજીને ઉદ્ઘાટન ક્રિયા કરવા સારુ મંદિરમાં પહોંચાડી શકાયા મંદિરની બહાર માથાં જ માથાં દેખાતાં હતાં ટોળું ગાંધીજીના દર્શન માટે આતુર હતું ગાંધીજીએ મંદિરના છજા પર ઊભા રહીને લોકોને દર્શન આપ્યાં એક જ પળ પહેલાં મેદની ખૂબ કોલાહલ કરતી હતી. પણ જેવા ગાંધીજી છજા પર આવ્યા ને હાથ જોડીને ઊભા રહ્યા તેવો જ મેળાનો કોલાહલ બિલકુલ બંધ થઈ ગયો અને હજારો કંઠમાંથી કેવળ એક જ સ્વર ગગનને ભેદીને ચાલ્યો ગયો મહાત્મા ગાંધી કી જય.

(ब) એક દિવસ એક બાળક દોડતો અંદર ગયો અને બોલ્યો બાપુજી બહાર એક મોટર ઊભી છે કોઈ એક શેઠ તમને બોલાવે છે ગાંધીજીએ બાળકને ઊંચકી છાતી સરસો ચાંપ્યો મનમાં બોલ્યા બાળક એ પ્રભુનો પેગંબર છે તરત બહાર ગયા અને શેઠને મળ્યા શેઠે પૂછ્યું મારી ઇચ્છા આશ્રમને મદદ કરવાની છે તમે તે લેશો ગાંધીજી બોલ્યા તમે જો કાંઈ આપો તો જરૂર લઉં હું અત્યારે સાચી ભીડમાં છું ગાંધીજીના હાથમાં રૂ. ૧૦૦૦ ની નોટો મૂકી શેઠ મોટર હંકારી ગયા ન નામ ન ઠામ ન કીર્તિની પરવા આ તે કેવી મદદ ગાંધીજીએ આકાશ તરફ જોયું અને મનમાં બોલ્યા પ્રભુ એમાં તારો હાથ છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ બારમો

રઘા પટેલને ખેતરે

(કથનાત્મક નિબંધ)

રવિવારનો દિવસ આવી પહોંચ્યો. અમે બધા શાળાના ચોગાનમાં સવારે સાત વાગ્યે ભેગા મળ્યા. વર્ગના બધા વિદ્યાર્થીઓ આવી ગયા, એટલે અમે રઘા પટેલને ખેતરે જવા ઊપડ્યા. ખેતર શાળાથી ત્રણ માઈલ દૂર આવેલું હતું. રસ્તાની આજુબાજુ આવેલાં લીલાંછમ ખેતરો જોતાં જોતાં અમે ચાલ્યા. ખેતરોમાં પાક તૈયાર થયેલો હતો અને ખેડૂતો પોતાના કામમાં રોકાયેલા હતા. લગભગ આઠ વાગ્યે અમે રઘા પટેલને ખેતરે પહોંચ્યા.

રઘા પટેલ અને તેમનો દીકરો મગન અમારી રાહ જોતા ખેતરને ઝાંપે ઊભા હતા. અમને બધાને જોઈને તેઓ રાજીરાજી થઈ ગયા. તેઓ અમને ખેતર બતાવતા બતાવતા છેક દૂર લઈ ગયા. ખેતરમાં જુવારનો સરસ પાક થયેલો હતો. વચ્ચે આંબાનું એક ઝાડ હતું. તે ઝાડ નીચે તેમણે શેતરંજી પાથરી અમને બેસાડ્યા.

અમે વાતે વળગ્યા એટલે રઘા પટેલે કહ્યું, "ભાઈઓ, તમે અહીં બેસજો. હું હમણાં જ તમારે માટે તાજો પોંક પાડી લાવું છું."

રઘા પટેલ ખેતરમાં ગયા અને કુમળાં જુવારનાં ડૂંડાં લઈ આવ્યા. અમે બેઠા હતા ત્યાંથી થોડે દૂર તેમની દીકરીએ અંગેઠી તૈયાર કરી હતી. અંગેઠીમાં બહુ અગ્નિ નહોતો, પણ ગરમ ગરમ રાખ હતી. ધગધગતો અગ્નિ હોય તો કુમળા દાણા બળી જ જાય ને! રઘા પટેલે જુવારનાં ડૂંડાં અંગેઠીમાં મૂક્યાં ને પછી ગોળગોળ ફેરવવા લાગ્યા. થોડી વાર પછી પોંક શેકાઈને તૈયાર થયો, એટલે તેમની દીકરીએ ડૂંડાંમાંથી દાણા છૂટા પાડ્યા અને અમને ગરમ ગરમ પોંક ખાવા આપ્યો. તીખી સેવ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચટણી, વરિયાળીદાણા અને તાજો તાજો ગરમ પોંક ખાવાની અમને ખૂબ મઝા પડી. અમે પોંક ખાતા ગયા તેમ તેમ રઘા પટેલ પોંક પાડતા જ ગયા. તેમણે અમને બધાને ખૂબ આગ્રહ કરીને પોંક ખવડાવ્યો. પોંક ખાઈ રહ્યા એટલે મગને અમને બધાને પીવા માટે છાશ આપી.

પછી અમે રઘા પટેલના ખેતરમાં અડધો કલાક ફર્યા. આવો મીઠો પોંક ઘણા પ્રેમથી ખવડાવ્યો, તે બદલ રઘા પટેલનો આભાર માની અમે લગભગ સાડાદસ વાગ્યે ઘર તરફ આવવા નીકળ્યા.

સ્વાધ્યાય

૧ પોંક કઈ ઋતુમાં ખાવા મળે? આ પાઠમાં શેના પોંકનું વર્ણન છે?
૨ કયા કયા અનાજનો પોંક બને? તે અનાજ ક્યાં ક્યાં પાકે છે?
૩ અંગેઠી એટલે શું? રઘા પટેલે પોંક કેવી રીતે પાડ્યો, તેનું વર્ણન કરતો એક ફકરો લખો.
૪ તમે ઊંધિયું ખાધું છે? તેનું વિગતથી વર્ણન કરો.
૫ શેરડીના રસમાંથી ગોળ કેવી રીતે બને છે તે વર્ણવો.

*

પાઠ તેરમો

અભિનંદનપત્ર

અગિયારી મહોલ્લો,
નવસારી,
૧૯મી જાન્યુઆરી, ૧૯૫૧

પ્રિય જહાંગીર,

તારી શાળા તરફથી ગોઠવવામાં આવેલા કસરતના પ્રયોગો જોવા હું મારા બાપાજી સાથે આવ્યો હતો. આખાયે કાર્યક્રમમાં તેં કરી બતાવેલા પ્રયોગો મને સૌથી વધારે ગમ્યા. હાજર રહેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા લોકો તારા શરીર અને પ્રયોગોનાં વખાણ કરતા હતા. તે સાંભળી તારા મિત્ર તરીકે મને ખૂબ અનંદ થયો. તેં જે સુંદર પ્રયોગો કરી બતાવ્યા તે માટે હું તને ખરા દિલથી અભિનંદન આપું છું.

નિયમિત કસરત કરવાથી તારું શરીર કેવું નીરોગી રહે છે! હવે પછી તારી સાથે રોજ અખાડામાં આવવાનો મેં નિશ્ચય કર્યો છે. મને લાગે છે કે તારી સલાહ અને મદદથી હું પણ એચાર વર્ષે તારા જેવું સુંદર અને તંદુરસ્ત શરીર બનાવી શકીશ.

આજે સાંજે હું મારા બાપાજી સાથે ઉદવાડા જાઉં છું. ત્યાંથી સોમવારે સવારે પાછો આવીશ.

લિ૰ તારા મિત્ર

મહેશનાં સ્મરણ

સ્વાધ્યાય

૧ તમારી શાળામાં વસંતોત્સવ પ્રસંગે તમારા મિત્રે નાટ્ય પ્રયોગોમાં સુંદર પાઠ ભજવ્યો. તે માટે તેને અભિનંદન આપતો પત્ર લખો.

૨ "નિયમિત કસરત કરવાથી થતા લાભ"—એ વિષય ઉપર પંદરેક લીટી લખો.

૩ તમે જોયેલા કસરતના દશેક પ્રયોગોનાં નામ લખો.

૪ "મારી માનીતી રમત"—એ વિષય ઉપર વીસેક લીટી લખો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચૌદમો

સંપ એ જ બળ

(કહેવત ઉપરથી વાર્તા)

"સંપ એ જ બળ"—આ કહેવત છે. તે ઉપરથી બનાવેલી એક વાર્તા નીચે આપી છે. તે વાંચો અને એવી બીજી વાર્તા તમે બનાવો અથવા કોઈને પૂછીને લખો.

વાર્તા

એક જંગલમાં ચાર બળદ રહેતા હતા. તેમ વચ્ચે સારો સંપ હતો. હંમેશાં તે જંગલમાં સાથે ફરતા અને ચારો ચરતા. જ્યાં જાય ત્યાં તે સાથે જ જતા, એટલે કોઈ જંગલી પ્રાણી તેમને મારી શકતું નહિ. એક દિવસ એક સિંહે તેમને સાથે ચરતા જોયા. ચારે બળદો ખાઈપીને અલમસ્ત બનેલા હતા, એટલે તેમની સામે જવાની સિંહની પણ હિંમત ચાલી નહિ.

એક દિવસ એ ચાર જંગલી બળદોની વચ્ચે કંઈ તકરાર થઈ. એક બળદ લડીને જુદો થઈ ગયો. તે દિવસથી તેણે એકલું ચરવા જવા માંડ્યું. સિંહે આ તકનો લાભ લીધો ને પેલા બળદને તે મારી ખાઈ ગયો. પણ પેલા ત્રણ બળદોની સામે જવાની તે હિંમત કરી શકતો નહોતો.

થોડા દિવસ પછી પેલા ત્રણ બળદોમાં તકરાર થઈ ને એક બળદ જુદો પડ્યો. તે એકલો જંગલમાં ચરવા જતો. સિંહે તેને એકલો જોયો ને તેના પર તરાપ મારી તેને પણ પૂરો કર્યો. આ પ્રમાણે સિંહે બે બળદોના પ્રાણ લીધા.

બાકીના બે બળદો વચ્ચે થોડો વખત સંપ રહ્યો. પછી તેઓ પણ લડ્યા અને જુદા પડી ગયા. હવે તેઓ જંગલના જુદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદા ભાગમાં એકલા ચરવા લાગ્યા. સિંહને તો આટલું જ જોઈતું હતું. તેણે એક દિવસ એક બળદને મારી નાખ્યો ને બીજે દિવસે બીજાને પણ ફાડી ખાધો. આ પ્રમાણે સિંહે ચારે ચાર બળદોને મારી નાખ્યા.

જ્યાં સુધી બળદોમાં સંપ હતો ત્યાં સુધી સિંહ તેમના પર હુમલો કરવાની હિંમત કરી શક્યો નહિ. કારણ ચાર બળદોના એકત્ર બળ સામે થવાની હિંમત કે તાકાત તેનામાં ન હતી. પણ જ્યારે તેઓ લડીને જુદા પડવા લાગ્યા ત્યારે તેમનું બળ ઘટવા લાગ્યું અને સિંહ તેમને વારાફરતી મારવામાં સફળ થઈ શક્યો. સંપમાં જ બળ અને સલામતી છે. કુસંપમાં નબળાઈ અને જોખમ છે.

સ્વાધ્યાય

૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો :—

(ક) ચાર બળદો સાથે ચરતા ત્યારે સિંહે તેમના ઉપર હુમલો કેમ કર્યો નહિ ?

(ખ) સિંહ બળદોને મારી નાખવામાં કેવી રીતે સફળ થયો ?

(ગ) આ વાર્તામાંથી તમને શો બોધ મળે છે ?

૨ નીચે આપેલા મુદ્દાઓ પરથી એક વાર્તા લખો. વાર્તાને યોગ્ય મથાળું આપવાનું ભૂલશો નહિ.

મોગલ બાદશાહ જહાંગીરની પત્ની નૂરજહાંને શિકારનો શોખ—સંધ્યા સમયે નદીકિનારે અવાજ સાંભળે છે—બંદૂકની ગોળી છોડે છે—કિનારા પર કપડાં ધોતા ધોબીને ગોળી લાગે છે—ધોબણ બીજે દિવસે ફરિયાદે જાય છે—રાજાની તપાસ—જહાંગીર બંદૂક મંગાવે છે—ધોબણના હાથમાં બંદૂક મૂકે છે—કહે છે : "જે પ્રમાણે તારા ધણીનું બેગમે ખૂન કર્યું તે જ પ્રમાણે તું તેના ધણીને ગોળી માર."—ધોબણનો જવાબ ને રાજભક્તિ—બાદશાહની ઉદારતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ નીચેની કોઈ એક કહેવતનું મથાળું આપી વાર્તા લખો :—
એકથી બે ભલા; ખાડો ખોદે તે પડે; અતિ લોભ તે પાપનું મૂળ.

૪ તમે સાંભળેલી કોઈ પણ પાંચ કહેવતો લખો અને તેમના અર્થ સમજાવો.

*

પાઠ પંદરમો

કેટલાક રૂઢ પ્રયોગો

નીચેનાં વાક્યોમાં કેટલાક રૂઢ પ્રયોગો વાપરેલા છે. તે દરેકનો અર્થ ધ્યાનમાં લો :—

(૧) સવિતાને આખું યે પુસ્તક **જીભને ટેરવે** છે. (મોઢે છે.)

(૨) નર્મદે જીવનમાં ઘણી **લીલીસૂકી** જોઈ હતી. (ચડતી પડતી)

(૩) શાહુકારે ખેડૂતનાં **હાથકાંડાં કાપી લીધાં.** (કબૂલાત લખાવી લીધી.)

(૪) હવે **આંગળીને વેઢે ગણાય** એટલાં જ પુસ્તકો બાકી છે. (બહુ જ થોડાં)

(૫) બધા ડાહ્યા પુરુષો **પાણી પહેલાં પાળ બાંધે** છે. (ભવિષ્યમાં નુકસાન ન થાય એવી કાળજી રાખે છે.)

(૬) મારી સલાહ **એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખશો** તો પસ્તાવું પડશે. (ધ્યાનમાં નહિ લો..)

(૭) **હાથચાલાકી** કરવા જતાં તે પકડાઈ ગયો! (છેતરવાનો પ્રયત્ન કરતાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ નીચેના રૂઢ પ્રયોગો વાક્યમાં વાપરી બતાવો. દરેકનો અર્થ કૌંસમાં લખવો :—

પાણી ભરવું; હાથ મારવો; ભોંય ભેગો કરવો; ભાર હલકો કરવો; આકાશ પાતાળ એક કરવાં.

૨ નીચેનાં વાક્યોમાં વાપરેલા રૂઢ પ્રયોગો ઓળખો અને તે દરેકનો અર્થ સમજાવો :—

(ક) હવે મારું માથું તમારે ખોળે છે.

(ખ) કંચને ટૂંક સમયમાં જ બાણુનું પાણી માપી લીધું.

(ગ) સાચો સૈનિક યુદ્ધમાં કદી પીઠ બતાવતો નથી.

(ઘ) બહારવટિયા માથું હાથમાં લઈને ફરે છે.

(ઙ) ગાંધીજીએ આખા દેશમાં સ્વરાજ્યનો ડંકો વગાડ્યો.

૩ તમારે ચાલેલા કોઈ એક પાઠમાંથી રૂઢ પ્રયોગોની યાદી બનાવો અને તે દરેકનો અર્થ લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ સોળમો

ચિત્રવર્ણન

નીચે આપેલા ચિત્રનું વીસેક લીટીમાં વર્ણન કરો. અને તેને યોગ્ય મથાળું આપો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ સત્તરમો

હું પંખી હોઉં તો?

(કલ્પનાત્મક નિબંધ)

એક દિવસ હું નદીકિનારે ફરવા ગયો. સૂર્યાસ્ત થતાં પંખીઓ તેમના માળા તરફ પાછાં વળતાં હતાં. તેમને જોઈને મને વિચાર આવ્યો: "હું પંખી હોઉં તો....?"

ઈશ્વરે મને પાંખ આપી હોય ને પંખી બનાવ્યું હોય તો હું ભૂરા આકાશમાં ઊંચે ઊંચે ઊડ્યા જ કરું. સવાર થતાં હું મારા માળામાંથી ઊડીને દૂર દૂર જાઉં. જંગલમાં જઈને એક ઝાડથી બીજે ઝાડ બેસું. ડુંગરોના એક શિખરેથી બીજે શિખરે ઊડું. એક ગામથી બીજે ગામ ઊડું, અને ધીમે ધીમે જુદા જુદા દેશોની મુસાફરી પણ કરી આવું. નવાં નવાં સ્થળો જોવાનું તો મને બહુ જ ગમે.

વનનાં જુદાં જુદાં મીઠાં ફળો ખાઈને હું મારું પેટ ભરું. મને પાણીની તરસ લાગે તો ઊડીને નદીકાંઠે પહોંચી જાઉં. નદીનું ઠંડું, નિર્મળ પાણી પીને મારી તરસ છીપાવું. નદીમાં પાણી પીવા જતાં હું ઘણી જ સાવચેતી રાખું. કોઈ પારધી મને પકડી ન લે તેની ખાસ કાળજી રાખું.

મને ગીત ગાવાનું તો ખૂબ જ ગમે. ઝાડ પર બેસીને ઋતુઋતુનાં મધુર ગીતો ગાઉં. મારાં ગીતો સાંભળીને લોકો ખુશ થાય. ઘણી વાર નાનાં બાળકો મારાં ગીત સાંભળીને ઊભાં રહે. હું ઝાડમાં સંતાઈને બેઠું હોઉં તો તેઓ મને શોધવાનો પ્રયત્ન કરે. મારાં ગીતો સાંભળીને કવિઓ કાવ્યો લખે.

બપોરના તડકામાં હું ઝાડની ઘટામાં ભરાઈને બેસું. કોઈ થાકેલો મુસાફર ઝાડના છાંયડામાં આવીને બેસે તો તેને મારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીત વડે હું આનંદ આપું. દુઃખી માણસને દિલાસો મળે એવાં મધુર ગીતો હું ગાયા જ કરું.

મારો માળો પણ હું ઝાડની ટોચ પર બાંધું. તે માળો હું તદ્દન સ્વચ્છ અને સુઘડ રાખું. રાતે મારા માળામાં સૂતાં સૂતાં હું આકાશના તારા જોયા જ કરું.

ઊંચે ઊંચે ઊડવું, મધુરાં ગીતો ગાવાં, મીઠાં મીઠાં ફળો ખાવાં અને સદાય આનંદમાં રહેવું કોને ન ગમે ? પણ આ બધું તો હું પંખી હોઉં તો જ કરી શકું ને ?

સ્વાધ્યાય

૧ પંખીને છૂટા રહેવું ગમે કે પાંજરામાં રહેવું ગમે ? શા માટે ?

૨ તમને જેટલાં પંખીનાં નામ આવડે તેટલાંની એક યાદી કરો.

૩ ક્યાં ક્યાં પંખી પાળવામાં આવે છે ? ક્યાં ક્યાં પંખીને લોકો પાંજરામાં રાખે છે ?

૪ 'હું શિક્ષક હોઉં તો...?' એ વિષય પર ત્રણચાર ફકરા લખો.

૫ નીચેના શબ્દોના અર્થ કહો, અને દરેક શબ્દ વાક્યમાં વાપરી બતાવો :— સુઘડ; નિર્મળ; દિલાસો; સ્વચ્છ; સૂર્યાસ્ત; શિખર.

૬ નીચે આપેલા મુદ્દાઓ પરથી 'મારી પાસે દસ રૂપિયા હોય તો...?' એ વિષય પર ત્રણચાર ફકરા લખો :

(ક) શા માટે તમને આ વિચાર આવ્યો ? રૂપિયા કેવી રીતે મળ્યા ?

(ખ) રૂપિયા મળ્યા પછી તેનું શું કર્યું ? તે ક્યાં ગયા ? તેનું શું લીધું ? શા માટે ?

(ગ) મેળવેલી વસ્તુઓનો શો ઉપયોગ કર્યો ? શા માટે ?

(ઘ) ઉપયોગ કર્યા પછી તમને આનંદ થયો કે શોક ? પૈસાનો સાચો ઉપયોગ.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ અઢારમો

મારી રોજનીશીનું એક પાનું

બુધવાર : ૧૯મી જુલાઇ, ૧૯૫૦

સવારે છ વાગ્યે ઊઠ્યો. વરસાદ પડતો હતો. સાત વાગ્યે વરસાદ વધ્યો.

નાહીધોઈને વાંચવા બેઠો. જમીને સાડાદસ વાગ્યે નિશાળે જવા નીકળ્યો. રસ્તામાં રમેશ મળ્યો. વરસાદથી રસ્તા કાદવવાળા ને લપસણા બની ગયા હતા.

ઘરથી થોડે દૂર ગયો ત્યાં એક નાની છોકરીને ઘોડાગાડીની અડફટમાં આવી જતી જોઈ. બીજા લોકો સાથે છોકરીને મદદ કરવા રમેશ અને હું ગયા. છોકરીના માથામાંથી લોહી નીકળતું હતું. મેં મારો રૂમાલ તેના માથા પર બાંધી દીધો. ગાડીવાળો ધ્યાન ચૂકવીને ગાડી દોડાવી ગયો હતો. થોડી વારમાં ઘણા લોકો ભેગા થયા. એક પોલીસ પણ આવી પહોંચ્યો. છોકરીને અમે ગાડીમાં બેસાડી ઇસ્પિતાલમાં લઈ ગયા. ડૉકટરે તેને માથે પાટો બાંધ્યો. પછી રમેશ તથા હું તેને ઘેર મૂકી આવ્યા. છોકરીની માએ અમારો ઉપકાર માન્યો. એક નાની છોકરીને થોડી મદદ કરી શકયા તેથી અમને થોડો હર્ષ થયો.

બાર વાગ્યે અમે નિશાળે પહોંચ્યા. શિક્ષકે મોડા આવવાનું કારણ પૂછ્યું. આખી હકીકત રમેશે જણાવી. શિક્ષક રાજી થયા. તેમણે આચાર્યશ્રીને વાત કરી. તેમણે સાંજે પ્રાર્થના વખતે આખી વાત શાળાના વિદ્યાર્થીઓને કહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભળાવી. અમને અભિનંદન આપ્યાં. આખી શાળા વચ્ચે અમને અભિનંદન મળ્યાં એટલે રમેશને તથા મને જરા ક્ષોભ થયો.

શાળાએથી પાંચ વાગ્યે ઘેર આવ્યો. ઘેર આવીને બાપુજી તથા બાને વાત કરી. તે બંને રાજી થયાં.

* * *

ગાડીવાળો કેવો ખરાબ માણુસ! છોકરીને વગાડીને તેને મદદ કરવાને બદલે પોતે નાસી ગયો. મને તેના પ્રત્યે ખૂબ ગુસ્સો આવ્યો. આવા નિર્દય ને બેજવાબદાર માણસો સમાજમાં હોય ત્યાં સુધી આપણું કલ્યાણ થવાની શી આશા રખાય? મુશ્કેલીમાં મુકાએલાંને મદદ કરવી એ આપણો ધર્મ નથી?

સ્વાધ્યાય

૧ નિશાળમાં તમે ગાળેલા એક દિવસની રોજનીશી લખો.

૨ તમે જોયેલા અકસ્માતના બનાવનું વર્ણન લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ઓગણીસમો

ઋતુઓ વિશે સંવાદ

મધુકર—સુરેશ, આ વરસાદથી તો હું કંટાળી ગયો.

સુરેશ—ભલા માણસ! વરસાદથી તે કોઈ કંટાળતું હશે? તું કેમ એમ બોલ્યો?

મધુકર—વરસાદના દિવસોમાં ફરવા જવાનું બંધ જ. અને વધારામાં આપણે રજા હોય ત્યારે જ વરસાદ આવે! તું જ કહે, કંટાળો ન આવે?

સુરેશ—તું ફરવા ન જઈ શકે એટલે વરસાદ ખરાબ. એમ ને?

મધુકર—એનાથી કપડાં ખરાબ થાય છે, અને નિશાળે જવા ચોપડાં ઊંચકીને ચાલતાં કેવું થાય છે, તે તું ક્યાં નથી જાણતો?

સુરેશ—તને તારી સગવડની પડી છે. પણ આખી દુનિયાનો આધાર વરસાદ ઉપર છે, તેનો ખ્યાલ છે? વરસાદ ન પડે તો અનાજ ક્યાંથી પાકે? ઢોરને ચારો ક્યાંથી મળે?

મધુકર—એ વાત સાચી. તો પણ મને તો ચોમાસા કરતાં શિયાળો ને ઉનાળો વધુ ગમે.

સુરેશ—એમાં આપણને ગમવાનો સવાલ નથી. દરેક ઋતુ ઉપયોગી છે.

મધુકર--શી રીતે?

સુરેશ—જેમ ચોમાસાના વરસાદથી અનાજ પાકે છે, તેમ ઉનાળાના તાપથી વરસાદનાં વાદળ બને છે. વળી કેરી-જાંબુ જેવાં ફળ તો ઉનાળામાં જ પાકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુકર—શિયાળાથી શો લાભ?

સુરેશ—કઠોળ બધાં શિયાળામાં પાકે. ઘઉં-જુવાર પણ એ જ ઋતુમાં થાય. શિયાળો એટલે વસાણાની ઋતુ!

મધુકર—એટલે દરેક ઋતુ કામની છે, એમ જ ને?

સુરેશ—હાં, હવે ઠેકાણે આવ્યો!

મધુકર—તો પણ ચોમાસું તો મને ન જ ગમે. જે ઋતુમાં ફરવાનું બંધ થાય તે મને તો ન જ ગમે!

સુરેશ—એ તો દરેકની રુચિ ઉપર આધાર છે. જે માણસ પાણીથી ને કાદવથી ડરે તેને ચોમાસાની મઝા કેવી રીતે સમજાય?

મધુકર—હું કંઈ ડરતો નથી. તું કહે તો આપણે હમણાં જ બહાર નીકળી પડીએ.

સુરેશ—ચાલ, ત્યારે. રેઈનકોટ પહેરી લે. વરસાદમાં ફરવાની અને કુદરત જોવાની મઝાનો એક વખત અનુભવ લે. પછી તારો કંટાળો સદાને માટે જશે!

સ્વાધ્યાય

૧ રજાના દિવસો પસાર કરવા વિશે બે મિત્રો વચ્ચે સંવાદ લખો.

૨ તમે કપડાં સીવડાવવા દરજીને ત્યાં ગયા છો. ત્યાં તમારે દરજી સાથે જે વાતચીત થાય તે સંવાદ રૂપે લખો.

૩ નાટક જોવાથી થતા લાભ—એ વિશે પિતાપુત્ર વચ્ચે એક સંવાદ રચો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ વીસમો

પરગામ જતા વિદ્યાર્થીનો વર્ગશિક્ષકને પત્ર

'વસંત નિવાસ',
૧૪૭, વાલકેશ્વર રોડ,
મુંબઈ ૬,
તા. ૧૦-૨-૧૯૫૧

પૂજ્ય ગુરુજી,

આજે સાંજે હું નિશાળેથી ઘેર પહોંચ્યો ને મને મારા પિતાશ્રીની માંદગીના સમાચાર મળ્યા. તેથી આજે રાતની ગાડીમાં હું મારા મોટા ભાઈ સાથે સૂરત જાઉં છું. એટલે આવતી કાલથી હું શાળામાં હાજર રહી શકીશ નહિ. આવતા શનિવારથી રજાઓ પડશે, માટે આવતી કાલથી તે શાળા બંધ થાય ત્યાં સુધી મને રજા આપવા કૃપા કરશો.

મારી વાર્ષિક પરીક્ષાનું પરિણામ શુક્રવારે જાહેર થશે. એ વખતે હું હાજર હોઈશ નહિ. તો મારું પરિણામ મને મોકલી આપી આભારી કરશો. પરિણામ મોકલવા માટે સરનામું કરેલું ટિકિટવાળું પરબીડિયું આ સાથે મોકલ્યું છે.

વર્ગના પુસ્તકાલયમાંથી મેં લીધેલાં બે પુસ્તકો ભાઈ અનિલ સાથે પાછાં મોકલ્યાં છે.

મારી ગેરહાજરી માટે માફ કરશો.

લિ૦
આપના આજ્ઞાંકિત શિષ્ય
મધુકર મહેતાના પ્રણામ.

સામેલ : પરબીડિયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ ઉપરના પત્ર સાથે બીડવાનું પરબીડિયું તૈયાર કરો.

૨ તમારી બહેનના લગ્ન માટે તમારે અમદાવાદ જવાનું છે. તે માટે તમારે પાંચ દિવસની રજાની જરૂર છે. તે માટે તમારા આચાર્યને એક પત્ર લખો. પરબીડિયાની આકૃતિ દોરી તેમાં તમારા આચાર્યનું સરનામું લખો.

૩ તમને તાવ આવે છે, તેથી બેત્રણ દિવસ નિશાળે જઈ શકો એમ નથી. રજા માટે તમારા વર્ગશિક્ષકને એક પત્ર લખો.

*

પાઠ એકવીસમો

વિરામચિહ્નો—(૩)

નીચેના ગદ્યખંડોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી તે સારા અક્ષરે લખો :—

(क) એક વખત કૉર્નેલિયાને તેની ધનવાન બહેનપણીઓ મળવા આવી વાતવાતમાં તેઓ એકમેકનાં અમૂલ્ય રત્નજડિત ઘરેણાંને સ્પર્શ કરી એ વિશે પૂછપરછ કરતી હતી તદ્દન સાદાં વસ્ત્રોમાં સજ્જ થયેલી કૉર્નેલિયા શાંત બેસી રહી હતી એક બહેનપણી બોલી કૉર્નેલિયા તારા હાથ તો અડવા લાગે છે કેમ તારી પાસે રત્ને મઢેલાં ઘરેણાં નથી કૉર્નેલિયાએ એક નોકરને બોલાવ્યો અને તેના કાનમાં કંઈક કહ્યું થોડી વારમાં બે તંદુરસ્ત અને હસમુખાં બાળકો ટાઈબિરિયસ અને કાયસ ત્યાં આવીને ઊભાં રહ્યાં કૉર્નેલિયાએ તેમને સોડમાં લઈ કહ્યું બહેન આ મારાં રત્નો બહેનપણી આશ્ચર્યથી જોઈ રહી તેમને ક્યાં ખબર હતી કે રત્નો કરતાં કુળ દીપાવે એવા દીકરાનું મૂલ્ય વધારે હોય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ख) ૧૯૩૧ની સાલમાં એક વખત કસ્તૂરબા વેડછી આશ્રમમાં ગયેલાં આશ્રમના વ્યવસ્થાપકના મનમાં એમ કે બા ખાટલા પર બેસશે અને સભાનો વખત થયે સભામાં આવશે એટલે ખાટલો તૈયાર રાખ્યો હતો બા આવ્યાં એટલે કહ્યું બેસો પણ બા શાનાં બેસે એ તો સીધાં રસોડામાં ગયાં અને રસોઈમાં મદદ કરવા બેઠાં વ્યવસ્થાપકનાં પત્ની આશ્ચર્યમાં પડી ગયાં આવાં મોટાં બા આપણને રસોઈમાં મદદ કરે એમણે કહ્યું બા તમે રહેવા દો હું હમણાં કરી નાખીશ પણ બા કાંઈ છોડે તેઓ કહે ઝાઝા હાથ રળિયામણા હમણાં રસોઈ કરી નાખીશું અને સાથે સભામાં જઈશું અને ખરેખર એમ જ કર્યું

*

પાઠ બાવીસમો

ઉજાણીનો દિવસ

(કથનાત્મક નિબંધ)

અમારા વર્ગના વિદ્યાર્થીઓએ રવિવારે ઉજાણી કરવાનું નક્કી કર્યું. તે માટે ગામથી ત્રણેક માઈલ દૂર આવેલા આંબાવાડિયામાં જવાનું ઠર્યું. શનિવારનો દિવસ અમે જોઈતી ચીજો લેવામાં ગાળ્યો.

રવિવારે સવારે છ વાગ્યે અમે શાળામાં ભેગા થયા. અમે ત્રીસ વિદ્યાર્થીઓ હતા અને શિક્ષકોમાંથી શાંતિભાઈ અને નટુભાઈ હતા. બરાબર સાડા છ વાગ્યે અમે નીકળ્યા. સામાન માટે એક ગાડું રાખ્યું હતું. તેમાં સામાન સાથે અમારી શાળાનો પટાવાળો મથુર બેઠો. અને બબ્બેની હારમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ અમે ચાલવા માંડ્યું.

પંદરેક મિનિટ ચાલ્યા પછી અમે ગામને પાદરે આવી પહોંચ્યા. આગળ જતાં સુંદર લીલાંછમ ખેતરો જોવાની અમને ખૂબ મઝા પડી. ઝાડો પર જુદી જુદી જાતનાં પંખીઓ મધુર અવાજે ગાતાં હતાં. ખેતરોની વાડ પર રંગબેરંગી સુંદર પતંગિયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊડતાં હતાં. ઘણી વાર સસલાં વાડમાંથી બહાર નીકળતાં ને અમને જોઈને પાછાં ભરાઈ જતાં. એક ઝાડ નીચે બે મોર હતા. એક મોર કળા કરતો હતો.

આઠેક વાગ્યે અમે આંબાવાડિયે પહોંચી ગયા. મથુર સામાન લઈ આવી પહોંચ્યો હતો. બધાએ મળી એક મોટા આંબા નીચેની જગા સાફ કરી નાંખી. શાંતિભાઈની સરદારી હેઠળ અમારામાંના દરેક જણને રસોઈનું કામ સોંપાયું. કોઈએ ઈંટો ગોઠવી ચૂલો બનાવ્યો, કોઈએ ચૂલો ચેતાવ્યો, કોઈએ શાક સમાર્યું, કોઈએ દાળચોખા વીણી નાંખ્યા, તો કોઈએ પીવાનું પાણી ભર્યું. આમ અમારી તૈયારી થોડી વારમાં જ થઈ ગઈ.

જેમને રસોઈનું કામ સોંપાયું ન હતું તે બધા નટુભાઈ સાથે આજુબાજુના ભાગમાં ફરવા ગયા. મોટા આંબાનાં ઝાડોની ઘટામાં ફરવાની અને રમવાની ખૂબ જ મઝા પડી. રમત બરાબર જામી ત્યાં જ 'જમવાનું તૈયાર છે' એમ જાહેર કરતી થાળી વાગી. અમે બધા ભેગા થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથમોઢું ધોઈ બધા જમવા બેઠા. જમવામાં ખીચડી, બટાકાનું શાક, કાકડી-ટમેટાંની કચુંબર અને કઢી હતાં. આવું સાદું ભોજન પણ મિત્રોની સોબતમાં અને આંબાવાડિયાના સુંદર વાતાવરણમાં મિષ્ટાન્ન કરતાં મીઠું લાગ્યું. બધાએ ખૂબ આનંદથી પેટ ભરી ખાધું.

જેમણે રસોઈ કરવામાં કે પીરસવામાં ભાગ લીધો ન હતો તેમને માથે જગા સાફ કરવાની જવાબદારી હતી. એક વાગ્યે અમે આ બધા કામમાંથી પરવારી ગયા અને ઝાડ નીચે આરામ લેવા સૂતા. કોઈ કોઈ વાતોએ વળગ્યા.

ચાર વાગ્યે અમે લીંબુનું શરબત બનાવી પીધું. પછી કલાકેક રમી પાંચ વાગ્યે ગામ તરફ ચાલવા માંડ્યું. રસ્તામાં થોડાં ગીતો ગાયાં. છ વાગ્યા પહેલાં અમે બધા શાળા પર આવી પહોંચ્યા. અને ઉજાણીનો દિવસ આટલો જલદી પસાર થઈ ગયો એનો શોક કરતા અમે પોતપોતાને ઘેર ગયા.

સ્વાધ્યાય

૧ ઉજાણીએ જવા માટે શી શી તૈયારી કરવી પડે? જે ચીજો સાથે લઈ જવી પડે તેની યાદી કરો.

૨ ઉનાળાની એક સાંજે હોડીમાં સહેલ કરવા જવા માટે તમારા મિત્રને નિમંત્રણ આપતો એક પત્ર લખો.

૩ શાળાનાં મિત્રો કે શેરીના લોકો સાથે તમે કરેલ પર્યટનનું વર્ણન લખો.

૪ નીચે આપેલા મુદ્દાઓ ઉપરથી "શરદપૂર્ણિમા" વિશે નિબંધ લખો:-

(ક) શરદપૂર્ણિમા ક્યારે આવે? એનો મહિમા.

(ખ) શરદપૂર્ણિમાની રાતે ચંદ્ર અને ચાંદની-ગરબા-ઉજાણીઓ વગેરે.

(ગ) એ તહેવાર આપણે કેવી રીતે ઊજવીએ છીએ?

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ તેવીસમો

પુસ્તકોની માગણી કરતો પત્ર

૮૩, ગાંધી માર્ગ,
અમદાવાદ,
૧૧ મી ડિસેમ્બર, ૧૯૫૦

પ્રિય સરલા,

ગઈ કાલે તું મારે ઘેરથી ગઈ અને તરત જ નાનાકાકા રાજકોટથી આવ્યા. તેમની સાથે મંજુ, જ્યોતિ અને મહેશ પણ આવ્યાં છે. તે બધાં આવતી કાલે વડોદરા જનાર છે. બધાં મને સાથે લઈ જવા ખૂબ દબાણ કરી રહ્યાં છે. એક નવું સ્થળ જોવા મળે અને બધાં સાથે હોય તો આનંદ થાય, એટલે મેં જવાનો વિચાર કર્યો છે.

નવરાશના સમય માટે હું બેત્રણ પુસ્તકો લઈ જવા ઇચ્છું છું. તારી પાસે સ્વ. ઝવેરચંદ મેઘાણીની "કુરબાનીની કથાઓ" અને શ્રી. નાનાભાઈ ભટનાં "મહાભારતનાં પાત્રો" છે. એવાં ત્રણચાર પુસ્તકો મારા ભાઈ સાથે તું મોકલી શકશે? તારાં નવાં પુસ્તકો હું જરાયે બગાડીશ નહિ. હું વડોદરાથી પાછી આવીશ એટલે તરત જ તને એ પાછાં મોકલીશ.

હું વડોદરા જવાની છું, એટલે મારાથી સાતેક દિવસ શાળામાં આવી શકાશે નહિ. મારી રજાની ચિઠ્ઠી આ સાથે મોકલું છું. તે આવતી કાલે શાળામાં શ્રી. સુધાબહેનને આપી દેજે. વડોદરાથી તારા પર પત્ર લખીશ.

લિ૦

સામેલ : રજાની ચિઠ્ઠી — સરોજનાં સંભારણાં

સ્વાધ્યાય

૧ ઉપરના પત્ર સાથે બીડવાની રજાચિઠ્ઠી તૈયાર કરો.
૨ એ પત્રનો જવાબ લખો.
૩ તમારે પાંચ રૂપિયાનાં પુસ્તકો ખરીદવાં છે. તે વિશે તમારા શિક્ષકની સલાહ માગતો એક પત્ર લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચોવીસમો

સોક્રેટીસની સહનશીલતા

(વાર્તાનું સારલેખન)

નીચે એક વાર્તા આપી છે. તે ધ્યાનથી વાંચો:—

વાર્તા

ઘણાં વર્ષો પૂર્વે ગ્રીસ દેશમાં એક મહાન ફિલસૂફ થઈ ગયો. તેનું નામ સોક્રેટીસ હતું. તે ઘણા જ શાંત સ્વભાવનો હતો. એની પત્ની ઘણી લઢકણી ને ક્રોધી સ્વભાવની હતી. ઘરમાં કલેશકંકાસ ઓછો થાય તે માટે કદી પણ ગુસ્સે ન થવાનો સોક્રેટીસે દૃઢ નિશ્ચય કર્યો હતો. તે નિશ્ચયમાંથી તે કદી ડગતો નહિ.

સોક્રેટીસની પત્ની લડવાને માટે બહાનાં શોધ્યા જ કરતી. નાની નાની બાબતોમાં તે ગુસ્તે થઈ જતી અને ઘણી વાર સોક્રેટીસનું અપમાન પણ કરતી. સોક્રેટીસ એ બધું શાંતિથી સાંભળ્યા કરતો. આવા પ્રસંગોએ તે મૌન સેવવું પસંદ કરતો. અપમાનભર્યાં શબ્દો તે શાંતિથી સહી લેતો, તેથી તેની પત્ની વધારે ચિડાતી. તો પણ સોક્રેટીસ કોઈ દિવસ ગુસ્સે થતો નહિ.

એક દિવસ સોક્રેટીસ ઈશ્વરનું ધ્યાન ધરતો હતો. તેવામાં તેની પત્ની બૂમબરાડા મારતી તેના ઓરડામાં દાખલ થઈ. સોક્રેટીસે તેના તરફ જરાયે લક્ષ આપ્યું નહિ, અને પોતે ઈશ્વરભક્તિમાં મશગૂલ રહ્યો. આ જોઈ તેની પત્ની વધારે ગુસ્સે થઈ અને વધારે જોરથી બૂમો પાડવા લાગી. છેવટે કંટાળીને સોક્રેટીસ ઘરના ઓટલા પર જઈને બેઠો.

આથી સોક્રેટીસની પત્ની વધારે ચિડાઈ. ગુસ્સામાં ને ગુસ્સામાં તે ઘરમાં આમથી તેમ ફરવા લાગી અને બરાડા પાડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી. છેવટે થાકીને તે ઘડો ભરીને ઠંડું પાણી લઈ એટલે આવી. તેણે તે ઘડો સોક્રેટીસના શરીર પર ઠાલવી દીધો. સોક્રેટીસ બિચારો આખો ભીંજાઈ ગયો. છતાં તે એક શબ્દ પણ બોલ્યો નહિ. રસ્તેથી જતાઆવતા લોકોએ આ જોયું ને તેમને ખૂબ મઝા પડી. તેઓ બધા હસવા લાગ્યા. સોક્રેટીસ પણ તેમની સાથે હસવા લાગ્યો ને મોટેથી બોલ્યો: "મેઘ ગાજે પછી વરસાદ તો પડે જ ને!"

શાંત સોક્રેટીસના આ શબ્દો સાંભળી તેની પત્ની ડઘાઈ ગઈ. તેને પોતાની મૂર્ખાઈ સમજાઈ અને આટલા બધા માણસો વચ્ચે પોતે મૂર્ખ ઠરી એ જોઈ, શરમાઈને ઘરમાં ચાલી ગઈ.

* * *

ઉપરની વાર્તા ટૂંકાવીને આ રીતે લખી શકાય:—

સોક્રેટીસની સહનશીલતા

સોક્રેટીસ નામના ગ્રીક ફિલસૂફની પત્ની ઘણી લઢકણી હતી. ઘરમાં કંકાસ ઓછો થાય તે માટે સોક્રેટીસે કદી ગુસ્સે નહિ થવાનો નિશ્ચય કર્યો હતો. તેના આ શાન્ત સ્વભાવથી તેની પત્ની વધારે ચિડાતી. એક વખત સોક્રેટીસ ઈશ્વરના ધ્યાનમાં હતો, ત્યારે તે બાઈ બરાડા પાડતી તેની પાસે ગઈ. સોક્રેટીસે તેના તરફ ધ્યાન આપ્યું નહિ. એટલે તે વધારે જોરથી બોલવા લાગી. સોક્રેટીસ ત્યાંથી ઊઠી એટલે જઈ બેઠો. પતિના આ વર્તનથી થાકીને પત્નીએ પાણીનો ઘડો લાવી પતિ ઉપર ઠાલવ્યો. રસ્તે જતા લોકો આ જોઈ હસવા લાગ્યા. સોક્રેટીસ પણ હસ્યો ને બોલ્યો: "મેઘ ગાજે પછી વરસાદ પડે જ ને!"

સ્વાધ્યાય

૧ ઉપરની વાર્તાને માટે બીજું કોઈ મથાળું સૂચવો.

૨ "મેઘ ગાજે પછી વરસાદ તો પડે જ ને!" આ વાક્યનો અર્થ સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ તમારે ચાલેલી કોઈ પણ વાર્તા બને તેટલી ટૂંકાવીને લખો.

૪ નીચે આપેલા મુદ્દાઓ ઉપરથી વાર્તા બનાવો :—

એક સૈનિક—લડાઈમાં એક હાથ ગુમાવે છે—ઈશ્વરને ઠપકો આપે છે—એક દિવસ શિકારે જાય છે—ભૂલો પડે છે—જંગલી માણસો તેને પકડે છે—દેવીને તેનો ભોગ આપવા લઈ જાય છે—દેવીને ખોડવાળો ન ખપે—સૈનિક છૂટે છે.

✳

પાઠ પચીસમો

થોડા વધુ રૂઢ પ્રયોગો

નીચેનાં વાકયોમાં વપરાયેલા રૂઢ પ્રયોગોનો અભ્યાસ કરો :-

(૧) તમારી રમતે આપણી ટુકડીનો રંગ રાખ્યો. (આબરૂ સાચવી.)

(૨) તમે મોકલેલો નોકર માથે પડ્યો! (નકામો નીકળ્યો.)

(૩) મારી વાત હસી કાઢવા જેવી નથી. (નકામી)

(૪) પોલીસની આંખમાં ધૂળ નાખી કેદી છટકી ગયો. (છેતરીને)

(૫) દાદા, આટલે વર્ષે ધોળામાં ધૂળ પડે એવું તમારાથી ન થાય. (ઘડપણ લજવાય એવું)

(૬) આ છોકરાને એની માએ મોઢે ચડાવેલો છે. (અતિશય લાડથી બગાડેલો)

(૭) તે દેખાય છે ભલો, પણ અંગૂઠે કમાડ ઠેલે છે. (છૂપી રીતે પ્રપંચ કરે છે.)

(૮) આવતાં-જતાં તે કાકાના કાન ભંભેરે છે. (ખોટી વાતો કહી ઉશ્કેરે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ નીચેના રૂઢ પ્રયોગો વાપરીને વાક્યો બનાવો :— હાથ ઘસવા; મોઢું ચઢાવવું; મોઢું સીવી લેવું; માથું ઉંચું કરવું; ભોંય ભારે પડવી; પાછી પાની કરવી; આંખ આડા કાન કરવા.

૨ નીચેનાં વાક્યોમાં રૂઢ પ્રયોગો નીચે લીટી દોરો અને તેમના અર્થ લખો:—

(ક) તેને શહેરનો પવન લાગ્યો છે.
(ખ) આખો દહાડો પરસેવો પાડ્યો ત્યારે બે રૂપિયા મળ્યા !
(ગ) પગ પર પગ ચડાવીને બેસવાથી તમારો દહાડો નહિ વળે.
(ઘ) આજે તો મેં એની ધૂળ ખંખેરી !
(ઙ) બીજાના કામમાં માથું મારવું એ સારું નહિ.
(ચ) વાત સાંભળતાં જ એમણે મોં બગાડ્યું.

卐

પાઠ છવ્વીસમો

ગૌતમ બુદ્ધ

(ચરિત્રાત્મક નિબંધ)

ગૌતમ બુદ્ધનું મૂળ નામ સિદ્ધાર્થ હતું. હિમાલય પાસે કપિલવસ્તુ નગરમાં એમનો જન્મ થયો હતો. એમના પિતાનું નામ શુદ્ધોદન અને માતાનું નામ માયાદેવી હતું. રાજા શુદ્ધોદનને એક વિદ્વાને કહ્યું કે, "સિદ્ધાર્થ મોટા ધર્મગુરુ તરીકે નામના મેળવશે." આ સાંભળી રાજાને ખૂબ દુ:ખ થયું.

તે દિવસથી શુદ્ધોદને સિદ્ધાર્થની ખૂબ કાળજી લેવા માંડી. તેને દરેક રીતે સુખ આપવા પ્રયત્ન કર્યો. એને એક મોટા મહેલમાં રાખ્યો ને દુનિયાનાં દુ:ખો એની નજરે ન પડે તેની કાળજી લીધી.

સિદ્ધાર્થને મોજશોખનાં સાધનો ગમતાં ન હતાં. ઘણી વાર તે એકાંતમાં બેસીને વિચાર કર્યા કરતો. એક દિવસ તે રથમાં બેસીને નગર બહાર ફરવા ગયો. ત્યાં તેણે એક ઘરડા માણસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયો. બીજી વખત તેણે રોગથી પીડાતા એક ગરીબ માણસને જોયો. ત્રીજી વખત તેણે એક માણસનું શબ જોયું.

સિદ્ધાર્થને ત્યારથી દુનિયાનાં દુઃખોનો ખ્યાલ આવ્યો. આ દુઃખો કેમ દૂર કરી શકાય એનો માર્ગ શોધી કાઢવાનો તેણે નિશ્ચય કર્યો. એક રાતે પોતાની પત્ની યશોધરા અને બાળક રાહુલને સૂતેલાં મૂકી તે ઘર છોડી જતો રહ્યો. દૂર દૂર જઈને તેણે ભારે તપ કર્યુ.

એક દિવસ સિદ્ધાર્થ એક વૃક્ષ નીચે બેસી તપ કરી રહ્યા હતા, ત્યારે તેમને એકાએક જ્ઞાન થયું. લોકોને સુખી કરવાનો માર્ગ તેમને સૂઝ્યો. તે દિવસથી તે ગામેગામ ફરવા લાગ્યા. પોતાને જે જ્ઞાન થયું હતું તેનો તેમણે લોકોને ઉપદેશ આપવા માંડ્યો. ત્યારથી તે ગૌતમ બુદ્ધ તરીકે પ્રસિદ્ધ થયા. લાખો માણસો એમના સંઘમાં જોડાયાં.

બુદ્ધે લોકોને કહ્યું, "માતાપિતા અને વડીલોની આજ્ઞા પાળવી જોઈએ. પ્રાણી માત્ર તરફ દયા રાખવી જોઈએ. દરેક માણસે શાંતિ અને અહિંસાને પોતાના જીવનમાં ઉતારવાં જોઈએ. આ જ સુખી થવાનો ખરો માર્ગ છે."

બુદ્ધને ઘણા શિષ્યો હતા. એમણે જે ધર્મનો પ્રચાર કર્યો તે "બૌદ્ધ ધર્મ"ને નામે ઓળખાય છે. બૌદ્ધ ધર્મનો ફેલાવો હિંદમાં ઝાઝો નથી. પણ બ્રહ્મદેશ, સિલોન, ચીન અને જાપાનના ઘણા લોકો આજે પણ તે ધર્મ પાળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયા અને અહિંસાના પ્રચારક ગૌતમ બુદ્ધને આજે બે હજાર વર્ષે પણ દુનિયાના લોકો યાદ કરે છે ને પૂજે છે.

સ્વાધ્યાય

૧ સિદ્ધાર્થ ઘર છોડીને શા માટે જતો રહ્યો ?

૨ સિદ્ધાર્થને જે ઝાડ તળે જ્ઞાન થયું તેનું નામ કહો. તેમને શું જ્ઞાન થયું ? તેનો તેમણે શો ઉપયોગ કર્યો ?

૩ બૌદ્ધ ધર્મ પાળનારા થોડા મહાન રાજાઓનાં નામ આપો. અને એમાંના એક વિશે થોડી હકીકત મેળવી ટૂંકમાં લખો.

૪ જૈન, ઇસ્લામ. ખ્રિસ્તી અને પારસીઓના ધર્મના સ્થાપનાર ધર્મગુરુઓનાં નામ આપો. એમાંના એક વિશે ટૂંકમાં લખો.

૫ નીચે આપેલા મુદ્દાઓ પરથી "**મહાત્મા ગાંધીજી**" વિશે નિબંધ લખો :—

(ક) ગાંધીજીનો જન્મ—પોરબંદરમાં ઈ. સ. ૧૮૬૯ ના ઑક્ટોબરની ૨ જી તારીખે—કુટુંબ વિશે થોડી હકીકત.

(ખ) ગાંધીજીનું બાળપણ—અભ્યાસ—ટેવો—સોબત વગેરે.

(ગ) વિલાયતમાં અભ્યાસ—બૅરિસ્ટર થયા પછીનું જીવન—આફ્રિકામાં સત્યાગ્રહ.

(ઘ) હિંદમાં આવ્યા—સત્યાગ્રહની ચળવળ—કોંગ્રેસના સુકાની તરીકે—અંગ્રેજ સરકાર સામે વિરોધ અને સરકારનો રોષ—તેમણે વેઠેલાં દુઃખ.

(ઙ) આખરે ગાંધીજીને મળેલી સફળતા—હિંદને મળેલી સ્વતંત્રતા.

(ચ) ગાંધીજીનો જીવનસિદ્ધાંત : સત્ય અને અહિંસા. એમના જીવનમાંથી શું શીખવાનું મળે છે ?

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ સત્તાવીસમો

નિમંત્રણપત્રિકા

સરદાર પટેલ વિનય મંદિર, ઓડ

સુજ્ઞ મહાશય,

અમારી શાળાનો સ્થાપનાદિન તા. ૧૫મી જૂન, ૧૯૫૧ ને ગુરુવારે ઊજવવાનું નક્કી થયું છે. સમારંભ શાળાના ચોગાનમાં સાંજના ૬ વાગ્યે યોજવામાં આવ્યો છે. એ પ્રસંગે હાજર રહેવા આપને અમે આગ્રહભરી વિનંતી કરીએ છીએ.

આપણા જાણીતા લેખક અને કેળવણીકાર શ્રી........એ સમારંભનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું છે.

લિ૦

ઓડ,
(આણંદ થઈને)
તા. ૧૧-૬-૧૯૫૧

સરલા પટેલ
રમણ અમીન
મંત્રીઓ, સ્થાપનાદિન સમિતિ

સ્વાધ્યાય

૧ તમારી શાળામાં રમતગમતની વાર્ષિક હરીફાઈ યોજવામાં આવનાર છે. એ પ્રસંગે તમારે ગામના પ્રતિષ્ઠિત લોકોને તથા શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓને બોલાવવા છે. એ માટે નિમંત્રણ-પત્રિકા તૈયાર કરો.

૨ તમારી શાળામાં ગાંધીજયંતી ઊજવવાનું નક્કી થયું છે. તમે એ માટેની સમિતિના મંત્રી છો. એ પ્રસંગે પ્રમુખસ્થાન લેવા માટે કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિને વિનંતી કરતો એક પત્ર લખો.

૩ તમે ઊજવેલી "ગાંધી જયંતી" વિશે તમારી નાની બહેનને પત્ર લખો.

૪ બને તેટલી વિવિધ પ્રકારની નિમંત્રણપત્રિકાઓ એકઠી કરો, અને તે લખવાની પદ્ધતિનો અભ્યાસ કરો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ અઠ્ઠાવીસમો

એક બાલવીરની દૈનિક નોંધ

રવિવાર : ૧૬મી ઑક્ટોબર, ૧૯૫૦

૧. સવારે સાત વાગ્યે ગામ બહાર આંબાવાડીમાં અમારી આખી ટુકડી ભેગી મળી. અમારા શિક્ષક પણ હાજર હતા.

૨. ખીંટીઓ ઠોકી બે તંબૂઓ તૈયાર કર્યા અને તેમાં સામાન ગોઠવીને મૂક્યો.

૩. ધ્વજવંદન અને પ્રાર્થના પછી દિવસના કાર્યક્રમની માહિતી ને સૂચનાઓ અપાઈ. પછી થોડો નાસ્તો કર્યો.

૪. બાલવીરો જુદી જુદી ટુકડીમાં વહેંચાઈ ગયા. થોડા રસોઈની તૈયારીમાં રોકાયા; થોડા લાકડાં લેવા ગયા; થોડા પાણી લેવા ગયા; થોડાએ આજુબાજુની જગ્યા સાફ કરી.

૫. મને રાંધવાનો શોખ હોઈ હું એ ટુકડીમાં રહ્યો. ખીચડી, શાક અને કઢી બનાવ્યાં.

૬. સાડા અગિયાર વાગ્યે બધા આનંદથી જમ્યા. અમારી રસોઈ બધાને ગમી તેથી અમને આનંદ થયો.

૭. ભોજન પછી આરામ કર્યો. કેટલાક બાલવીરો જુદી જુદી રમતો રમ્યા. કોઈક ગાયન ગાવા લાગ્યા તો કોઈ વાતો કરવા લાગ્યા.

૮. અઢી વાગ્યે ઊઠીને લીંબુનું શરબત બનાવ્યું. શરબત પીને જુદી જુદી ટુકડીઓ આજુબાજુના પ્રદેશનું નિરીક્ષણ કરવા ઊપડી. દરેક ટુકડીએ પોતાની નોંધ રજૂ કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. અમારી ટુકડી દૂર આવેલાં ખંડિયેર તરફ ગઈ. ખંડિયેરનું બારીકાઈથી અવલોકન કર્યું. જૂનાં દેવળોનાં ખંડિયેર હોય એમ લાગ્યું. કારીગરી સુંદર હતી. પણ ઘણી મૂર્તિઓ ભાંગેલી હાલતમાં હતી. મંદિરથી થોડે દૂર એક તૂટેલી પ્રતિમાના માથાનો ભાગ એક બાલવીરને મળ્યો.

૯. છ વાગ્યે બધી ટુકડીઓ પાછી ફરી. બાલવીરોની સભામાં જુદી જુદી ટુકડીએ પોતાનો હેવાલ રજૂ કર્યો. અમે પણ અમારો હેવાલ રજૂ કર્યો. અને પ્રતિમાનો ટુકડો બધાને બતાવ્યો. શાળાના સંગ્રહસ્થાનમાં એ મૂકવાની શિક્ષકની સૂચના અમારી ટુકડીએ આનંદથી સ્વીકારી.

૧૦. ૮ વાગ્યે વાળુ કર્યું ને "કૅમ્પ-ફાયર"ની તૈયારી કરી. અમારી ટુકડીએ એક નાનકડી નાટિકા રજૂ કરી. બીજી એક ટુકડીએ ગાયનો ગાયાં. રાતે દસ વાગ્યે કાર્યક્રમ પૂરો થયો. રાત્રે કૅમ્પની ચોકી કરવાના વારા બંધાયા. મારે બેથી ચારના સમયમાં ચોકી કરવાની હતી. બીજા દિવસના કાર્યક્રમનો વિચાર કરતા અમે તંબૂમાં સૂઈ ગયા.

સ્વાધ્યાય

૧ તમે મેળો જોવા ગયા હો, તે દિવસની નોંધ લખો.

૨ તમે મોસાળમાં ગયેલા. ત્યાં ગાળેલા યાદગાર દિવસની રોજનીશી લખો.

૩ રમતોની હરીફાઈમાં તમે ભાગ લીધો હોય, તે દિવસની નોંધ લખો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ઓગણત્રીસમો

મારા ગામનું મંદિર

(વર્ણનાત્મક નિબંધ)

મારું ગામ નદીને કાંઠે આવેલું છે. તે કાંઠા ઉપર જ એક પ્રસિદ્ધ મંદિર છે. એ મંદિરમાં રામ, સીતા અને લક્ષ્મણની મૂર્તિઓ છે. એટલે તે 'રામમંદિર' ના નામથી ઓળખાય છે.

આ મંદિર આજથી બસોએક વર્ષ ઉપર એક રજપૂત રાજાએ બંધાવ્યું હતું. તે સફેદ આરસનું બનાવેલું છે. તેના ઉપરના ભાગમાં સુંદર ઘુંમટ છે. તેના પર એક ધજા હંમેશાં ફરફર્યા કરે છે. ઘુંમટની ટોચ પર સોનેરી કળશ છે. તે સૂર્યના પ્રકાશમાં ચમકયા જ કરે છે. મંદિરના આગલા ભાગમાં એક મોટો ચોક છે. ચોકમાં પણ સફેદ આરસના પથ્થર જડેલા છે. ઘણી વાર ત્યાં કથા-કીર્તન થાય છે.

મંદિરની જમણી બાજુએ એક નાની દેરી છે. દેરીમાં હનુમાનજીની મૂર્તિ છે. હનુમાનના ભક્તો દર શનિવારે હનુમાનને તેલ ચડાવવા આવે છે.

મંદિરમાં દાખલ થતાં જ ત્રણ મોટા પિત્તળના ઘંટ નજરે પડે છે. લોકો મંદિરમાં દાખલ થતાં ઘંટ વગાડે છે. મંદિરનો પૂજારી મૂર્તિની આગળના ભાગમાં બેસે છે. દર્શન કરવા આવનાર લોકો પાસેથી ફળફૂલ લઈને તે મૂર્તિઓને ચડાવે છે. ઘણા લોકો મૂર્તિ આગળ પૈસા પણ મૂકે છે.

રામચંદ્રજીની મૂર્તિ સૌથી મોટી છે. તેની ડાબી બાજુએ સીતાની મૂર્તિ છે ને જમણી બાજુએ લક્ષ્મણની મૂર્તિ છે. મૂર્તિ ઘડનાર કારીગરે પોતાના ખરા દિલથી એ મૂર્તિઓ ઘડેલી લાગે છે. જાણે હમણાં બોલશે! એવી આબેહૂબ તે મૂર્તિઓ છે. તેમની બેઠકની આજુબાજુ સુંદર બારીક નકશીવાળી જાળી જડેલી છે. તેમાં સુંદર ફૂલવેલ કોતરેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંદિરના અંદરના ભાગની દીવાલો સુંદર ચિત્રો વડે શણગારવામાં આવી છે. તેમાં રામાયણના કેટલાક પ્રસંગો આબેહૂબ ચીતરવામાં આવ્યા છે. એ ચિત્રો જોતાં જ આખા રામાયણની કથા આપણી નજર સામે ખડી થાય છે.

મંદિરની ઉત્તરે ઓવારો બાંધવામાં આવ્યો છે. તેની બાજુમાં એક ચોતરો છે. ગામના ઘણા લોકો સાંજે અહીં આવીને બેસે છે. અહીંનું વાતાવરણ ઘણું શાંત અને આનંદજનક હોય છે. 'રામમંદિર' અમારા ગામની શોભારૂપ છે.

સ્વાધ્યાય

૧ તમે જોયેલા કોઈ પણ પ્રસિદ્ધ દેવાલય વિશે પચીસેક લીટીનો નિબંધ લખો.

૨ જુદા જુદા ધર્મોનાં દેવાલયો કેવાં હોય છે તે વિશે માહિતી એકઠી કરો.

૩ હિંદુસ્તાનમાં આવેલાં પ્રખ્યાત દેવાલયોની યાદી બનાવો. બને તો થોડાંનાં ચિત્રો પણ એકઠાં કરો.

૪ નીચે આપેલા મુદ્દાઓ ઉપરથી "મારા ગામનું તળાવ" એ વિષય ઉપર ચારેક ફકરા લખોઃ

(ક) તળાવ ક્યાં આવ્યું છે?—એનો દેખાવ—આકાર—પાણીનો જથ્થો—આગળપાછળની બાંધણી.

(ખ) તે કોણે અને ક્યારે બંધાવ્યું?

(ગ) એનો ઉપયોગ—નહાવા માટે—કપડાં ધોવા માટે—ખેતી માટે કે બગીચા માટે—માછલાં પકડવા માટે—ફરવાના સ્થળ તરીકે.

(ઘ) તળાવ સ્વચ્છ રાખવાં જોઈએ—એના પર આખા ગામની સુખાકારીનો આધાર—ખરાબ વાસણ કે કપડાં ન ધોવાવાં જોઈએ; લીલ થતી હોય તો કાઢી નાખવી જોઈએ. આગળપાછળનો ભાગ સ્વચ્છ રાખવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ત્રીસમો

રૂ. ૩૦ મોકલી આપવા પિતાને વિનંતી કરતો પત્ર

શુક્લતીર્થ
(ભરૂચ થઈને)
તા. ૨૧-૧૦-૧૯૫૦

વહાલા બાપાજી, બા તથા ભાઈ ઉમેશ,

તમારો કાગળ મળ્યો. વાંચી ખૂબ આનંદ થયો. મને પણ અહીં ખૂબ મઝા પડી. હવે તો રજાઓ પૂરી થવા આવી છે, એટલે મુંબઈ આવી રહેવું પડશે ને? મુંબઈ આવતાં પહેલાં અમે ભરૂચ અને સૂરત જવાનાં છીએ. મારી પાસે જે પૈસા હતા તે હવે પૂરા થવા આવ્યા છે. તેથી મારે બીજા રૂ. ૩૦ની જરૂર પડશે. માટે આ પત્ર મળેથી મને રૂ. ૩૦ જરૂર મોકલી આપશો. તમારે બધાંને માટે સૂરતની મીઠાઈ પણ લેતી આવીશ. ઉમેશને માટે સૂરતથી નાનખટાઈ અને બિસ્કિટ લાવવાનું પણ મને યાદ છે.

ગયે અઠવાડિયે અમે સૂરપાણનો ધોધ જોઈ આવ્યાં. કેવો સુંદર ધોધ છે! મને તો ત્યાંથી પાછા ફરવાનું જરાયે ગમ્યું નહિ. વળી હોડીમાં સહેલ કરવાની પણ ખૂબ મઝા પડી. ગઈ કાલે શંકરકાકાની વાડીએ ગયાં હતાં. શંકરકાકાએ અમને ખૂબ આનંદ કરાવ્યો. આખો દિવસ મઝા કરીને છેક સાંજે અમે પાછાં ફર્યાં. શંકરકાકા તમને બધાંને બહુ યાદ કરતા હતા. આવતી કાલે કમળામાસીને ત્યાં મારે જમવા જવાનું છે.

તમે બધાં મઝામાં હશો. કાગળનો જવાબ લખશો અને જલદીથી પૈસા મોકલી આપશો.

લિ૦
સરોજના પ્રણામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧ ઉપરના પત્રનો જવાબ સરોજના પિતાની વતી ઉમેશ લખે, એ રીતે લખો.

૨ સરોજના પિતા તેને રૂ. ૩૦ કેવી રીતે મોકલી શકે? ટપાલ ખાતાની 'પૉકેટ ગાઇડ' માંથી આ વિશે માહિતી મેળવો.

૩ સૂરપાણનો ધોધ ક્યાં આવ્યો? એ વિશે થોડી માહિતી એકઠી કરો.

૪ આગગાડીમાં તમે કરેલી મુસાફરીનું વર્ણન તમારા મિત્રને પત્રમાં લખો.

પાઠ એકત્રીસમો

ચર્ચાસભા

આપણા વિચારો બીજાને સમજાવવા માટે આપણે ઘણી વાર ચર્ચા કરવી પડે છે. એક એક મુદ્દો લઈ તેનો અર્થ સમજાવવો પડે છે. દલીલ કરવી પડે છે. દાખલા આપવા પડે છે. કોઈ વસ્તુ વેચવી કે ખરીદવી હોય ત્યારે આવી ચર્ચાનો અનુભવ થાય છે. તેવી જ રીતે, ઠરાવેલા નિયમો પ્રમાણે ચાલતી વેપારી પેઢીઓમાં, સહકારી મંડળીઓમાં, મ્યુનિસિપાલિટીઓમાં અને ધારાસભાઓમાં વિવિધ પ્રકારના વિષયો ઉપર પદ્ધતિસર ચર્ચાઓ થાય છે. આજકાલ દરેક ધંધાનાં મંડળો સ્થપાય છે. તેથી નાના મોટા સૌને ચર્ચા કરવાની જરૂર પડે છે. એટલે જેમ આપણે વાંચતાં લખતાં શીખીએ છીએ તેમ સભા સમક્ષ ચર્ચા કરતાં શીખવાની પણ જરૂર છે.

ચર્ચા કરતાં શીખવા માટે દરેક વર્ગમાં ચર્ચાસભા યોજવી જોઈએ. વર્ગનો દરેક વિદ્યાર્થી એનો સભ્ય ગણાય. એ ચર્ચા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સભાનું કામ પદ્ધતિસર ચાલે તે માટે બધા સભ્યોએ મળીને થોડાક નિયમો ઘડવા જોઈએ અને તેમનું દરેકે વફાદારીથી પાલન કરવું જોઈએ. એક વિદ્યાર્થીની ચૂંટણી કરી તેને ચર્ચાસભાનો મંત્રી નીમવો. તે નિયમો પ્રમાણે કામ ચલાવે. મહિનામાં ઓછામાં ઓછી એક વાર ચર્ચાસભા ભરાય અને તે માટે વર્ષના સમયપત્રકમાંથી એક સમય મળે એવો રિવાજ રાખવો.

મંત્રીએ વર્ગશિક્ષકની સલાહ લઈ ચર્ચા માટે વિષય નક્કી કરવો અને તેની જાહેરાત કરવી. વિષય એવો જોઈએ કે તેની તરફેણમાં તેમ જ વિરુદ્ધમાં દલીલો થઈ શકે. જે તરફેણમાં બોલે તે તરફેણપક્ષ અને વિરુદ્ધમાં બોલે તે વિરુદ્ધપક્ષ કહેવાય છે. એક સમયમાં ૩૦ થી ૩૫ મિનિટ મળે. તેમાં આઠ વિદ્યાર્થીઓ બોલી શકે: ચાર તરફેણપક્ષમાં અને ચાર વિરુદ્ધપક્ષમાં. બોલનારે પોતાનાં નામ મંત્રીને અગાઉથી નોંધાવવાં જોઈએ. કયા પક્ષમાં પોતે બોલશે તે પણ નોંધાવવું જોઈએ. બંને પક્ષના પ્રથમ વક્તાનાં નામ વિષયની સાથે જ જાહેર થવાં જોઈએ. બાકીનાં નામ ચર્ચાસભા ભરાય ત્યારે જાહેર થાય તો ચાલે.

સભાનું કામ પદ્ધતિસર ચાલે તે માટે હાજર રહેલાઓમાંથી એક જણને પ્રમુખ નીમવા. બને તો પ્રમુખનું નામ અગાઉથી જાહેર કરવું. શરૂઆતમાં કોઈ શિક્ષકને પ્રમુખ નીમવા. પાછળથી વિદ્યાર્થી પણ પ્રમુખ બની શકે. પ્રમુખની રીતસર ચૂંટણી કરવી.

ચર્ચાનો વિષય પ્રસ્તાવ એટલે ઠરાવના રૂપમાં પ્રમુખ વાંચી સંભળાવે અને તેનો અર્થ સમજાવે. પછી તરફેણપક્ષના પ્રથમ વક્તાને તેઓ બોલવાની સૂચના કરે. પ્રથમ વક્તા ચાર–પાંચ મિનિટ સુધી બોલી શકે. તે પછી વિરુદ્ધપક્ષનો પ્રથમ વક્તા એટલો જ સમય લઈ બોલી શકે. ત્યાર પછી એક વખત તરફેણમાં અને એક વખત વિરુદ્ધમાં—એમ વારાફરતી પ્રમુખ જેનાં નામ બોલે તેણે બોલવાનું. દરેક જણને બેત્રણ મિનિટ એ માટે મળી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા વક્તાઓ બોલી રહે ત્યાર પછી તરફેણપક્ષનો પ્રથમ વક્તા વિરોધપક્ષની દલીલોના રદિયા આપે. કોઈ વખત પ્રમુખની રજાથી વિરોધપક્ષનો પ્રથમ વક્તા પણ એવા રદિયા આપી શકે. છેવટે પ્રમુખ એ ચર્ચા ઉપર સભાના મત લે અને ઠરાવ પસાર થયો કે ઊડી ગયો તેનો નિર્ણય જાહેર કરે. પછી પ્રમુખ પોતે એ વિષે પોતાના વિચારો જણાવે. પ્રમુખનું ભાષણ પૂરું થાય, એટલે મંત્રી પ્રમુખનો તેમ જ બોલનાર-સાંભળનાર સૌનો આભાર માને. એમ ચર્ચાસભાનું કામ પૂરું થાય.

સ્વાધ્યાય

૧ ચર્ચા કરતાં શા માટે શીખવું જોઈએ?
૨ ચર્ચાસભાની યોજના સમજાવો.
૩ ચર્ચાસભામાં કોણ કોણ બોલે? તે દરેકને શું શું બોલવાનું આવે? તેમને કેટકેટલો સમય મળે?—આ વિગતો આકૃતિ દોરીને બતાવો.
૪ પ્રસ્તાવ એટલે શું? ચર્ચાનો વિષય પ્રસ્તાવના રૂપમાં શાથી હોવો જોઈએ?
૫ પ્રમુખ અને મંત્રીની ચૂંટણી કેવી રીતે થાય તે સમજાવો.
૬ પ્રમુખ અને મંત્રીની ફરજો ગણાવો.
૭ ચર્ચાસભાના મંત્રી તરીકે કોઈ એક પ્રસ્તાવની વિગતવાર જાહેરાત તૈયાર કરો.

●

પાઠ બત્રીસમો

ચર્ચાની તૈયારી—(૧)

[૧]

ચર્ચાસભામાં બોલવા માટે અગાઉથી તૈયારી કરવી જોઈએ. તે માટે પ્રસ્તાવનો અર્થ બરાબર સમજીને તેની તરફેણમાં કે વિરુદ્ધમાં બોલવાના મુદ્દાની નોંધ કરવાની ટેવ પાડવી જોઈએ. અને તો પોતાનું ભાષણ અગાઉથી લખી કાઢવું. તેને સુધારવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બેચાર વખત તે વાંચી જવું. આપણી દલીલો સાંભળનારને ગળે ઊતરે તેવી સ્પષ્ટ અને સંગીન છે કે નહિ તેની ખાતરી કરવી. જ્યાં સ્પષ્ટતા ન હોય ત્યાં દાખલા આપીને સમજાવવું. બધી દલીલો એક પછી એક ક્રમ પ્રમાણે ગોઠવવી. એક જ દલીલ ફરી ફરી ન બોલાય તેની કાળજી રાખવી. આપણને બે કે ચાર મિનિટનો સમય મળવાનો હોય, તેટલામાં આપણે અસરકારક ભાષણ કરી શકીએ, તે પ્રમાણે તૈયારી કરવી જોઈએ. પ્રથમ વક્તાએ તો આવી તૈયારી ખાસ કરવી જોઈએ.

સભામાં લખેલું ભાષણ વંચાય નહિ. પણ જરૂર પડયે એમાં જોઈ શકાય. અગાઉથી તૈયારી કરી હોય, છતાં સભાનું વાતાવરણ જોતાં આપણા વિચારો બદલવા પડે. અગાઉના વક્તાની દલીલોના રદિયા આપવા પડે. એને માટે મનને તૈયાર રાખવું અને સંજોગો જોઈ હાજરજવાબીથી વર્તવું. માત્ર ગોખેલું બોલવું નહિ. વિરોધીની દલીલોનો રદિયો આપતાં વિનોદ કરી શકાય, પણ વિવેક કે સભ્યતા ન ચુકાય. પ્રસ્તાવ પસાર થાય કે ઊડી જાય, તો પણ સામા પક્ષ માટે તિરસ્કાર કે ક્રોધ ન બતાવાય. જેમ રમતની હરીફાઈમાં હારજીતને મહત્ત્વ નહિ આપતાં ખેલદિલી સાચવવાની હોય છે, તેમ જ ચર્ચામાં પણ સમજવું.

ચર્ચાસભામાં કેમ બોલવું અને વર્તવું, એ જાણવા જાહેર સંસ્થાઓમાં થતી ચર્ચાઓ જોતાં રહેવું.

[૨]

ચર્ચા માટે મુદ્દાઓની નોંધ કેવી રીતે કરવી, તે બતાવવા એક નમૂનો નીચે આપ્યો છે :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવ : "વર્ગમાં મોડા આવનારનો દંડ થવો જોઈએ."

ચર્ચાના મુદ્દાની નોંધ

તરફેણમાં	વિરુદ્ધમાં
૧. વારંવાર ટોકવા છતાં ઘણા મોડા આવે છે. તેથી આ પ્રસ્તાવની જરૂર છે.	૧. આપણી શાળામાં દંડ કરવાનો રિવાજ નથી. તેથી આ પ્રસ્તાવ અસ્થાને છે.
૨. કામ શરૂ થયા પછી, વિદ્યાર્થીઓ વર્ગમાં દાખલ થવાથી કામમાં ખલેલ થાય છે.	૨. મોડા આવનારથી ખલેલ થાય છે, એ સાચું નથી. દાખલ થતી વખતે રજા માગવાની પદ્ધતિ રદ્દ કરવામાં આવે તો ખલેલ થાય નહિ.
૩. વર્ગમાં મોડા આવવાથી વિદ્યાર્થીનું ભણતર બગડે છે. એક વખત કચાશ પડે છે એટલે આગળના પાઠમાં રસ પડતો નથી. તેથી વિદ્યાર્થી બેદરકાર બને છે. આવું ન બને તે માટે વિદ્યાર્થીને નિયમિત હાજર રહેવાની ફરજ પાડવી જોઈએ. દંડનો નિયમ કરવાથી આ હેતુ સધાશે.	૩. વિદ્યાર્થી વર્ગમાં મોડો આવે, તેથી તેનું ભણવાનું બગડે. એ જ એનો દંડ છે. તેથી વધારે દંડની જરૂર નથી.
૪. દંડ કરવાથી વિદ્યાર્થીનાં માબાપને તેની અનિયમિતતાની ખબર પડશે. તેથી માબાપો જાગ્રત થશે અને મોડા આવનાર ઓછા થશે.	૪. વિદ્યાર્થીનો દંડ કરવો તે તેનાં માબાપનો દંડ કરવા બરાબર છે. એ યોગ્ય નથી. માટે બીજો કોઈ ઉપાય યોજવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. કેટલાક વિદ્યાર્થીઓ ઘેરથી વહેલા નીકળી રસ્તામાં રમત કરતા ચાલે છે. કેટલાકને ઘેરથી જ મોડા નીકળવું પડે છે. આવા વિદ્યાર્થીઓની અનિયમિતતાની ખબર એમનાં માબાપને આપવા છતાં તેની કશી અસર થતી નથી. તેથી આ પ્રસ્તાવ સૌના હિત માટે પસાર થવો જોઈએ.

૫. દંડ કરવાનો નિયમ જરૂરી છે કે કેમ તેની ખાતરી કરવા એક અઠવાડિયા સુધી મોડા આવનારની નોંધ રાખવી. કોણ કોણ મોડા આવે છે, શાથી મોડા આવે છે, વગેરે વિગતો નોંધવી. તે આ સભા સમક્ષ રજૂ કરવી. તે ઉપર વિચાર કર્યા પછી જ આ પ્રસ્તાવ ઉપર ચર્ચા કરી શકાય. માટે હાલ આ પ્રસ્તાવ રદ કરવો.

સ્વાધ્યાય

૧ પ્રથમ વક્તા તરીકે ચર્ચાની તૈયારી કેવી રીતે કરશો ?

૨ તમે સાંભળેલી કોઈ ચર્ચા વિશે નિબંધ લખો.

૩ નીચેના પ્રસ્તાવોની તરફેણમાં કે વિરુદ્ધમાં બોલવા માટે મુદ્દાની નોંધ તૈયાર કરો :—

(ક) વિદ્યાર્થીઓને સિનેમા જોવાની મનાઈ કરવી જોઈએ.

(ખ) ગામડાના લોકો શહેરના લોકો કરતાં વધારે મહેનતુ હોય છે.

૪ તમારા વર્ગની ચર્ચાસભા માટે ત્રણ પ્રસ્તાવ સૂચવો.

*

પાઠ તેત્રીસમો

ચર્ચાની તૈયારી—(૨)

[૧]

ગયા પાઠમાં આપેલા મુદ્દા ઉપરથી તૈયાર કરેલાં ભાષણોના નમૂના નીચે આપ્યા છે. તે ધ્યાનથી વાંચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફેણપક્ષના પ્રથમ વક્તાનું ભાષણ

પ્રમુખ મહાશય તથા મિત્રો,

આપની સમક્ષ રજૂ થયેલો પ્રસ્તાવ આપણને રુચે નહિ તેવો છે. પરંતુ આપણા વર્ગનું કામ નિયમિત ચાલે અને આપણને તેનો પૂરેપૂરો લાભ મળે, તે માટે આ પ્રસ્તાવ મૂકવાની જરૂર પડી છે. શાળામાં મોડા આવવું એ સારું નથી, એ તો સૌ કોઈ જાણે છે. છતાં આપણા વર્ગમાં મોડા આવનાર દરરોજ હોય છે. શિક્ષકો એવાં ભાઈબહેનોને ટોકે છે. છતાં કોઈ જ મોડું ન આવ્યું હોય એવો એકેય દિવસ હજુ ગયો નથી. આ સ્થિતિ આપણને શરમાવે તેવી છે. તેનો ઉપાય કરવા આ પ્રસ્તાવ પસાર કરવો જોઈએ.

કામ શરૂ થયા પછી વિદ્યાર્થીઓ વર્ગમાં દાખલ થાય, તેથી શિક્ષકને તેમ જ આખા વર્ગને વારે ઘડીએ ખલેલ થાય છે. એને લીધે નક્કી કરેલું કામ પૂરું થઈ શકતું નથી. એકબે જણની અનિયમિતતાને લીધે આ રીતે આખા વર્ગને નુકસાન થાય—અને રોજ એવું બને તે ચલાવી લેવાય નહિ.

મોડા આવનારને પોતાને પણ મોડા આવવાથી ઘણું નુકસાન છે. તે શરૂઆતનું શિક્ષણ ગુમાવે છે, એટલે પાછળના શિક્ષણમાં તેને રસ પડતો નથી. એક દિવસ આમ બને, એટલે બીજે દિવસે પણ એ વિષયમાં સમજ પડે નહિ. એવા વિદ્યાર્થીઓ આગળ જતાં ભણવામાં બેદરકાર બને છે. મોડા આવનારને દંડની શિક્ષા કરવાનું ઠરાવીશું તો આ બધું અટકી જશે. તેથી એવા વિદ્યાર્થીઓને પોતાને જ લાભ થશે અને સરવાળે આખા વર્ગનું શિક્ષણ સુધરશે.

દંડ કરવાથી વિદ્યાર્થીનાં માબાપને તેની અનિયમિતતાની ખબર પડશે. તેથી માબાપ પોતે એની તપાસ કરશે. જો ઘરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજોગોને લીધે વિદ્યાર્થીને મોડું થતું હશે, તો તેમાં તરત સુધારો થશે. એમ દંડના નિયમથી વિદ્યાર્થીને નિયમિત બનવામાં મદદ થઈ શકશે.

એમ પણ બને છે કે ઘેરથી વહેલા નીકળી કેટલાક વિદ્યાર્થીઓ રસ્તામાં રમત કરતા ચાલે છે; અને કેટલાકને ઘેરથી જ મોડા નીકળવું પડે છે. આ હકીકતો માબાપોને જણાવવા છતાં તેની કશી અસર થતી નથી. તેથી ન છૂટકે દંડનો નિયમ કરવાની ફરજ ઊભી થઈ છે.

આ ઉપરથી ખાતરી થશે કે પ્રમુખ સાહેબે રજૂ કરેલો પ્રસ્તાવ હાલના સંજોગોમાં જરૂરનો છે. તે પસાર કરવાથી આખા વર્ગ ઉપર સારી અસર થશે અને મોડાં આવનાર ભાઈબહેનો આપોઆપ પોતાની કુટેવો સુધારશે. તેથી હું આશા રાખું છું કે આપ સૌ આ પ્રસ્તાવને સર્વાનુમતે પસાર કરશો.

[૨]

વિરુદ્ધપક્ષના પ્રથમ વક્તાનું ભાષણ

પ્રમુખ મહાશય, બહેનો તથા ભાઈઓ,

આપની સમક્ષ રજૂ થયેલો પ્રસ્તાવ આપણા ઉપર એક કલંકરૂપ છે. તેથી હું તેનો સખત વિરોધ કરવા ઊભો થયો છું. આપણી શાળામાં દંડની શિક્ષા કરવાનો રિવાજ ઘણાં વર્ષોથી બંધ કરેલો છે. એ રિવાજને દાખલ કરવો એ શરમભરેલું છે. એને માટે જે દલીલો કરવામાં આવી છે, તેની બીજી બાજુ તમે સાંભળશો એટલે તમને ખાતરી થશે કે આ પ્રસ્તાવ પસાર કરવો એ આપણું પોતાનું જ અપમાન કરવા બરાબર છે.

એમ કહેવામાં આવ્યું કે કામ શરૂ થયા પછી વિદ્યાર્થીઓ વર્ગમાં દાખલ થાય છે, તેથી ખલેલ થાય છે. આ તો રોજની બિના છે. એનાથી આપણે ટેવાઈ ગયેલા છીએ. મને પોતાને તો એવી કંઈ ખલેલ થતી નથી. છતાં કેટલાંક બહુ ચકોર ભેજાંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખલેલ થતી હશે! તેનું ખરું કારણ તો એ છે કે મોડા આવનારે વર્ગમાં દાખલ થવા માટે રજા માગવી પડે છે. એનાથી શિક્ષકને પોતાનું કામ અટકાવવું પડે છે અને આખા વર્ગનું ધ્યાન પેલા નવા આવનાર તરફ જાય છે. આ રજા માગવાની પ્રથા બંધ કરીએ અને મોડા આવનારને ચૂપકીથી વર્ગમાં બેસવાની છૂટ આપીએ, તો કશી ખલેલ થાય નહિ! આવો સાદો ઉપાય કરવાને બદલે દંડની જંગલી પ્રથા દાખલ કરવાની વાત થાય છે, એ નવાઈની વાત નથી?

મોડા આવવાથી ભણવાનું બગડે છે, એ કોણ નથી જાણતું? એ દંડ કંઈ ઓછો છે? માટે બીજા વધારે દંડની બિલકુલ જરૂર નથી. વળી એ દંડના પૈસા માબાપે આપવા પડે, એટલે વિદ્યાર્થીના વાંકે માબાપનો દંડ કરવાનો આ પ્રસ્તાવ છે! તેને આપણે કદી ટેકો આપવો જોઈએ નહિ.

મારી પહેલાંના વક્તાએ કહ્યું કે વારંવાર ટોકવા છતાં અને માબાપોને હકીકત જણાવવા છતાં, કશી અસર થતી નથી, તેથી આ પ્રસ્તાવની જરૂર પડી છે. એ ખરું હશે. તો પણ આ સભાએ તે એકદમ માની લેવું જોઈએ નહિ. દંડની શિક્ષા કરવાની જરૂર સાબિત કરવા માટે તો એક અઠવાડિયા સુધી મોડા આવનારની નોંધ રાખવી જોઈએ. તેઓ કેટલા મોડા આવ્યા, શાથી મોડા આવ્યા, વગેરે વિગતો એકઠી કરી, તે આ સભા આગળ મૂકવી જોઈએ. તે જાણ્યા પછી જ આગળનો વિચાર થઈ શકે.

હું આ પ્રસ્તાવનો વિરોધ કરું છું, એનો અર્થ એવો નથી કે હું મોડા આવવાની કુટેવને ઉત્તેજન આપવા માગું છું. મારો હેતુ એવો છે જ નહિ. આપણા વર્ગમાં કોઈ પણ નિયમનો ભંગ થાય એ આપણે ચલાવી લેવું જોઈએ નહિ. પરંતુ દંડની પ્રથા દાખલ કરતા પહેલાં આપણે હજાર વાર વિચાર કરવો જોઈએ.

મને ખાતરી છે કે આપ આ પ્રસ્તાવને નામંજૂર કરી આપણું સ્વમાન સાચવશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

ઉપરનાં ભાષણો વાંચવાથી સમજાય છે કે બીજા વક્તાએ પહેલા વક્તાની દલીલો તોડવા પ્રયત્ન કર્યો છે. હવે પછી જે વક્તાઓ બોલે તેમણે નવી દલીલો કરવી જોઈએ અને અગાઉના વક્તાઓની દલીલો તોડવી જોઈએ. એ રીતે પ્રસ્તાવની તરફેણમાં અને વિરુદ્ધમાં દલીલો થાય. તે સાંભળી સભા પ્રસ્તાવ વિશે પોતાનો અભિપ્રાય બાંધે અને મત આપે.

સ્વાધ્યાય

૧ આ પાઠમાં આપેલાં ભાષણો ઉપરથી ત્રીજા વક્તા તરીકે પ્રસ્તાવની તરફેણમાં બોલવા માટે તમારું ભાષણ તૈયાર કરો.

૨ ગયા પાઠના પ્રશ્ન **૩** માં તૈયાર કરેલી નોંધો ઉપરથી પ્રથમ વક્તા તરીકે બોલવા માટે એક ભાષણ તૈયાર કરો.

૩ નીચેના પૈકી કોઈ એક પ્રસ્તાવની તરફેણમાં બોલવા માટે મુદ્દા લખો :—

(ક) શાળામાં કાંતવાનું ફરજિયાત હોવું જોઈએ.

(ખ) દરેક વિદ્યાર્થીએ રોજનીશી લખવી જોઈએ.

(ગ) સૈનિક કરતાં શિક્ષક વધારે ઉપયોગી છે.

(ઘ) દેશની આબાદી માટે ઘેરઘેર ગાય પાળવી જોઈએ.

૪ નીચેના પૈકી કોઈ એક પ્રસ્તાવની વિરુદ્ધમાં બોલવા માટે મુદ્દા લખો :—

(ક) દરેક વિદ્યાર્થીએ ટોપી પહેરવી જોઈએ.

(ખ) ભારત દેશમાં ક્રિકેટની રમત ન રમાવી જોઈએ.

(ગ) છોકરાઓએ છોકરીઓની માફક ઘરકામ કરવું જોઈએ.

૫ પ્રશ્ન **૩** માં તૈયાર કરેલા મુદ્દા ઉપરથી પ્રથમ વક્તા તરીકે બોલવા માટે તમારું ભાષણ કરો.

૬ પ્રશ્ન **૪** માં તૈયાર કરેલા મુદ્દાના રદિયાની નોંધ તૈયાર કરી, તે ઉપરથી તમારું ભાષણ તૈયાર કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ચોત્રીસમો

કેટલાક અગત્યના શબ્દોની જોડણી

અક્ષાંશ
અગિયાર
અગ્નિ
અછૂત
અતિ
અતિથિ
અતિવૃષ્ટિ
અતિશય
અદ્‌ભુત
અધિપતિ
અધૂરું
અનુકૂળ
અભિકોણ
અભિનંદન
અભિમાન
અભિલાષ
અભિષેક
અમી
અરિ
અરીસો
અરુણ
અર્વાચીન
અલૌકિક
અવનિ,અવની
અશ્લીલ
અષાડ, અષાઢ
અહિંસા
અંગૂઠો
અંધાધૂંધી
આકૃતિ

આડોશીપાડોશી
આધુનિક
આપત્તિ
આબરૂ
આભૂષણ
આર્થિક
આશીર્વાદ
આશ્ચર્યચકિત
ઇચ્છા
ઇતિહાસ
ઇનામ
ઇમારત
ઇરાદો
ઇલકાબ
ઇલાકો
ઇલેક્ટ્રિક
ઇંચ
ઇંદુ
ઇંદ્રિય
ઈમાન
ઈર્ષા, ઈર્ષ્યા
ઈશાન
ઈશ્વર
ઈસવી સન
ઈંટ
ઈંડું
ઉજાણી
ઉજ્જડ
ઉત્તર
ઉત્તીર્ણ

ઉત્પત્તિ
ઉનાળો
ઉન્મત્ત
ઊગવું
ઊછરવું
ઊજળું
ઊડવું
ઊડવું
ઊતરવું
ઊધઈ
ઊન
ઊર્મિ
ઊલટી
ઊંઘ
ઊંચું
ઊંટ
ઊંડું
ઊંધું
ઋગ્વેદ
ઋતુ
ઋષિ
ઍટલૅન્ટિક
એપ્રિલ
એશિયા
એરિંગ
ઍલ્યુમિનિયમ
એંજિન
ઐચ્છિક
ઐતિહાસિક
ઐશ્વર્ય

ઑક્ટોબર
ઑગસ્ટ
ઓચિંતું
ઑફિસ
ઑસ્ટ્રેલિયા
ઔદ્યોગિક
ઔષધિ, ઔષધી
કજિયો
કટિબંધ
કબૂતર
કબૂલ
કરિયાણું
કરુણ
કર્ક
કર્ણેન્દ્રિય
કર્તવ્ય
કલિંગડ
કવિ
કસ્તૂરી
કંજૂસ
કાઠિયાવાડ
કાર્તિક
કાર્બોનિક
કાંતિ
કિરીટ
કિંમત, કીમત
કીર્તિ
કુતૂહલ
કૂચ
કૃતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃષિ	જિંદગી	દરિદ્ર	નિમિત્ત
કૃષીવલ	જીર્ણ	દલીલ	નિરભિમાન
કૌટુંબિક	જીવન	દંતૂશળ, દંતૂસળ	નિર્વિઘ્ન
ક્ષિતિજ	જુલાઈ	દિગ્વિજય	નિવૃત્તિ
ક્ષીણ	જૂન	દિલ	નીતિ
ખજૂર	જૂનું	દિલગીર	નૂતન
ખનિજ, ખનીજ	જ્ઞાતિ	દીપ	નૈઋત્ય
ખૂણો	ઝનૂની	દીપાવલિ, દીપાવલી	નૌકાપતિ
ખેલદિલી	ઝૂંસરી	દીર્ઘ	ન્યાયાધીશ
ગતિ	ટિકિટ	દુર્ગુણ	પતિ
ગિરદી	ટૂંકું	દુર્દશા	પત્ની
ગિરનાર	ઠૂંઠું	દૃષ્ટિ	પદ્ધતિ
ગુરુ, ગુરુ	ડિસેમ્બર	દેશનિકાલ	પરબીડિયું
ગ્રીષ્મ	ડૂચો	દેશાભિમાની	પરાધીન
ઘુંમટ, ઘૂમટ	ડૂંડું	દૈનિક	પરિણીત
ઘૂંટણ	ઢોલિયો	દિલ્હી	પરિસ્થિતિ
ઘ્રાણેંદ્રિય	તત્ત્વ	દ્વિજ	પરીક્ષા
ચકિત	તદ્દન	દ્વીપકલ્પ	પશ્ચિમ
ચક્રવર્તી	તપશ્ચર્યા	ધણી	પંક્તિ
ચિકિત્સા	તપસ્વી	ધણિયાણી	પારિતોષિક
ચિત્ર	તબિયત	ધાર્મિક	પિંડ
ચિરંજીવ	તિજોરી	ધ્વનિ	પુરુષ, પુરુષ
ચૂંટણી	તિથિ	નમૂનો	પૂજારી
છિદ્ર	તિરસ્કાર	નર્મદા	પૂર્વ
છૂટ	તિલક	નવનીત	પૂંજી
છેતરપિંડી	તીક્ષ્ણ	નવલિકા	પૃથક્કરણ
જતિ	તીર્થ	નાગરિક	પૃષ્ઠ
જન્મતિથિ	તીવ્ર	નાબૂદ	પૅસિફિક
જયંતી	તૃપ્તિ	નામાંકિત	પ્રકૃતિ
જર્જરિત	ત્રિપુટી	નારી	પ્રગતિ
જવાહિર	ત્રુટિ, ત્રુટી	નાવિક	પ્રતિજ્ઞા
જાતિ	થૂલું	નાસીપાસ	પ્રતિદિન
જાસૂસ	થીંગડું	નિત્ય	પ્રતિનિધિ
જિજ્ઞાસા	દક્ષિણ	નિધિ	પ્રવૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશંસા	મૂડી	વિશેષ	સરિતા
પ્રમાણિક,	મ્યુનિસિપાલિટી	વિશ્રાંતિ	સંક્ષિપ્ત
પ્રામાણિક	યહૂદી	વિંધ્ય	સંતતિ
પ્રાયશ્ચિત્ત	યાંત્રિક	વીર	સંધિ
ફળદ્રુપ	યુક્તિ	વ્રત	સંપત્તિ
ફિટકાર	યુધિષ્ઠિર	વૃત્તિ	સાથિયો
ફૂદડી	યુનિવર્સિટી	વ્યક્તિ	સારથિ
ફૂલ	રમણીય	વ્યાધિ	સિદ્ધિ
બક્ષિસ	રવિવાર	શક્તિ	સિંધુ
બિલકુલ	રશ્મિ	શનિવાર	સીમા
બિંદુ	રળિયામણું	શારીરિક	સુમતિ
બુદ્ધિ	રાત્રિ, રાત્રી	શાળોપયોગી	સૂચના
ભક્તિ	રીત	શાંતિ	સૂચિપત્ર
ભગિની	રુવાંટી, રુવાંટી	શિથિલ	સ્તુતિ
ભિક્ષા	રુપ, રૂપ, રૂપ	શિયાળો	સ્થિતિ
ભિસ્તી	લિપિ, લિપી	શિર	સ્મિત
ભીતિ	લુચ્ચું	શિશુ	સ્વામી
ભૂગોળ	લૂગડાં	શિસ્ત	સ્વીકારવું
ભૂમધ્ય	લૂમ	શીત	હજૂર
ભૂમિ	લૂટ, લૂંટ	શૂરવીર	હરિયાળું
ભૂમિતિ	લુટારો, લુંટારો	શ્મશાન, સ્મશાન	હાનિ
મણિ	વનસ્પતિ	શ્રીમાન	હાર્મોનિયમ
મતિ	વર્તણૂક	શ્રીયુત	હિજરત
મયૂર	વહીવટ	સતત	હિમાલય
મલિન	વાર્ષિક	સપ્ટેમ્બર	હિસાબ
મશગૂલ	વિકટ	સમજૂતી	હિંસા
માગશર	વિખૂટું	સમશીતોષ્ણ	હૂંડી
માઘ, માહ	વિધિ	સમિતિ	હોશિયાર
મિલકત	વિવેક	સમૂહ	હૉસ્પિટલ
મૂર્છા, મૂર્ચ્છા	વિશે, વિષે	સમૃદ્ધિ	

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક. ના.
એન્ડ સન્સ

મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ • નાણાવટ • સૂરત

કિંમત રૂ. ૧-૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar